بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

બફ્યુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-ઓક્ટોબર-૨૦૧૩**

ઝી કઅદા-ઝીલ હજ્જ

હિજરી સન : ૧૪૩૪

વર્ષ : ૧૦, અંક : ૧૦, સળંગ અંક : ૧૧૮

સ્થાપક અને પ્રકાશક
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયુઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |

માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)



## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | સુન્નિયતના હમદર્દોને બે આજીજીપૂર્ણ અપીલો ! | ૦૨ |
| ૦૨ | આપણા મદ્રસાઓની હાલત સુધારો, નહીં તો.....?! | ૦૩ |
| ૦૩ | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | ૦૭ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૦ |
| ૦૫ | કાનૂને શરીઅત | ૧૩ |
| ૦૬ | નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... | ૧૬ |
| ૦૮ | સહાબાનો ઈશ્કે રસૂલ ﷺ અકીદા..... | ૨૦ |
| ૦૯ | સ્વભાવિક અને પ્રાકૃતિક બીમારીઓ અને તેનો ઈલાજ | ૨૬ |
| ૧૦ | કુર્આની ઈલ્મના શ્રેષ્ઠ જાણકાર ચાર સહાબીઓ | ૩૧ |
| ૧૧ | ઈસ્લામ પ્રત્યેની ધૃણા જ ઈસ્લામ અંગીકારનો.... | ૩૪ |
| ૧૨ | વિશ્વના વર્તમાન હંગામાઓ યહૂદીઓની..... | ૩૭ |
| ૧૩ | કુર્બાની સંબંધિત સવાલોના જવાબો | ૪૧ |
| ૧૪ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૫ |


## હશ્રમેં કામ ન આયા કોઈ રહમત કે સિવા

અઝ : હુઝૂર મોહદ્દિષે આ'ઝમે હિંદ કછોછવી رحمۃ اللہ علیہ

નામ હી નામ હૈ જો કુછ હૈ હકીકત કે સિવા
રાસ્તા કોઈ નહીં ઉનકી શરીઅત કે સિવા
કુછ નહીં હૈ મેરી ઈસ હસ્તીએ બે બુદકી બુદ
ખ્વાબે ગફલત કે સિવા, વહમકી ઈલ્લત કે સિવા
સચ તો યે હૈ, 'યહી સબકુછ હૈ' કે કુછ ભી ન રહે
તલબો તાલિબો મત્લૂબ મેં વહદત કે સિવા
ગૈર મુમકિન હૈ કે ઝાહિર હો મઝાહિર સે જુદા
કષરતે જલ્વા નહીં જલવએ વહદત કે સિવા
બસ ફકત વલવલએ હુબ કા તમાશા સમજો
ક્યા હકીકત હૈ મેરી ઉસકી મશિય્યત કે સિવા
પાસ સિજદે ભી થે, રોઝે ભી ઝકાતો હજ્જ ભી
હશ્રમેં કામ ન આયા કોઈ રહમત કે સિવા
તાલિબે ઝાત કહાં તાલિબે લિઝ્ઝાત હુવા
મેરી ફિરદૌસ હૈ અંગૂર કી જન્નત કે સિવા
મર્હબા મુસ્તવીએ અર્શે ઈલાહી હો કર
લામકાં કૌન ગયા હૈ મેરે હઝરત કે સિવા
દિન કો હુશિયાર રહો રાત કો બેદાર રહો
ચેન કી નીંદ કહાં મિલતી હૈ તુર્બત કે સિવા




# સુન્નિયતના હમદર્દોને

## બે આજીજીપૂર્ણ અપીલો !

રજૂકર્તા : **પટેલ શબ્બીર અલી રઝવી**
*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### [૧] હેરા ઇંગ્લિશ સ્કૂલ

મુસલમાનોએ સમય અને સંજોગ પ્રમાણે પોતાની તથા પોતાની ઔલાદની તેમજ મુસ્લિમ ઉમ્મતની દુનિયવી જિંદગી તેમજ આખેરતની જિંદગીમાં કામયાબી માટે સતત સાવધાન તથા કાર્યશીલ રહેવું જોઈએ. પહેલાં કરતાં વર્તમાન સમયમાં દીની તથા દુનિયવી બંને એજ્યુકેશનની આવશ્યક્તા વધતી જાય છે. ઔલાદની દુનિયવી પ્રગતિનો ખયાલ કરીને સ્કૂલોમાં આપણા બાળકોને એજ્યુકેશન માટે દાખલ કરીએ તો શક્ય છે કે તે દુનિયવી એજ્યુકેશનમાં પારંગત થાય પણ દીનથી દૂર થતા જોવા મળશે, જેમ કે હાઈ ડિગ્રીવાળાઓની વાતચીત, રહણીકરણીથી આપણે એ અનુભવી રહ્યા છીએ. વળી ક્યાંક તો ઈમાન માટે પણ ખતરો રહે છે, જેમ કે ગૈરોની સ્કૂલોમાં ક્યાંક ક્રોસને નમન કરવાનુ શીખવાડાય છે, તો ક્યાંક કુફ્રી ભજનો આપણા બાળકો પાસે બોલાવવામાં આવે છે. વળી બાતિલ ફિર્કાવાળાઓની સ્કૂલોમાં અહલે સુન્નત વ જમાઅત વિરૂદ્ધના પાઠ શીખવાડાય છે. આ બાબતોને સુન્ની મુસલમાનોએ ગંભીરતાથી લેવી જોઈએ કે જો એજ્યુકેશનના નામે બાળક દીન ઈમાનથી વિમુખ થઈ જાય તો એ દુનિયા સમારવા જતાં આખેરત ગુમાવવા જેવું છે ! તમારી ઔલાદ જહન્નમમાં જાય એવું તો તમે કદી નહીં જ ઈચ્છો.

આવી બાબતોને લક્ષમાં રાખીને **મદ્રસા બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે **"સુન્ની દા'વતે ઈસ્લામી"**ના **માર્ગદર્શન હેઠળ "હેરા ઇંગ્લિશ સ્કૂલ" દીની દુનિયવી તા'લીમ અર્થે** શરૂ કરવા માટે બાંધકામ શરૂ થઈ ચૂક્યું છે પણ અવામે અહલે સુન્નત તરફથી જોઈએ તેવો સહકાર નથી મળી રહ્યો. તો **જેમને અલ્લાહે દૌલત આપી છે તેઓ પોતાના તથા મર્હૂમોના સવાબ અર્થે લિલ્લાહ રકમ આપી આ દીની દુનિયવી એજ્યુકેશન માટેની સ્કૂલના માટે જરૂરથી સહકાર કરવા આગળ આવે.** અહીં સ્ટડી કરનાર બાળક ઈન્શાઅલ્લાહ ! દુનિયવી એજ્યુકેશનની સાથોસાથ સુન્ની અક઼ાઈદમાં પણ પુખ્તા થઈ જશે એવું સ્ટાન્ડર્ડ આયોજન થશે. તો સહકાર માટે આજે જ અમારો સંપર્ક કરશો. એક રૂમના સાડા ત્રણ લાખ રૂા. થાય છે.

### [૨] ફયઝાને રઝા ઈબાદતગાહ

**"ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા"** થકી ભરૂચ પાંચબત્તી સીટી સેન્ટર સામે નેશનલ ટ્રેડ સેન્ટરમાં **"ફયઝાને રઝા ઈબાદતગાહ"** ચાલે છે, ભરૂચ ડેપોથી ફાટા તળાવના ઢાળ સુધી કોઈ સુન્ની મસ્જિદ ન હોવાથી રમઝાનમાં તથા જુમ્આમાં તો ઠીક પણ હવે ઝહોર, અસર, મગરિબમાં પણ સુન્ની વેપારી વર્ગની ભીડના કારણે જગા તંગ પડે છે, ડબલ જમાઅતો થાય છે. જેથી તેની ઉપરનો સ્લેબ ૩૫ × ૭૫ ફૂટનો ખરીદી લેવામાં આવ્યો છે જેનાથી ઈન્શાઅલ્લાહ ! સુન્નીઓને કાયમ માટે રાહત થઈ જશે. તેમજ તર્બિયતી સેન્ટર તરીકે પણ એનો ઉપયોગ થશે. જેની રકમ **રૂા. ૩૦ લાખ** ચૂકવવાની છે તથા બીજા **એટલા જ બાંધકામમાં વપરાશે,** તો કોણ મર્હૂમોની બખ્શિશ માટે આ સવાબે જારીઆના કામમાં જોડાશે ?! સુન્નીઓના સાથના અમો મુન્તઝીર છીએ.

સંપર્ક કરશો : (૧) પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, **Mob. 09427464411** (૨) હાફેઝ અબ્દુર્રહીમ ભોલાવવાળા, **Mob. 09426840277** (૩) મુહમ્મદ તારિક઼ શેખ, **Mob. 09408736965** (૪) શબ્બીરભાઈ માસ્ટર મટીરયલવાળા, **Mob. 9898701009**

# આપણા મદ્રસાઓની હાલત સુધારો નહીં તો......?!

તંત્રી લેખ...

પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો ! દીન ઈમાનની સલામતી એ મો'મિનના જીવનનો મુખ્ય હેતુ છે. તમો પોતે પ્રગતિ કરીને અબજો પતિ બની જાવ કે રાજકરણમાં પ્રગતિ કરીને સરપંચ કે મિનિસ્ટર નહીં પણ આખી પૃથ્વી પર એકલા રાજ કરતા થઈ જાવ ! કે પછી દુનિયવી એજ્યુકેશનમાં પ્રગતિ કરીને વર્લ્ડના ટોચના એંજિનીયર કે ડોકટર કે મહાન વૈજ્ઞાનિક બની જાવ ! જગતભરના લોકોના સલાહકાર બની જાવ એટલા બુદ્ધિ કૌશલ્યવાળા થઈ જાવ ! પણ જો દીન ઈમાનમાં પુખ્તા નથી, "અહલે સુન્નત વ જમાઅત" પર મજબૂતીથી જામેલા નથી તો સમજી લો કે આ સર્વ વાહ વાહની બૂમો તથા બાહ્ય ચળકાટ તથા ભપકો ફક્ત આંખો ઉઘાડી છે ત્યાં સુધીનો જ છે ! ઈમાન વિના દુનિયાના સેવક, સમાજમાં લોકલાડીલા અને સૌના વહાલા ભલે થઈ જાવ પણ અલ્લાહના પ્યારા થઈ શકવાના નથી ! આખેરતમાં નજાત તથા બખ્શિશ કેવળ અને કેવળ મો'મિનની જ થશે, ઈમાન વિના દુનિયાથી જનાર હમેશાંની જહન્નમમાં પીડાતો રહેશે. જન્નતમાં ઈમાનવાળા જ જશે ત્યારે તેને જોઈને તે અફસોસ કરશે કે કાશ ! અમે પણ ઈમાનવાળા હોતા ! પણ ત્યારનો અફસોસ કાંઈ કામ આવશે નહીં ! ત્યાં સદાય પસ્તાવો તથા હાય હાય કરશે પણ કોઈ રીતે છૂટકારો થશે નહીં. (કુર્આન મજીદ) માટે અત્યારથી ચેતી જાવ ! ખતરાની ઘંટી વાગી રહી છે તેના તરફ કાન ધરો અને તમારા આખેરતને સમારવાની ચિંતામાં લાગી જાવ !

### ★ દીન ઈમાનની તા'લીમનું પ્રથમ પગથિયું મદ્રસા (મક્તબો) જ છે ★

દીન ઈમાનની તા'લીમ માટે પ્રથમ પાયો પ્રાથમિક મદ્રસા (મક્તબો) છે, અહીં જ મુસલમાનનું બાળક ઈસ્લામનો કલમો શીખે છે, અહીં જ બાળક કુર્આન પઢતાં શીખે છે, અહીં જ બાળક અલ્લાહ વિશે, રસૂલ વિશે, વલી વિશે, ફરિશ્તા, ક઼બ્ર, ક઼યામત, જન્નત, જહન્નમ વિશે કેવી માન્યતાઓ (અક઼ીદા) હોવી જોઈએ તે શીખે છે, અહીં જ ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ (ઈસ્લામી સંસ્કૃતિ)ની તા'લીમ તથા ઈસ્લામી સંસ્કારનું સીંચન બાળકોમાં થાય છે. કેમ કે મદ્રસાએ આવતુ બાળક કોરી સ્લેટ જેવું છે એને જેવી તા'લીમ મળશે તેવું તેનું ઘડતર થશે, તેવા અક઼ીદા, સંસ્કાર તથા ઈસ્લામ પ્રત્યે આકષર્ણ નિઃઆકર્ષણ તેને રહેશે. જેથી અતિશય જરૂરી ઠર્યું કે પ્રાથમિક મદ્રસા (મક્તબો)ની તા'લીમ સ્ટાન્ડર્ડ હોવી જોઈએ. અને એના માટે મદ્રસાના સંચાલકો, ઉસ્તાદો તથા બાળકોનાં મા બાપો સર્વની સંયુક્ત જિમ્મેદારી બને છે કે મદ્રસામાં યોગ્ય નિસાબ (કોર્સ) સાથે બાળકોની દીની, ઈમાની, રૂહાની, અખ્લાક઼ી તા'લીમ તથા તર્બિયત (કેળવણી) થાય, અને તો જ મદ્રસાની પઢાઈની કક્ષા ઉપર ઉઠી શકે છે અને એમાંથી આગળ વધીને જ કેટલાક હાફિઝો, ક઼ારીઓ, આલિમો તથા મુફતીઓ ક઼ૌમને મળી શકે છે કે જેઓ અહલે સુન્નતના સિપાહી તથા રક્ષકની હૈસિયતથી જીવનભર ઝઝુમતા રહે.

### ★ મદ્રસાના સંચાલકોની લાયકાતો તથા જવાબદારીઓ ! ★

કોઈપણ પેઢી કે કંપનીનો જે સંચાલક કે મેનેજર હોય તે જો પેઢી કે કંપનીની કાર્યવાહી તથા

ગતિવિધિઓ વિશે બેપરવા થઈ જાય અને તેના સંચાલન પ્રતિ લક્ષ ન આપે તથા પેઢી કે કંપનીની પ્રગતિ માટે શું શું કરવું જોઈએ એ બાબતોથી પણ અજ્ઞાન હોય તો એ પેઢી તથા કંપની સમય જતાં ખોટમાં જશે અને દેવાળુ ફૂંકશે એ સ્વભાવિક છે. તેવી જ રીતે મદ્રસાના સંચાલકો જો નિખાલસપણે દીન તથા સુન્નિયતની લાગણી તથા ફિકર રાખીને રબને રાજી કરવાની નિય્યતે મદ્રસામાં શું ચાલે છે ? મદ્રસાનો કોર્સ કેવો છે ? મદ્રસામાં પઢાઈની કક્ષા ઊંચી લાવવા શું કરવું જોઈએ ? શું ખામીઓ છે અને તેને દૂર કરવા શું કરવું જોઈએ ? ઉસ્તાદો તથા બાળકો નિયમિત સમયસર મદ્રસામાં આવે છે કે નહીં ? પઢાઈમાં બરાબર ધ્યાન આપે છે કે નહીં ? પઢાઈ દરમ્યાન ઉસ્તાદો તથા તલબાની એક્ટિવિટી શું છે ? વગેરે બાબતોથી બેપરવા રહે તો તે મદ્રસાની તથા તલબાની ખુદા ખૈર કરે !

જેથી દરેક મદ્રસાનો સંચાલક સૌ પ્રથમ તો પુખ્તા સુન્ની હોવો જોઈએ, **કમિટીનો કોઈ મેમ્બર પણ અહલે સુન્નત વ જમાઅત સિવાયનો ન હોવો જોઈએ.** બીજું કે તે મદ્રસાના સંચાલનમાં એટલા માટે જ રહે કે દીન તથા સુન્નિયતની રક્ષા માટે શક્ય તે પ્રયાસ કરે કે રબની રઝા હાંસલ થાય. પોતાની વાહ વાહ હોદ્દા કે નામના કે પ્રભાવ માટે નહીં. ઈલ્મ તથા ઉલમાની કદર સમજનારો હોવો જોઈએ, નહીં તો કાબેલ તથા લાયકાતવાળા ઉસ્તાદો ત્યાં ટકી શકશે નહીં. મદ્રસાની દેખરેખ માટે ચોક્કસ સમય ફાળવી શકે એવો હોવો જોઈએ, નહીં તો મદ્રસાની સ્થિતિથી ગાફેલ રહેશે જે મદ્રસાની પ્રગતિ તથા સલામતી માટે નુકસાનકારક છે. સંચાલકોએ અવારનવાર ઉસ્તાદોથી મીટિંગ રાખવી જોઈએ અને મદ્રસાની પઢાઈ સંબંધી ચર્ચા વિચારણા તથા આયોજનો કરવાં જોઈએ, ઉસ્તાદોની તકલીફો તથા મશ્વરાઓ પણ સાંભળવા જોઈએ અને ઘટતાં પગલાં લેવાં જોઈએ જેથી તેમનામાં પણ તા'લીમ સંબંધે ઉત્સાહ જાગૃત થશે જે મદ્રસાની પ્રગતિનો સબબ બનશે. સંચાલક મદ્રસાને "અહલે સુન્નતની અમાનત" સમજે અને પોતાને "અમીન" સમજીને ઈમાનદારીથી જે કરે તે દીનો સુન્નિયતની ભલાઈમાં કરે. અને જો નફ્સપરસ્તીમાં કે નિષ્કાળજીમાં મદ્રસાની પ્રગતિ રુંધાશે તો કયામતમાં તેનો જવાબ આપવા તે બંધાયેલો છે એને ન ભૂલે, એને મામૂલી કામ ન સમજે.

## ★ મદ્રસાના ઉસ્તાદમાં શું ખૂબીઓ હોવી જોઈએ ? ★

મદ્રસાના ઉસ્તાદ પાસે મા બાપ પોતાનાં વહાલાસોયા બાળકોને ઘણી જ ઉમ્મીદ સાથે દીન શીખવા માટે મોકલે છે, જેથી જે ચીજ એમની પાસે શીખવા બાળક આવે છે તે ચીજ એટલે "દીનદારી" ઉસ્તાદમાં હોવી અનિવાર્ય છે. તેમજ ઉસ્તાદ અહલે સુન્નત વ જમાઅત પર મજબૂત અકીદાવાળો, સુન્નિયતની લાગણીવાળો તથા સર્વ બાતિલ ફિર્કાઓને "કાફિર" જાણનારો હોવો જોઈએ, તો જ તે બાળકને ગળથુથીમાં સુન્નિયત પીવડાવી શકશે. ઉસ્તાદ બદ્મઝહબ કે સુલેહકુલ્લી હશે તો બાળક પર એની જ અસરો છોડશે. કહેવત છે કે "કૂવામાં હોય તે હવાડામાં આવે" તેમ ઉસ્તાદ પુખ્તા સુન્ની હશે તો બાળકોને પુખ્તા સુન્ની બનાવશે જેનાથી એક પેઢી સુન્નિયત પર કાયમ થઈ જશે અને એવા ઉસ્તાદો પણ થયા છે જેમના પર શાગિર્દો ગર્વ લે છે અને જ્યારે સુન્નિયતની વિરુદ્ધ કોઈ કદમ ઉઠાવે છે તો તે વાંધો ઉઠાવીને કહે છે કે તમને ખબર છે હું ફલાણાનો શાગિર્દ છું જેમણે અમને સુન્નિયત શું છે અને બદ્અકીદા શું છે તેની ભરપુર સમજ આપેલી છે ! જેથી બાળકોના વર્ગ તથા વય તથા તેમની સમજ પ્રમાણે અકીદાની સમજ ઉસ્તાદે તેમને આપવી જોઈએ.

દરેક ઉસ્તાદની દીની ફરજ બને છે કે બાળકને કુર્આન પઢતાં શીખવાડે તો સૌ પ્રથમ દરેક હર્ફ

(અક્ષર)ના મખરજ (ઉગમ સ્થાન, ઉચ્ચાર) દુરુસ્ત કરાવે પછી જ આગળ કુર્આન પઢાવે તો આખુ જીવન એ જે કુર્આન સહીહ ઉચ્ચાર સાથે પઢશે તેનો સવાબ પણ તે ઉસ્તાદને મળશે. એના માટે અલિફ, બેની તખ્તીથી જ અલિફ, બા, તા, ષા......પદ્ધતિથી સહીહ ઉચ્ચાર શીખવાડશે તો આગળની મંઝિલો સરળ થશે. અને જો એ રીતે નહીં શીખવાડે અને બાળક ગલત કુર્આન પઢશે તો એનો જિમ્મેદાર ઉસ્તાદ પણ ગણાશે.

તદ્‌ઉપરાંત ઉસ્તાદની કેળવણીની બાળક પર જીવનભર અસર રહે છે જેથી ઉસ્તાદ સુન્નતોની, શરીઅતની પાબંદી સાથે બાળકો સાથે વર્તે. જેમ કે અમારા એક ઉસ્તાદ હતા જેમની એક આદત હતી કે ડાબા હાથ વડે કાંઈ વસ્તુ કોઈ આપે તો હાથ જ ન લંબાવતા જ્યાં સુધી તે જમણા હાથ વડે ન આપે. જેની અસર એ થતી કે સૌ કાળજી રાખતાં કે ડાબા હાથે કાંઈ લેવડ દેવડ ન થઈ જાય. તો અલ્હમ્દુલિલ્લાહ ! આજે પણ અમારી સાથે કોઈ ડાબા હાથે લેવડ દેવડ કરે તો અચુક ખબર પડી જાય છે, કોઈ ડાબે હાથે ખાય પીએ તો પણ તરત ધ્યાનમાં આવી જાય છે અને તેને સારા અંદાજમાં અમે નોટીસ કરીએ છીએ કે સુન્નત એ છે કે જમણા હાથે લેવડ દેવડ કરવી. હદીષે પાક પણ છે, જમણાના બદલે ડાબા હાથે કામ શૈતાન કરે છે. સારાંશ કે આ પ્રકારની સલામની, ખાવા, પીવા, સૂવા,બોલચાલ વગેરે સુન્નતો તથા સારા અખ્લાક઼ સાથે ઉસ્તાદ વર્તે તો બાળકોનું ઈસ્લામી ઘડતર થશે જે એના માટે પણ આખેરતના ભાથા સમાન થશે.

ઉસ્તાદ સમયસર મદ્‌રસામાં હાજર રહે તથા બાળકો સાથે પણ સભ્યતાથી વર્તે, તુચ્છકારપૂર્વક તથા ઉદ્ધત વર્તન બાળકો સાથે ન કરે, કોઈ બાળકનું જાહેરમાં અપમાન ન કરે, સબક ન આવડે તો ઉતારી ન પાડે બલ્કે બાળક પ્રોત્સાહિત થાય તેવો વર્તાવ કરે. પઢાઈ દરમ્યાન સાથી ઉસ્તાદો સાથે અથવા મોબાઈલ પર ફોગટ વાતચીતમાં સમય પસાર ન કરે બલ્કે નિષ્ઠાપૂર્વક પઢાઈ કામ ચાલુ રાખે.

### ★ બાળકોના માબાપોની જિમ્મેદારીઓ તથા ફરજો ★

ઘણે ઠેકાણે એવું બને છે કે બાળકના દુનિયવી શિક્ષણ બાબતે માબાપ ખૂબ જ ચિંતિત હોય છે, તેના માટે પુસ્તકો, યુનિફોર્મ, સ્કૂલે જવા આવવા સાધનની વ્યવસ્થા વગેરે ખર્ચા કરીને બાળકને સમયસર સ્કૂલે રવાના કરે છે. જ્યારે દીની તા'લીમ પ્રત્યે આવી ચિંતા નથી રાખવામાં આવતી. એવા પણ સ્થળો છે કે અમો એકવાર ''ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા'' હેઠળ ચાલતા મદ્‌રસાની વિઝિટમાં નીકળેલા તો એક જગાએ પહોંચ્યા તો સાડા સાત વાગેલા અને મદ્‌રસામાં કેવળ ત્રણ બાળકો હતાં. મદ્‌રસાની કુલ સંખ્યા ત્રીસની હતી અને મદ્‌રસાનો સમય સાતથી નવનો હતો. મુદર્રિસને પૂછતાં જણાવ્યું કે માબાપો બાળકોને જલ્દી નથી મોકલતાં તો શું કરીએ ? આવુ ઘણે ઠેકાણે બને છે. તો માબાપે પણ બાળકોને વ્યવસ્થિત કરીને સમયસર મોકલવાં જોઈએ તેમજ બાળક શું પઢે છે, શું શીખે છે તેની નોંધ રાખી તેને ઘરે પણ નિયમિત પઢવા બેસાડવું જોઈએ. બાળકની પાછળ અમુક સમય કાઢીને કલ્મા, દુઆઓ, મસ્અલાની પૂછતાછ કરીને ક્યાંક ઈનામ આપીને તેને પ્રોત્સાહિત કરવું જોઈએ. આવી કાળજી લેવામાં આવશે તો તેની પ્રગતિ પણ પઢાઈમાં શું છે તે જણાશે તેમજ બાળકને પણ શોખ પેદા થશે. બાળકને માટે જરૂરી કિતાબો, કુર્આન શરીફ વગેરેની વ્યવસ્થામાં ઢીલ ન કરે અને ઉસ્તાદને પણ માનપૂર્વક મળીને બાળકની પઢાઈ વિશે ચર્ચા કરે. કદીક ઉસ્તાદ બાળકને શિક્ષા કરે તો તેમનુ અપમાન કરવા ન દોડી જાય બલ્કે બાળકને મહેનત કરવા સમજાવે, સારાંશ કે બાળકની દીની પઢાઈ સંબંધી જરૂરથી ધ્યાન રાખે.

## ★ મદ્રસાઓના માટે માલી કુર્બાનીમાં સુસ્તી ન કરો ? ★

આજે કેટલાક ઠેકાણે અજબનો માહોલ જોવા મળે છે કે આજે એક એક મુદર્રિસ પાસે ૫૦–૫૦, ૬૦–૬૦ બલ્કે એથી પણ વધુ બાળકો પઢતાં હોય છે ! તો તમો જાતે જ વિચારો કે એ બાળકોને સાચવશે કે પઢાવશે ? આટલાં બધાં બાળકોને એકલો સબક જ કઈ રીતે આપશે ? વધુ મુદર્રિસો રાખવા બાબતે બહાનું એ દર્શાવાય છે કે અમારું ગામ ગરીબ છે કે આબાદી ગરીબ છે જેથી કોઈ આવક થતી નથી ! જ્યારે એ જ ગામ મહોલ્લાવાળાઓ મુહર્રમમાં નાજાઈઝ કામ, હરામ કામ એવા વર્તમાન તાઝિયાદારી માટે હજારોના ફંડફાળા એકત્ર કરી ખર્ચી કાઢતા હોય છે. તેમજ બુઝુર્ગાને દીનના ઉર્સના મોકાઓ પર હજારોની ન્યાઝો, જલસા, જુલૂસ વગેરેમાં ખર્ચવામાં આવે છે. આ ખર્ચાઓમાં અતિશયોક્તિ કરી દેવામાં આવે છે. ન્યાઝ કરવી જોઈએ, એ જાઈઝ છે પણ એ જ બુઝુર્ગના સવાબ અર્થે મદ્રસામાં કાંઈ આપવાથી લોકો કતરાય છે, જ્યારે કે સુન્ની મદ્રસા બધી રીતે સલામત રહેશે તો બાળકો દીન પર રહી શક્શે, બુઝુર્ગોના ચાહવાવાળા રહી શક્શે, અહલે બયતે અત્હારના ચાહવાવાળા રહેશે. (ઈન્શાઅલ્લાહ !)

વળી ઉસ્તાદોના પગારોનું ધોરણ તદન મામૂલી હોય છે જેના કારણે સારા મુદર્રિસો રહેવા તૈયાર નથી થતા જેથી મદ્રસાની કક્ષા ઉઠી શક્તી નથી. જ્યારે બાતિલ ફિર્કાવાળા સઘળુ જોર મદ્રસાઓના સંચાલન પાછળ લગાડે છે, આલીશાન મદ્રસા બનાવે છે, ભરપુર મુદર્રિસો રાખે છે અને એવો પ્રભાવ ખડો કરે છે કે પઢાઈ તો અમારે ત્યાં જ થાય છે ! જેના કારણે અસંખ્ય સુન્નીઓનાં બાળકો તેમના ત્યાં પઢવા જાય છે અને છેવટે જેવો ઉસ્તાદ તેવા શાગિર્દ બને છે અને સુન્નિયતથી મહોલ્લાના મહોલ્લા નીકળી જાય છે.

અમને યાદ છે કે એક જગાએ એક સોસાયટીમાં ૬૦ મકાનો હતાં તેમાં બે ઘર દેવબંદીનાં હતાં. તો ૫૮ સુન્ની ઘરવાળાઓમાંથી નહીં પણ તે બે ઘરવાળામાંથી એક જણે ઘરમાં મદ્રસો શરૂ કરી આપ્યો, તો સર્વ સુન્ની છોકરાં ત્યાં પઢવા જવા લાગ્યાં ! છેવટે ત્યાં દેવબંદીઓએ મસ્જિદ પણ બનાવી કાઢી અને આજે મોટાભાગના લોકો એમના જેવા થઈ ગયા ! આવા તો અનેક દૃષ્ટાંતો જોવા મળશે. એટલે અમે કહીએ છીએ કે લાખોની ન્યાઝો ભલે કરો પણ સાથોસાથ મદ્રસાઓ માટે પણ તેમાંથી કાંઈક રકમ ફાળવો અને મદ્રસાની કક્ષાને સારા તથા અધિક મુદર્રિસો રાખીને ઊંચે લાવો, નહીં તો દિન પ્રતિ દિન લોકો સુન્નિયતથી વિમુખ થતા જશે. ફક્ત જોશ તથા જઝબાતમાં નારાબાજી, જલસા, જુલૂસ અને ન્યાઝોના પ્રોગ્રામો પાછળ ખર્ચા કરીને એક સુન્ની તરીકેની ફરજથી તમે મુક્ત ન થઈ જાવ, બલ્કે ખરા આશિકે રસૂલ, આશિકે અવલિયા છો તો સાથોસાથ મદ્રસાઓની કક્ષા સુધારો, નહીં તો આવનારું ભવિષ્ય ભયાનક હોવાના એંધાણ અમને જણાય રહ્યાં છે અને દરેક ફિક્રમંદ સુન્નીને એ જણાય રહ્યું છે.

અંતમાં તે માલદાર સુન્ની હઝરાત જેઓ લાખોની ન્યાઝો કરતા હોય છે તેમજ વરસમાં એક બે વાર પોતે ઉમરા કરવા પણ જતા હોય છે તેવા લોકો આ બાબતે ગંભીરતાથી વિચારે અને સુન્ની મદ્રસા સદ્ધર બને એના માટે પણ મોટી રકમો ફાળવે અને મદ્રસાના સંચાલનમાં ઝકાત પણ શરઈ હીલો કરી વાપરી શકાય છે તો એ પણ મદ્રસાના મુદર્રિસોના પગારો તથા સંચાલનમાં વાપરવા આપે અને વિચારે કે મદ્રસાની પ્રગતિ એ સુન્નિયતની મજબૂતી માટે અત્યંત જરૂરી છે જેથી શક્ય તે સહકાર એમાં કરે. તેમજ **"ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા"** થકી અમુક ગરીબ ગામો આબાદીઓમાં પણ શક્તિ અનુસાર મદ્રસા ચાલે છે કે જ્યાં ખાસ કરીને બદ્અકીદા પગ જમાવવા માગતા હોય છે, તો સુન્નિયતની સલામતી માટે એ કામમાં પણ સહકાર કરે એવી અપીલ છે.

કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઇમાન વ ખઝાઇનુલ ઇરફાન

અઝ : **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

અનુવાદક : **મૌલાના હસન આદમ કોલવનવી** رحمۃ اللہ علیہ

**સૂરએ બક્રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.**

وَبَشِّرِ الَّذِيْنَ اٰمَنُوْا
وَعَمِلُوا الصّٰلِحٰتِ اَنَّ لَهُمْ جَنّٰتٍ تَجْرِىْ مِنْ تَحْتِهَا
الْاَنْهٰرُ ؕ كُلَّمَا رُزِقُوْا مِنْهَا مِنْ ثَمَرَةٍ رِّزْقًا ۙ قَالُوْا
هٰذَا الَّذِىْ رُزِقْنَا مِنْ قَبْلُ ۙ وَاُتُوْا بِهٖ مُتَشَابِهًا ؕ وَلَهُمْ
فِيْهَاۤ اَزْوَاجٌ مُّطَهَّرَةٌ ۗ وَّهُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿۲۵﴾ اِنَّ اللّٰهَ
لَا يَسْتَحْىٖۤ اَنْ يَّضْرِبَ مَثَلًا مَّا بَعُوْضَةً فَمَا فَوْقَهَا ؕ
فَاَمَّا الَّذِيْنَ اٰمَنُوْا فَيَعْلَمُوْنَ اَنَّهُ الْحَقُّ مِنْ رَّبِّهِمْ ۚ وَاَمَّا
الَّذِيْنَ كَفَرُوْا فَيَقُوْلُوْنَ مَاذَاۤ اَرَادَ اللّٰهُ بِهٰذَا مَثَلًا ۘ
يُضِلُّ بِهٖ كَثِيْرًا ۙ وَّيَهْدِىْ بِهٖ كَثِيْرًا ؕ وَمَا يُضِلُّ بِهٖۤ
اِلَّا الْفٰسِقِيْنَ ﴿۲۶﴾ ۙ الَّذِيْنَ يَنْقُضُوْنَ عَهْدَ اللّٰهِ مِنْ بَعْدِ
مِيْثَاقِهٖ ۪ وَيَقْطَعُوْنَ مَاۤ اَمَرَ اللّٰهُ بِهٖۤ اَنْ يُّوْصَلَ
وَيُفْسِدُوْنَ فِى الْاَرْضِ ؕ اُولٰٓئِكَ هُمُ الْخٰسِرُوْنَ ﴿۲۷﴾
كَيْفَ تَكْفُرُوْنَ بِاللّٰهِ وَكُنْتُمْ اَمْوَاتًا فَاَحْيَاكُمْ ۚ ثُمَّ يُمِيْتُكُمْ
ثُمَّ يُحْيِيْكُمْ ثُمَّ اِلَيْهِ تُرْجَعُوْنَ ﴿۲۸﴾

## સૂરએ બક્રહની તફસીર

**અને ખુશખબરી આપો તેઓને જે ઇમાન લાવ્યા અને સારા કામો કર્યાં. કે તેઓ માટે બગીચા છે જેમની નીચે નહેરો વહે છે[૪૦] જ્યારે તેઓને તે બગીચાઓ-માંથી કોઇ ફળ ખાવા માટે આપવામાં આવશે આકૃતિ દેખીને કહેશે આ તેજ રિઝક છે જે અમને પ્રથમ મળ્યું હતું[૪૧] અને તે આકૃતિમાં ભળતુ તેઓને આપવામાં આવ્યું અને તેમના માટે તે બગીચાઓમાં પાક સાફ પત્નીઓ છે.[૪૨] અને તેઓ તેમાં હમેશાં રહેશે[૪૩] (૨૫) બેશક ! અલ્લાહ એ બાબતથી હયા નથી ફરમાવતો કે ઉદાહરણ સમજાવવા ગમે તેવી ચીજની ચર્ચા કરે મચ્છર હોય કે એનાથી વધીને[૪૪] તો તે જેઓ ઇમાન લાવ્યા તે તો જાણે છે કે આ તેમના રબ તરફથી હક છે[૪૫] રહ્યા કાફિર તેઓ કહે છે આવા ઉદાહરણમાં અલ્લાહનો શું મકસદ છે ? અલ્લાહ ઘણાઓને એનાથી ગુમરાહ કરે છે[૪૬] અને ઘણાઓને હિદાયત આપે છે અને આનાથી એવા-ઓને ગુમરાહ કરે છે જે હુકમોનો અનાદર કરે છે[૪૭] (૨૬) તેઓ જે અલ્લાહના વાયદાને તોડી નાખે છે[૪૮] પાકો થયા પછી અને કાપી નાખે છે તે વસ્તુને જેને જોડવાનો ખુદાએ હુકમ કર્યો અને ધરતીમાં ફસાદ ફેલાવે છે[૪૯] તેઓ જ નુકસાનમાં છે (૨૭) ભલા તમે કેમ કરીને ખુદાને નકારનાર થશો જ્યારે કે તમે મૃતપ્રાય હતા તેણે તમને જીવાડયા ફરી તમને મારી નાખશે ફરી તમને જીવાડશે પછી તેના જ તરફ પલટીને જશો[૫૦] (૨૮)**

૪૦. આ આયતમાં મોમિનોને જન્નતના બગીચાઓ અને તેની વિવિધ નેઅમતોની ખુશખ-બરી આપવામાં આવી છે. ખુદાપાકનો તરીકો છે કે કુરઆનમાં ડરાવવા પછી ખુશખબરી આવે છે. એટલા માટે કાફિરો, તેમનાં કાર્યો અને તેમને થનાર અઝાબના બયાન બાદ હવે મોમિનો અને તેમનાં કાર્યોની ચર્ચા કરી, અને તેઓને જન્નતની ખુશખબરી આપી, આયતમાં સાલિહાતનો શબ્દ છે તેનો અર્થ નેકીઓ થાય છે. જે શરીઅતની રૂએ ફર્ઝ અને નવા-ફિલ - નફલોને પણ દાખલ કરી લે છે. *(જલાલૈન)*

**મસઅલો** : ઇમાન અને અમલને અલગ પાડ-

વાથી એ સાબિત થયું કે આમાલ (કર્મો) ઇમાનનો ભાગ નથી.

**મસઅલો** : આ આયતમાં જન્નતની જે ખબર આપવામાં આવી છે તે નેક મોમિનો માટે બિનશરતી છે. જ્યારે ગુનેહગાર મોમિનો માટે ખુદાની ઇચ્છા શર્ત છે. તે ઇચ્છે તો પોતાના કરમથી માફ કરે, અથવા સજા આપી પછી જન્નત આપે.

૪૧. આકૃતિ દેખીને કહેશે કે આ તો તે જ રિઝક ફળ છે જે અમને પહેલાં મળ્યું હતું, આવું એટલા માટે થશે કે જન્નતનાં ફળો જોવામાં એક બીજા સાથે મળતાં છે. પણ તેઓનો સ્વાદ અલગ અલગ, માટે જન્નતી ઉપર મુજબ કહેશે, પણ ખાવાથી તેની લિઝઝત મળશે ત્યારે તેઓને ઓર લુત્ફ આવશે.

૪૨. જન્નતીઓને ત્યાં જે પાક સાફ પત્નીઓ આપવામાં આવશે તે યા તો હૂરો હોય અથવા બીજી બધી સ્ત્રીઓ હોય, તમામ પ્રકારની ગંદકીઓથી અને નાપાકીઓથી પાક સાફ હશે, ન તો શરીર પર મેલ હશે, ન તેઓને પેશાબ કે જાજરૂની હાજત થશે, અને સાથોસાથ તીખા સ્વભાવ અને કુટેવોથી પણ પાક અલગ હશે.

૪૩. અને તેઓ જન્નતમાં હમેશાં હમેશાં રહેશે, એટલે કે તેઓ કદી ફના થશે નહીં, અને જન્નતમાંથી તેઓને કાઢી મૂકવામાં પણ નહિ આવે.

**મસઅલો** : એનાથી સાબિત થયું કે જન્નત અને જન્નતીઓ માટે ફના - નાશ નથી.

૪૪. અલ્લાહ ઉદાહરણ આપવા ગમે તેવી ચીજની ચર્ચા કરતાં હયા નથી ફરમાવતો, આ આયત ઉતરવાનું મુખ્ય કારણ એ બન્યું કે જ્યારે અલ્લાહ તઆલાએ **مَثَلُهُمْ كَمَثَلِ الَّذِى اسْتَوْقَدَ نَارًا** અને **اَوْكَصَيِّبٍ مِنَ السَّمَآءِ**વાળી આયતો નાઝિલ કરી જેમાં ખુદા પાકે મુનાફિકોને આગ સળગાવનાર અને વરસાદમાં ચાલનાર સાથે સરખાવ્યા (જેનું બયાન પાછળ થઇ ગયું છે) ત્યારે મુનાફિકોએ કહ્યું કે અલ્લાહ પાક આવી મિષાલો બયાન કરવાથી પાક છે, (અર્થાત તે એક બુલંદ મરતબાવાળો થઇને આવી હલ્કી અને નાની વસ્તુઓની મિષાલ શા માટે આપે છે ?) ત્યારે તેઓને રદિયો આપવા આ આયત ઉતરી.

૪૫. ઇમાનવાળાઓ આવી મિષાલોને હક જાણે છે. કારણ કે મિષાલો બયાન કરવી એ અકલમંદીને અનુરૂપ છે, અને વકતવ્યને દિલોમાં ઉતારી દે છે, તેમજ અરબના વક્તાઓની પદ્ધતિ છે, માટે એનામાં વાંધા વચકા કાઢવા એ ખોટું અને અસ્થાને છે, જેથી મિષાલો હક છે.

૪૬. અલ્લાહ ઘણાઓને આનાથી (એટલે કે આવી મિષાલો અને ઉદાહરણોથી) ગુમરાહ કરે છે, આ તે બાબતનો જવાબ છે જે મુનાફિકોએ કહી હતી કે આવા ઉદાહરણો કહેવાથી અલ્લાહનો શું મકસદ છે ?

**فَاَمَّا الَّذِيْنَ اٰمَنُوْا** અને **وَاَمَّا الَّذِيْنَ كَفَرُوْا** જે આ વાક્યો બયાન કરવામાં આવ્યાં છે, તેમની તફસીર આ મુજબ છે કે, આ મિષાલોથી ઘણાંઓને ગુમરાહ કરે છે જેઓની બુદ્ધિ પર અજ્ઞાનતાએ વિજય મેળવ્યો છે, અને જેઓની આદત ઘમંડ કરવાની તેમજ દુશ્મની રાખવાની છે. અને જેઓ હક વાત તેમજ ખુલ્લી હિકમતને નકારવા માટે ટેવાએલા છે. અને આ મિષાલ ખરેખર લગતી હોવા છતાં ઇન્કાર કરે છે. તેઓને આનાથી ગુમરાહ કરે છે, અને આનાથી અલ્લાહ તઆલા ઘણાઓને હિદાયત આપે છે, એટલે કે જેઓ વિચારવા અને સત્ય શોધવા માટે ટેવાએલા છે. અને ન્યાયની વિરૂદ્ધ વાત નથી કરતા, તેઓ જાણે છે કે હમેશાં હમેશાં ઉચ્ચ મરતબાવાળી વસ્તુની મિષાલ કોઇક કદરવાળી વસ્તુથી અને તુચ્છ વસ્તુનું ઉદાહરણ કોઇક ન જેવી વસ્તુથી આપવામાં આવે છે. જેમકે ઉપરની આયતમાં હકને નૂર અને બાતિલને અંધારા સાથે સરખાવવામાં આવ્યું છે, એવા લોકોને ખુદા પાક આવી મિષાલોથી હિદાયત આપે છે.

૪૭. અને ખુદા પાક આ મિષાલોથી એવા લોકોને ગુમરાહ કરે છે જે ફાસિક એટલે હુકમોનો

અનાદર કરનાર હોય, શરીઅતની રૂએ ફાસિક એવા નાફરમાનને કહે છે જે કબીરા ગુનાહ કરતો હોય, ફિસ્ક જેનાથી ફાસિક બની જવાય તેના ત્રણ પ્રકાર છે. (૧) તગાબી એટલે કે આદમી સંજોગવશાત કોઇ કબીરા ગુનાહ કરી બેઠો પણ તે એને બુરુ જ જાણે છે. (૨) ઇન્હિમાક એટલે કે કબીરા ગુનાહોથી ટેવાઇ ગયો, અને બચવાની પરવા ન રહી (૩) હરામને સારૂં સમજીને કરે. **આ ત્રીજા પ્રકારવાળો ઇમાનથી મહરૂમ બની જાય છે.** પહેલા બે પ્રકારોમાં જ્યાં સુધી કબીરાઓથી પણ મોટો કબીરા ગુનાહ એટલે કે શિર્ક ન કરે ત્યાં સુધી તેને મોમિન કહી શકીશું, આ આયતમાં ફાસિકીનથી એવા નાફરમાનો મુરાદ છે જેઓ ઇમાનથી નીકળી ગયા, કુરઆનમાં કાફિરોને પણ ફાસિક કહેવામાં આવ્યા છે. અમુક મુફસ્સિરોએ અહીં ફાસિકનો અર્થ મુનાફિકો ઘટાવ્યો છે, અમુકે કાફિરો અને અમુકે યહૂદીઓનો અર્થ ઘટાવ્યો છે.

૪૮. તેઓ જે અલ્લાહના વાયદાને તોડી નાખે છે. આનાથી તે વાયદો ધારવામાં આવ્યો છે કે જે આગલી કિતાબોમાં અલ્લાહ પાકે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પર ઇમાન લાવવા બાબત લીધો હતો, એક મંતવ્ય એવું છે કે વાયદા ત્રણ છે, (૧) તે વાયદો જે અલ્લાહ પાકે તમામ ઔલાદે આદમ પાસેથી લીધો કે તેઓ ખુદાની રબૂબિયતનો સ્વીકાર કરે, જેનું બયાન وَاِذْ اَخَذَ رَبُّكَ مِنْ بَنِىْ اٰدَمَ વાળી આયતમાં થયુ છે, (૨) આ બીજો વાયદો અમ્બિયા સાથે મખ્સૂસ છે કે રિસાલતની તબ્લીગ કરે અને દીનને પ્રચલિત કરે જેનું બયાન وَاِذْ اَخَذْنَا مِنَ النَّبِيّٖنَ مِيْثَاقَهُمْ વાળી આયતમાં છે, (૩) ત્રીજો વાયદો ઉલમા સાથે કે હકને ન છુપાવે જે وَاِذْ اَخَذَ اللّٰهُ مِيْثَاقَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَમાં કહેવાયું છે.

૪૯. અને કાપી નાખે છે તે વસ્તુને જેને જોડવાનો ખુદાએ હુકમ કર્યો છે તે આ છે સગાઇના સંબંધો, મુસલમાનોની દોસ્તી અને મહોબ્બત, બધા જ પયગમ્બરોને માનવા, અલ્લાહની કિતાબોની સત્યતા કબૂલ કરવી, હક બાબત પર એકમત થવું, આ તે વસ્તુઓ છે જેને જોડવાનો હુકમ થયો છે. આ બાબતોને તોડવી, એકબીજાથી અલગ કરવી, કુસંપનાં બી વાવવાં વિ. મના કરવામાં આવ્યું છે.

૫૦. ભલા તમે કેમ કરીને ખુદાને નકારનાર થશો! ઉપરની આયતોમાં તવહીદ અને નુબુવ્વતની દલીલો તેમજ કુફ્ર અને ઇમાનના બદલાનું બયાન કર્યા પછી આ આયતમાં ખુદા પાક પોતાની સામાન્ય અને ખાસ નેઅમતો તેમજ કુદરત અને હિકમતની નિશાનીઓનું બયાન કરે છે, અને કુફ્રની બુરાઇઓ દિલમાં ઉતારી દેવા પછી કાફિરોને સંબોધી કહે છે કે ભલા તમે કેમ કરીને ખુદાને નકારી શકશો? જ્યારે કે તમારી પોતાની પરિસ્થિતિ તેના પર ઇમાન લાવવાનું કહી રહી છે, કારણ કે તમે મૃતપાય એટલે કે જીવ વગરનું શરીર હતા એક આકૃતિરૂપે તેણે તમને પ્રાણ આપી જીવંત કર્યા. ફરી જીવનની મુદ્દત પૂરી થએથી તમને મોત આપશે, ફરી તમને કબ્રમાં અથવા સવાલ માટે અથવા હશ્રમાં જીવંત કરશે, પછી તમે હિસાબ તેમજ બદલા માટે તેના તરફ પલટાવવામાં આવશો, પોતાની આ હાલત જાણ્યા પછી કુફ્ર કરવું ઘણુ જ આશ્ચર્યજનક છે.

મુફસ્સિરીનનું એક મંતવ્ય આ પણ છે કે كَيْفَ تَكْفُرُوْنَ (તમે કેમ કરીને ખુદાનો ઇન્કાર કરી શકો છો?) માં મોમિનોને સંબોધન છે અને મતલબ એ છે કે તમે કેવી રીતે કાફિર બની શકો છો? જ્યારે કે તમે અજ્ઞાનતાની મોતમાં મરેલા હતા અલ્લાહ તઆલાએ તમને ઇલ્મ અને ઇમાનની જિંદગી આપી. ત્યારબાદ તમારા માટે તે જ મોત છે જે જિંદગી પૂરી થયા પછી બધાંને આવે છે, ત્યારબાદ તે તમને વાસ્તવિક અને હમેશાંની જિંદગી અર્પણ કરશે, ત્યારબાદ તમે તેના પ્રતિ લઇ જવામાં આવશો, અને તે તમને એવો સવાબ આપશે જે ન તો કોઇ આંખે જોયો છે ન તો કોઇ કાને સાંભળ્યો છે અને ન તો કોઇ દિલ પર તેની કલ્પના થઇ છે.

**હદીષ :** હઝરત બુસ્રહ رضی اللہ عنہاથી[૧] રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે જયારે તમારામાંથી કોઈ પોતાના ગુપ્તાંગને સ્પર્શે તો વુઝૂ કરે[૨]. એમ માલિક, અહમદ અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ તથા દારમીએ રિવાયત કરી.

હઝરત તલક્ બિન અલીથી રિવાયત છે. ફર્માવે છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمને એના બારામાં પૂછવામાં આવ્યું કે જે વુઝૂના પછી ગુપ્તાંગને સ્પર્શે ?! ફર્માવ્યું, એ પણ માનવ શરીરનો હિસ્સો જ છે[૩]. અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ તથા ઈબ્ને માજ્હએ એના જેમ જ રિવાયત કર્યું. અને શયખ ઈમામ મોહયુસ્સુન્નહએ ફર્માવ્યું કે  આ હુકમ મન્સૂખ (ઉઠાવી લેવાયેલ) છે, કેમ કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ તલક્ના આવ્યા પછી ઈસ્લામ લાવ્યા. અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ રસૂલુલ્લાહથી રિવાયત કર્યું કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જ્યારે તમારામાંથી કોઈ પોતાનો હાથ ગુપ્તાંગ સુધી પહોંચાડે કે વચ્ચે આડ ન હોય તો વુઝૂ કરે[૪]. અને શાફઈ તથા દારકુત્નીએ રિવાયત કર્યું અને નિસાઈએ હઝરત બુસ્રહથી, પણ તેમણે એ વર્ણન નથી કર્યું કે વચમાં આડ ન હોય.

હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે. ફર્માવે છે કે નબી صلی اللہ علیہ وسلم પોતાની અમુક બીવીઓનો બોસો લેતા પછી નમાઝ પઢી લેતા અને વુઝૂ ન કરતા[૫]. એને અબૂ દાઊદ, તિર્મિઝી તથા નિસાઈ તથા ઈબ્ને માજહએ રિવાયત કર્યું. અને તિર્મિઝીએ ફર્માવ્યું કે અમારા સાથીઓની નજીક કોઈ હાલતમાં પણ ઉરવહની હઝરત આઈશા رضی اللہ عنہاથી સનદ સહીહ નથી[૬]. તેમજ ઈબ્રાહીમ તયમીની અસ્નાદ એ જ હઝરત આઈશાથી છે. અને અબૂ દાઊદે ફર્માવ્યું કે આ હદીષ મુરસલ છે, ઈબ્રાહીમ તયમીએ હઝરત આઈશાથી નથી સાંભળ્યું[૭].

**-:: સ....મ....જૂ....તી.... ::-**

**૧.** આપ બુસ્રહ બિન્તે સફવાન ઈબ્ને નુફેલ છે. કુર્શિયા છે. અસદિયહ્ છે. વરક્હ ઈબ્ને નુફેલનાં ભત્રીજી છે. મશ્હૂર સહાબિયા છે.

**૨.** "મસ"નો અર્થ સ્પર્શવું પણ છે, લાગવું, લગાડવું પણ અને પહોંચવું, પહોંચાડવું પણ છે. રબ તઆલા ફર્માવે છે : مَسَّتْهُمُ الْبَاْسَاءُ وَالضَّرَّاءُ અહીં જો સ્પર્શવાના અર્થમાં હોય તો થોડી ઈબારત (લખાણ) છુપી (આ પ્રમાણે) થશે, એટલે જે ગુપ્તાંગને સ્પર્શે અને ત્યાં તરી (ભીનાશ) જુએ તો વુઝૂ કરે. અડકવાથી નહીં પણ તરી નીકળવાથી વુઝૂ કરવું પડશે. રબ ફર્માવે છે : اَوْجَاءَ اَحَدٌ مِّنْكُمْ مِّنَ الْغَآئِطِ "તમારામાંથી કોઈ જાજરૂ આવે." જાહેરમાં છે કે કેવળ જાજરૂમાં થઈને આવવું વુઝૂ નથી તોડતું બલ્કે ત્યાં પેશાબ કે જાજરૂ કરીને આવવું વુઝૂ તોડે છે. અને જો "મસ" લગાડવા કે પહોંચાડવાના અર્થમાં હોય તો મતલબ એ થશે કે જ્યારે તમારામાંથી કોઈ પોતાની પત્ની સાથે સંભોગ કરે ત્યારે વુઝૂ કરે. એટલે હાથથી સ્પર્શવું મુરાદ નથી બલ્કે સ્ત્રીની શર્મગાહને સ્પર્શવું મુરાદ છે. આ બંને સ્થિતિઓમાં આ હદીષ બિલ્કુલ જાહેર પર છે અને આગલી હદીષ વિરુદ્ધ પણ નથી. હઝરત ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ આ હદીષના કારણે ફર્માવે છે કે

ગુપ્તાંગનો સ્પર્શ વુઝૂ તોડનાર છે, પરંતુ આ હદીષથી એમનો મઝહબ સાબિત નથી થતો, કેમ કે તેમની નજીક કેવળ હથેળી અથવા આંગળીઓનાં પેટવાળા ભાગથી કોઈ આડ વિના સ્પર્શવું વુઝૂ તોડે છે. આંગળીઓ, હથેળીની પીઠ અને પહોંચા (કાંડુ) જાંગથી અડી જવાથી વુઝૂ નથી તોડતું. જ્યારે કે આ હદીષથી "મસ" (સ્પર્શ) મુત્લક્ છે જેમાં કોઈ શર્ત નથી. તેમજ આ હદીષ આગલી હદીષની પણ વિરુદ્ધ થશે. તહાવી શરીફમાં છે કે અહીં વુઝૂથી મુરાદ હાથ ધોવું છે. એવો જ હઝરત મુસ્અબ ઈબ્ને સઅદનો કૌલ છે એટલે કે જે ગુપ્તાંગને સ્પર્શે તેના માટે યોગ્ય છે કે હાથ ધૂએ, જેવી રીતે કે ખાવાના વુઝૂમાં હતું. *(મિર્કાત તથા લમ્આત વગેરે)*

**૩.** એટલે કે જેવી રીતે નાક, આંગળી વગેરે શરીરનાં અંગો છે એમને સ્પર્શવાથી વુઝૂ નથી જતું એવી જ રીતે આ પણ એક અંગ છે કે એને સ્પર્શવું વુઝૂ તોડશે નહીં. આ હદીષ આપણા ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہની કવી (મજબૂત) દલીલ છે કે એ અંગને સ્પર્શવાથી વુઝૂ નથી તૂટતુ. હઝરત અલી મુર્તઝા, હઝરત ઈમામ અબ્બાસ, અમ્માર બિન યાસર, હુઝૈફા, સઅદ, અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ વગેરે رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ ઘણા સહાબીઓનો એ જ મઝહબ છે. જેમ કે હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે કે હું નાક, કાન, સ્પર્શું અથવા ગુપ્તાંગ સ્પર્શું સૌ સરખુ છે. હઝરત સઅદથી એ મસ્અલો પૂછવામાં આવ્યો તો આપે ફર્માવ્યું કે, જો નાપાક છે તો એને કાપી નાખો! એની સંપૂર્ણ ચર્ચા તહાવી શરીફ તથા સહીહુલ બિહારી વગેરેમાં જુઓ.

**૪.** કેમ કે સાહિબે મસાબીહ મુહયુસ્સુન્નહ તથા સાહિબે મિશ્કાત વલીયુદીન رحمۃ اللہ علیہما શાફઈ છે અને આ હદીષ એમના વિરુદ્ધ છે એટલા માટે જવાબ માટે મજબૂર બન્યા અને નસ્ખના સિવાય અન્ય કોઈ જવાબ ન બની શક્યો. કેમ કે આ હદીષ કયાસના મુતાબિક્ છે અને પાછલી હદીષ કયાસથી વિરુદ્ધ છે જેથી અગ્રતા એ જ હદીષને થશે જે કયાસ મુજબની છે. એટલા માટે હઝરત મુહયુસ્સુન્નહ્એ નસ્ખનો દાવો કર્યો, પણ નસ્ખની કોઈ રિવાયત ન મળી, કેવળ અંદાઝથી મન્સૂખ કહી આપ્યું. એટલે કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہનો ઈસ્લામ સ્વીકાર પાછળથી છે અને તલક્ની હાજરી પહેલી, જેથી તલકે ન તૂટવાની હદીષ પ્રથમ સાંભળી હશે અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ વુઝૂ તૂટવાવાળી હદીષ બાદમાં સાંભળી હશે, એટલા માટે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની હદીષ નાસિખ છે અને તલક્ની હદીષ મન્સૂખ. જાહેર છે કે આ વાત કેટલી કમજોર છે. પ્રથમ તો એટલા માટે કે આ બંનેવ હદીષોમાં ટકરાવ નથી, બંનેવ ભેગી થઈ શકે છે જેમ કે અમે ઉપર વર્ણવી ચૂક્યા. તો પછી વિના કારણે એકને મન્સૂખ શાથી માનવમાં આવે ? બીજુ એટલા માટે કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہના ઈસ્લામ લાવ્યા પછી હઝરત તલક્ ન તો વફાત પામી ગયા અને ન બિલ્કુલ ગયબ જ થઈ ગયા, બલ્કે હુઝૂરથી મુલાકાત કરતા રહ્યા. તો શક્ય છે કે આપે એ હદીષ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہના ઈસ્લામ સ્વીકારના ઘણા સમય બાદ સાંભળી હોય અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ પોતાની રિવાયત પ્રથમ સાંભળી લીધી હોય. તલક્ની હદીષ નાસિખ હોય અને અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની હદીષ મન્સૂખ હોય. ગમે તેમ પણ આ મન્સૂખનો દાવો વિના દલીલ છે. યાદ રાખશો કે હઝરત તલક્ رضی اللہ عنہ હિજરતના વરસે મસ્જિદે નબવી શરીફના બાંધકામના વખતે હુઝૂરની બારગાહમાં હાજર થયા, અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ હિ.સ. ૭માં ખયબરના વરસે ઈસ્લામ લાવ્યા. તેમજ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ એવું નથી ફર્માવ્યું કે મેં હુઝૂરને ફર્માવતાં સાંભળ્યા, બલ્કે હુઝૂરથી રિવાયત કરી. શક્ય છે કે આ હદીષ તલક્ના આગમનથી ઘણા અગાઉ કોઈ અન્ય સહાબીએ સાંભળી હોય, તેમણે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہને વર્ણવી હોય. જેમ કે મુરસલે સહાબામાં થાય છે.

**૫.** આ હદીષ હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہની મજબૂત દલીલ છે કે સ્ત્રીને

સ્પર્શવાથી વુઝૂ નથી તૂટતુ. એનું સમર્થન એ હદીષોથી પણ થાય છે કે જે મુસ્લિમ, બુખારી, નિસાઈ વગેરેમાં છે કે હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا ફર્માવે છે, હું હુઝૂરની સામે સૂતેલી હતી અને આપ તહજ્જુદ પઢવામાં મશગૂલ થતા હતા. જ્યારે તે સિજદો કરતા તો મને હાથ લગાડી આપતા જેથી પગો વાળી લેતી અને આપ સિજદો કરી લેતા. સજદા પછી હું ફરી પગો ફેલાવી લેતી. *(મુસ્લિમ, બુખારી)* તેમજ ફર્માવે છે કે એક રાત્રે મેં હુઝૂરને પથારી પર ન જોયા તો હું ફંફોસવા લાગી. મારો હાથ આપના કદમ શરીફથી લાગ્યો જે ઉભેલા હતા. અને આપ સજદામાં હતા. *(નિસાઈ)* તેમજ ફર્માવે છે કે એકવાર આપે લાંબો સજદો કર્યો, હું સમજી કે આપની વફાત થઈ ગઈ. મેં આપના પગનો અંગૂઠો પકડીને હલાવ્યો. *(બયહકી)* આ સર્વ હદીષોથી જણાયું કે સ્ત્રીનો સ્પર્શ વુઝૂ નથી તોડતો.

**૬.** કેમ કે આ અસ્નાદમાં હબીબ ઈબ્ને ષાબિત, હઝરત ઉરવહ એ હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરે છે. ઉરવાનું સાંભળવું હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہاથી સાબિત છે, બલ્કે તે એમના શાગિર્દ છે. પણ હબીબનું સાંભળવું ઉરવહથી સહીહ નથી. જેથી આ હદીષ મુરસલ છે. તિર્મિઝીએ اَصْحَابِنَا એટલા માટે ફર્માવ્યું કે મુરસલ હદીષ શાફઈઓના મઝહબમાં દલીલ નથી, પણ અહનાફની નજીક દલીલ છે.

**૭.** વાંધાનો ખુલાસો એ છે કે આ હદીષ હઝરત આઈશા رضی اللہ عنہاથી બે સનદોથી મરવી છે, ઉરવહ અન આઈશા અને ઈબ્રાહીમ તયમી અન આઈશા. અને બંનેવ મુરસલ છે કેમ કે ઈબ્રાહીમ તયમીએ પણ આઈશા સિદીકા رضی اللہ عنہاથી નથી સાંભળ્યું. પણ આ વાંધો ઈમામ સાહબ પર નથી પડી શક્તો કેમ કે એમને ત્યાં મુરસલ હદીષ દલીલ પાત્ર છે. તો શાફઈ એમના ઉસૂલ હેઠળ આપણા પર વાંધો કઈ રીતે ઉઠાવી શકે ?!

## કબ્રસ્તાનમાં પ્રવેશતાં જ બુટ ચપ્પલ ઉતારો !

કાર્યાલય

**સવાલ** : કબ્રસ્તાનમાં પ્રવેશતાં બુટ ચપ્પલ ઉતારવા જોઈએ કે નહીં ? કેટલાક લોકો કહે છે કે બુટ ચપ્પલ ઉતારવાની કોઈ જરૂરત નથી અને ઉતારવાનો હુકમ કોઈ કિતાબમાં નથી. તો હક્ક વાત જણાવશો.

**જવાબ** : મુસલમાનોના કબ્રસ્તાનમાં બુટ ચપ્પલ પહેરીને પ્રવેશવું મના છે કેમ કે કબ્રોની વચ્ચે બુટ ચપ્પલ પેહરીને ચાલવાથી કબ્રવાળાઓને તકલીફ થાય છે. અને એવું કહેવું કે બુટ ચપ્પલ ઉતારવાનો હુકમ કોઈ કિતાબમાં નથી, એ ગલત છે. એવું કહેનાર તદ્દન જાહિલ તથા ગમાર છે. જુઓ ! **બુટ ચપ્પલ ઉતારવાનો હુકમ ખૂદ હદીષ શરીફમાં મૌજૂદ છે.**

હઝરત બશીર બિન ખસાસિયા رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ એક શખ્સને કબ્રસ્તાનમાં જોડા પહેરીને ચાલતો જોયો તો ઈર્શાદ ફર્માવ્યો, **"હાય કમ્બખ્તી તારી ! હે તાઈફી જોડાવાળા ! ફેંક તારા જોડાઓ !"** *(અલ મુસ્નદુલ અહમદ બિન હંબલ, બહવાલા જામિઉલ અહાદીષ)*

અને ફાઝિલ મુહક્કિક હસન શર્રમબુલાલી તથા તેમના ઉસ્તાદ અલ્લામા મુહમ્મદ બિન અહમદ હમ્વી ફર્માવે છે : "ચાલવામાં જોડાઓના જે અવાજ પેદા થાય છે તેનાથી મુડદાં તકલીફ અનુભવે છે." (મરાકિયુલ ફલાહ હાશિયા તહતાવી બહવાલા ફતાવા રઝવિય્યહ : કબ્ર ઔર મકબરાકા બયાન) વલ્લાહુ તઆલા અઅલમ.

લખનાર : (મુફતી) મુહમ્મદ ઈફતેખાર અહમદ રઝવી મિસ્બાહી, દારુલ ફફતા દારુલ ઉલૂમ હઝરત સૈયદેના સિદીકે અકબર رضی اللہ عنہ, સરખેજ–અહમદાબાદ *(ફૈઝાને સિદીકે અકબર–માસિક, સપ્ટેમ્બર–૨૦૧૩)*

દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ

# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ

**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી

## ★ ઈસાલે સવાબ અર્થાત સવાબ પહોંચાડવો ★

નમાઝ, રોઝા, ઝકાત, સદકા, ખૈરાત અને દરેક પ્રકારની ઈબાદત, નેક અમલ, ફર્ઝ, નફ્લનો સવાબ મુર્દાઓને પહોંચાડી શકાય છે. (અકાઈદે નસ્ફિયામાં છે કે :–

**وفی دعاء الا حیاء للا موات وصدقتهم عنهم نفع لهم-**

મુર્દાઓ માટે આપણા થકી દુઆઓ કરવાથી તેમજ સદકા ખૈરાત આપવાથી તેમને ફાયદો થાય છે. એનો વિરોધ કરનાર મોઅતઝલી ફિર્કો છે. (શર્હે અકાઈદ) અને હિદાયામાં છે કે :–

**ان الا نسان له ان یجعل ثواب عمله لغیره صلوٰة او صوما او صدقه او غیرها عند اهل السنة والجماعة-**

**અર્થાત** : એહલે સુન્નતનો અકીદો છે કે, માણસ પોતાના અમલનો સવાબ બીજાને પહોંચાડી શકે છે, ભલે નમાઝનો હોય કે રોઝાનો કે સદકાનો કે એ સિવાયના નેક અમલનો, જેમ કે તિલાવતે કુર્આન, ઝિક્ર વિગેરે. શર્હે ફિકહે અકબરમાં છે કે, ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہનો મઝહબ તેમજ હઝરત ઈમામ અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہ વગેરે બધા બુઝુર્ગોનો મઝહબ એ છે કે શારીરિક ઈબાદત અને માલી ઈબાદતનો સવાબ મુર્દાને પહોંચે છે.

વળી સવાબ દરેકને પહોંચાડતાં દરેકને પહોંચશે અને પહોંચાડનારના સવાબમાં બિલકુલ ઘટાડો થશે નહીં, બલ્કે અલ્લાહ તઆલાની રહમતથી ઉમ્મીદ છે કે, આ સવાબ દરેકને પૂરેપૂરો મળશે. એ નહીં કે તે સવાબ ટુકડા ટુકડા કરી વહેંચાશે. (શર્હે અકાઈદ, હિદાયા, આલમગીરી) બલ્કે ઉમ્મીદ છે કે, પહોંચાડનારને તે બધાયના ટોટલની બરાબર મળે. દા.ત. કોઈ નેક કામ કર્યું તો તેનો સવાબ ઓછામાં ઓછો ૧૦ નેકી મળશે, એણે દસ મુર્દાઓને પહોંચાડયો તો દરેકને દસ દસ મળશે, અને એને ૧૧૦ મળશે, એ રીતે હજારને પહોંચાડયો તો એને દસ હજાર ! બસ એવી જ રીતે એથી વધુ માટે. *(ફતાવા રઝવિય્યહ, બહાર)*

**<u>મસ્અલો</u>** : કબ્રને ચુંબન કરવું અને એનો તવાફ કરવાની મનાઈ છે. *(બહારે શરીઅત, અશ્અતુલ્લમઆત)*

**<u>મસ્અલો</u>** : કબ્ર ઉપર ફૂલો મૂકવાં સારામાં સારું છે, જ્યાં સુધી તે લીલાં રહેશે ત્યાં સુધી તસ્બીહ કરશે અને મૈયત (કબ્રવાળાનું) દિલ ખુશ થશે. *(રદ્દુલ મુહતાર, બહાર)* એ જ રીતે જનાઝા ઉપર ફૂલોની ચાદર ઓઢાડવામાં વાંધો નથી. (બહારે શરીઅત) અવલિયા અને ઉલમાની કબ્રો ઉપર ફૂલો મૂકવાં જાઈઝ છે, જ્યારે કે એનાથી મઝારમાં આરામ કરનાર બુઝુર્ગની ઈજ્જત અને શાન પબ્લીકની આગળ વધે, લોકો અદબ કરે અને બરકત મેળવે. *(રદ્દુલ મુહતાર)*

**<u>મસ્અલો</u>** : કબ્રો ઉપરથી ઘાસ ઉખેડવી ન જોઈએ, એ કારણે કે ઘાસની તસ્બીહથી રહમત ઉતરે છે અને મૈયતને રાહત મળે છે, ઘાસ ઉખેડવાથી મૈયતનો હક્ક બર્બાદ થાય છે. *(રદ્દુલ મુહતાર, બહાર)*

## ★ તાઅઝિયત અર્થાત માતમપુર્સી કરવી ★

માતમપુર્સી એટલે કે મૈયતવાળાને ત્યાં આશ્વાસન આપવું સુન્નત છે. હદીષમાં છે કે **જે પોતાના**

**મુસલમાન ભાઈને મુસીબત વેળા આશ્વાસન આપે કયામતના દિવસે અલ્લાહ તઆલા તેને કરામતનો પોશાક પહેરાવશે.** *(ઈબ્ને માજહ)* એક બીજી હદીષમાં છે કે, **જે કોઈ મુસીબતમાં પડેલાની તાઅઝિયત કરશે અર્થાત તેને આશ્વાસન આપશે તેને તેના બરાબરનો સવાબ મળશે.** *(તિર્મિઝી, ઈબ્ને માજહ)*

મસ્અલો : આશ્વાસનમાં એવું કહેવું કે, અલ્લાહ તઆલા મરનારની મગફિરત કરે અને પોતાની રહમતથી નવાજે અને આપને સબ્રે જમીલ અતા કરે અને આ મુસીબતના ઉપર બેહતરીન સવાબ અતા કરે. હુઝૂર ﷺએ આ શબ્દોથી આશ્વાસન આપેલ છે કે :–

لِلّٰهِ مَا اَخَذَ وَاَعْطٰى وَكُلُّ شَيْءٍ عِنْدَهٗ بِاَجَلٍ مُّسَمًّى

**અર્થાત** : ખુદાનું જ છે જે એણે લઈ લીધું અને આપ્યું, દરેક ચીજ એને ત્યાં એક નક્કી કરેલ સમયની સાથે છે. *(આલમગીરી વગેરે)*

મસ્અલો : મુસ્તહબ એ છે કે મૈયતના દરેક નજીકનાં કુટુંબીજનોને આશ્વાસન આપવું, નાનાં મોટાં દરેકને, પરંતુ સ્ત્રીને તેના મહરમો જ આશ્વાસન આપે. *(આલમગીરી, બહારે શરીઅત)*

મસ્અલો : તાઅઝિયત અર્થાત **આશ્વાસન માટેનો સમય મૌતથી લઈ ત્રણ દિવસ સુધીનો છે એ પછી મકરૂહ છે કે ગમ તાજો થશે,** ફરીથી તેમને પાછલું ભૂલાયેલું યાદ આવતાં દુ:ખ પહોંચશે. પરંતુ જો આશ્વાસન આપનાર અથવા જેને આશ્વાસન આપવાનું છે તે ત્યાં હાજર નથી અથવા તો એને ખબર ન હતી તો પાછળથી (ત્રણ દિવસ પછી) આપવામાં વાંધો નથી. *(જૌહરા, રદ્દુલ મુહતાર)*

મસ્અલો : કબ્રસ્તાનમાં આશ્વાસન આપી શકાય છે પરંતુ અફઝલ એ છે કે દફન કર્યા પછી હોય. પરંતુ જો મૈયતના ઘરવાળાં ધીરજ ગુમાવી રડી કૂટી રહ્યાં હોય તો તેમને એમની તસલ્લી દફનથી પહેલાં જ કરવી. *(જૌહરા)*

મસ્અલો : મૈયતના ઘરવાળાં ત્રીજયા કે ચોથિયા કે ચાલીસના દિવસે લોકોની દાવત કરે, જમવાનું નોતરું મોકલે તો એ નાજાઈઝ અને બુરી બિદઅત છે, શરીઅતમાં દાવત (નોતરું) ખુશીના ટાણે હોય છે ન કે ગમીના ટાણે. પરંતુ એના બદલે ફકીરો, મોહતાજો, ગરીબોને ખવડાવે તો તે બહેતર છે. *(ફત્હુલ કદીર)*

મસ્અલો : ત્રીજ્યુ, ચોથીયુ કે ચાલીસાનું ખાવા મૈયતના છોડેલા માલમાંથી કરવું જાઈઝ નથી. પરંતુ તે માલ વહેંચાયા પછીથી જે ચાહે તે પોતાના હિસ્સામાંથી કરે. *(ખાનિયા વગેરે)*

મસ્અલો : મૈયતના પડોશી કે દૂરના સંબંધી મૈયતના ઘરવાળાં માટે તે દિવસ અને રાતના માટે ખાવા લાવે તો બેહતર છે અને એમને હઠ કરીને ખવડાવે. *(રદ્દુલ મુહતાર, બહાર)*

મસ્અલો : મૈયતના ઘરવાળા માટે જે ખાવા મોકલવામાં આવે છે તે ફક્ત ઘરવાળાં જ ખાય અને તેમના જરૂર જેટલું જ મોકલવું વધુ નહીં. બીજાઓએ ખાવાની મનાઈ છે. *(કશ્ફુલગિતાઅ, બહારે શરીઅત)*

અને ફક્ત પ્રથમ દિવસે ખાણુ મોકલવું સુન્નત છે પછી મકરૂહ છે. *(આલમગીરી, બહાર)*

## ★ નોહા અને બયન ★

નોહા એટલે મૈયતની ખૂબીઓ અતિશયોક્તિથી વર્ણન કરતાં કરતાં અવાજથી રડવું એને બયન પણ કહે છે. આ તમામ ઉલમાની નજીક **હરામ** છે. એ જ રીતે હાય વોય કરવી, બૂમો પાડવી પણ. *(જૌહરા, નૈયરા)*

મસ્અલો : કપડાં ફાડવાં, મોં ચૂંટવું, ગાલોમાં મારવું, વાળો વિખેરવા, માથા પર ધૂળ નાખવી, છાતી કૂટવી, જાંગો પર હાથો મારવા, આ બધાં જાહિલિયત અભણતાનાં કામો છે અને એ **હરામ** છે.

*(આમલગીરી)* હદીષમાં છે કે જે મોં પર મારે, કપડાં ફાડે અને જાહિલિયત પ્રમાણે બૂમો પાડે (નૌહા કરે) તે અમારામાંથી નથી. *(બુખારી, મુસ્લિમ)* બીજી હદીષમાં છે કે, જે માથુ મૂડાવે (એટલે કે કોઈના મરવાથી જેમ કે હિંદુ સુદભદ્રા કરે છે) અને નૌહા કરે અને કપડાં ફાડે એનાથી હું દૂર છું.

મસ્અલો : અવાજ કાઢી રડવું મના છે પરંતુ અવાજ ન નીકળે તો વાંધો નથી, એવું રડવું રસૂલુલ્લાહ ﷺથી સાબિત છે કે આપના સાહબઝાદા رضی اللہ عنہની વફાત ટાણે આંસૂં મુબારક નીકળ્યાં હતાં અને ફર્માવ્યું કે આંખના આંસૂં અને દિલના ગમ ઉપર અલ્લાહ તઆલા અઝાબ કરશે નહીં. હા ! જીભના કારણે અઝાબ કરે છે અથવા રહમ ફર્માવે છે. વળી રડનારાંઓના કારણે મરનારને તકલીફ થાય છે મરનાર પણ રડે છે. *(જૌહરા, નૈયરા, બહાર, બુખારી, મુસ્લિમ)*

મસ્અલો : **ત્રણ દિવસથી વધુ સોગ મનાવવો જાઈઝ નથી પરંતુ સ્ત્રી તેણીના ધણીના મૌત ઉપર ચાર મહિના અને દસ દિવસ સોગ કરે.** *(બુખારી, મુસ્લિમ)*

મસ્અલો : **મુસીબત વેળા સબ્ર કરવાથી તેને ડબલ સવાબ મળે છે.** એક મુસીબતનો બીજો સબ્રનો. ધીરજ ગુમાવવાથી તેમજ ગભરાહટ અને ડરને કારણે બંને સવાબ જતા રહે છે. *(રદ્દુલ મુહતાર)*

હદીષમાં છે કે જે મુસલમાન ઉપર કોઈ મુસીબત આપત્તિ આવી પડે તો તેને યાદ કરી اِنَّا لِلّٰهِ وَ اِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ પઢે. જો એ મુસીબતને ટાઈમ ઘણો થઈ ગયો હોય તો પણ અલ્લાહ તઆલા તેને નવો સવાબ આપશે અને તેવો જ સવાબ આપે છે જેવો કે જે દિવસે મુસીબત આવી હતી અને મળ્યો હતો. *(અહમદ, બયહકી)*

**માંડવી** : હઝરત કુત્બુલ અક્તાબ બાલાપીર બાવા رحمۃ اللہ علیہનો ઉર્સ સોમવારે તા. ૧૯–૮–૨૦૧૩ના રોજ મનાવાયો. સંદલ શરીફ હઝરત પીરે તરીક્ત સૈયદ ક્મરુદ્દીનબાવા સાહબ દરિયાઈ رحمۃ اللہ علیہના મુબારક હાથે ચઢાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે હઝરતે તક્રીર કરી બુઝુર્ગોની શાન વિશે હાજરજનોને દીની જ્ઞાનથી વાકેફ કર્યા હતા. તથા હાફેઝ શહઝાદ ભરૂચવાલા તેમજ ગનીબાપુ (છાલાવાલા)ઓએ નઅત શરીફ પઢી હતી. તેમાં મૌલાના રૂસ્તમ અશરફી સાહબ, ઈસ્હાકભાઈ માસ્તર ભરૂચવાલા તથા ઝહીરુલ્લાહબાવા દરિયાઈ અશરફીઓએ હાજરી આપી. *(રજૂકર્તા : આસિફ મુહમ્મદ દરિયાઈ–કાંરટાશરીફ)*

**ચેતવણી** : એક ભાઈએ છોકરાઓના ફોટાઓવાળા કાગળ (લેટર પેડ) પર ટપાલ લખી મોકલી છે. તો જાણી લેશો કે **''જાનદારના ફોટા ઈસ્લામમાં હરામ છે.''** જેથી એનાથી બચે. વળી કેટલાક રીક્ષાવાળાઓ આજકાલ હીરો, હીરોઈનાનો ફોટા રીક્ષાની અંદર તથા બહાર રાખે છે. શરમની વાત છે કે મુસલમાન થઈને હીરોઈનાના ફોટા લગાડે ! શરીઅતમાં લોકો સમક્ષ પોતાનો શણગાર પ્રદર્શન કરનારીને ''ઝાનિયા'' દર્શાવેલ છે ભલે લોકો તેમને કલાકાર, અદાકાર કહે ! તેમના ફોટા તમે રાખીને કયી બરકત શોધો છો ?! આ કામોથી તૌબા કરો અને આ નહૂસતોને તમારાથી દૂર કરો. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★★★ ::::: પારખેતમાં સુન્ની ઈજતેમા ::::: ★★★

**પારખેત** : (તા. ભરૂચ) મુકામે તા. ૭–૧૦–૨૦૧૩ના રોજ ઈશાની નમાઝ બાદ ''સુન્ની દા'વતે ઈસ્લામી''નો અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા થશે જેમાં અતાએ હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી) મુંબઈથી તશરીફ લાવી નૂરાની બયાન ફર્માવશે.

(કાર્યાલય)

મુનાફિક્ત તે આનુ નામ !

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!

**કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !**

*દારુલ ઉલૂમ અરબિયા–કંથારીયા (તા.જિ. ભરૂચ)ના **મવ. ઈસ્માઈલ મનુબરી** પોતાના વહાબી દેવબંદી પેશવાઓને અનુસરીને નબી વલી માટે ઈલ્મે ગયબ માનવું, ઈખ્તિયાર હોવાનું, તસર્રુફનું માનવું, તેમનાથી મદદ માગવી સદંતર શિર્ક જણાવે છે..... જ્યારે કે કુર્આનની આયતો તથા હદીષો થકી તેમજ સહાબા, તાબઈન, તબેઅ તાબઈન તથા સર્વ અહલે સુન્નતના બુઝુર્ગોના અક઼ીદાઓના સચોટ પુરાવા આપવા છતાં આંધળા, બહેરા, ગુંગા શૈતાન જેમ તે આયતો, હદીષો.....વગેરેથી આંખ આડા કાન કરીને શૈતાન મરદૂદના સંગાથે જહન્નમના માર્ગે પોતાની ટોળી સાથે નીકળી પડયા છે અને તેમના કેટલાયે ટેકેદારોને ત્યાં લઈ જઈ રહ્યા છે. અને ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ કે જેમણે કુર્આન, હદીષ તથા ઉલમાના અક઼વાલ તથા બુઝુર્ગોના અક઼ીદાઓ રજૂ કરીને અલ્લાહની અતાથી નબી વલી માટે ઈલ્મે ગયબ, ઈખ્તિયારનું માનવું, તેમનાથી મદદ ચાહવી એ અહલે સુન્નતનો અક઼ીદો હોવાનું દર્શાવ્યું છે, તો તેમને મઆઝલ્લાહ ! મુશ્રિક લખે છે. અને **અમે આ સીરિઝ (લેખમાળા)માં કેટલાયે વાક઼ેઆ તેમના પ્રિય દેવબંદી મોલ્વીઓના લખેલા સચોટ હવાલા સાથે રજૂ કર્યા કે તેમણે દેવબંદી મોલ્વીઓને ઈલ્મે ગયબ હોવાનું, તેમને ઈખ્તિયાર હોવાનું, તેઓ મદદ કરી શકતા હોવાનું તેમાં દર્શાવ્યું છે, છતાં એ લોકોને મુશ્રિક કહેવાથી મવ. મનુબરીએ તદ્દન ગુંગાપણુ અપનાવી લીધું !** તો આ પરથી ન્યાયપ્રિય કલ્માગો ભાઈઓ જેઓ અજાણપણે દેવબંદિયત તરફ એમના દાઢી જભ્ભા કુબ્બાના જાહેરી ભપકા કે નમાઝોની ઉઠક બેઠકોને જોઈને આકર્ષાયા છે તેમને અમે પ્રેમપૂર્વક દાવત આપીએ છીએ કે મવ. ઈસ્માઈલ મનુબરી કે તેમના સ્થાનિક ચેલા ભલે ન બોલે પણ સુન્ની મહાન આલિમ અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہની લખેલી દેવબંદીઓની પોલ ફોડતી "ઝલઝલા" કિતાબ (જેના આધારે આ લેખમાળા લખાયી જેમાં દેવબંદીઓની ડબલ પોલીસી ખુલ્લી કરવામાં આવી છે) તેના પર જે અવલોકન દેવબંદથી નીકળતા "તજલ્લી" માસિક (ડિસેમ્બર–૧૯૭૨)માં તેના (ત્યારના) આંજહાની તંત્રી આમિર ઉષ્માની દેવબંદીના હસ્તે લખાયું હતું તેને વાંચો, વિચારો અને હક઼્ને સ્વીકારો એમાં સૌની ભલાઈ છે.*

**★ આમિર ઉષ્માની દેવબંદીનો 'તક઼વિયતુલ ઈમાન'.....વગેરે દેવબંદી કિતાબો જાહેરમાં સળગાવી દેવાનો આદેશ ! ★**

તજલ્લી માસિક દેવબંદના તંત્રી લખે છે : આ કિતાબ (ઝલઝલા)માં વિદ્વાન લેખકે (અલ્લામા અર્શદુલ ક઼ાદરીએ) દેવબંદી ઉલમાના લખાણથી સ્પષ્ટ કર્યું છે કે એ શ્રીમાનો અક઼ીદાઓના મામલામાં સખ્ત વિરોધાભાસના શિકાર બન્યા છે અને જે કાર્યોને કારણે તેઓએ બરેલ્વીઓને સંબંધે બિદઅત, શિર્ક અને કુફ્ર વગેરે લખેલ છે તેને તેઓએ પોતાના બુઝુર્ગોને માટે 'ઐન ઈમાન' બતાવી રાખેલ છે !

**આ કિતાબ (ઝલઝલા) દસ્તાવેજી સચ્ચાઈઓ અને રદ કરી શકાય નહીં તેવા મજબૂત પુરાવાઓને આધારે લખાએલી છે** અને કિતાબના વિદ્વાન લેખકે ગંભીરતાનું પાલવ પોતાના હાથમાં સંભાળી રાખેલ છે. એટલે કોઈ કારણ નથી કે અમે તટસ્થ રિવ્યુ (અવલોકન)ની ફરજ અદા ન કરીએ.

કિતાબ (ઝલઝલા)ની તરતીબ (ક્રમ) આ પ્રમાણે છે કે, વિદ્વાન લેખક એક તરફ હઝરત ઈસ્માઈલ દહેલ્વી શહીદની કિતાબ 'તકવિયતુલ ઈમાન' અને બીજા દેવબંદી ઉલ્માની લખેલી કિતાબોથી એ બતાવતા જાય છે કે, અંબિયા અને અવલિયાના હક્કમાં ઈલ્મે ગયબ અને તસર્રુફના અકીદાને દેવબંદી ઉલ્માઓએ શિર્ક, બિદઅત અને તવહીદ વિરૂદ્ધ જાહેર કરેલ છે અને બીજી તરફ દેખાડે છે કે એ જ દેવબંદી ઉલ્માને ત્યાં પોતાના બુઝુર્ગોના હક્કમાં તમામે તમામ અકીદાઓ જેમના તેમ મૌજૂદ છે !

વાત ખરેખર ખૂબ જ ગંભીર છે ! (ઝલઝલા) કિતાબના લેખકે એવું પણ હરગિઝ કર્યું નથી કે, અહીં તહીંથી નાના મોટા ફકરાઓ ઉઠાવીને તેનાથી અર્થો પેદા કર્યા હોય, બલ્કે તેમણે પૂરેપૂરા વાકિઆ લીધા છે અને પોતાના તરફથી કંઈ જ અર્થો તારવ્યા નથી. અમે જો કે દેવબંદી વર્તુલથી સંબંધિત છીએ પરંતુ અમને તેનો સ્વીકાર કરવામાં લેશમાત્ર વાંધો નથી કે અમારા જ (દેવબંદી) બુઝુર્ગો સંબંધેની અમારી જાણકારીમાં આ કિતાબ (ઝલઝલા)ને કારણે સારો એવો વધારો થયો છે, **અમે આશ્ચર્યમાં ગરકાવ થયા છીએ કે બચાવ કરીએ તો કેવી રીતે ? બચાવ કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી, કોઈ મહાનથી મહાન આલિમ કે તર્કશાસ્ત્રી એ આરોપોને જૂઠા ઠરાવી શકે તેમ નથી જે આ કિતાબ (ઝલઝલા)માં સંખ્યાબંધ દેવબંદી ઉલમા પર લગાડવામાં આવ્યા છે.** અમે જો અંધશ્રધ્ધાળુ અને ફિર્કાપરસ્ત હોત તો બસ એટલું જ કરી શકયા હોત કે આ કિતાબ (ઝલઝલા)ની કાંઈ ચર્ચા જ કરી ન હોત, પરંતું ખુદા બચાવે વ્યક્તિપૂજા અને વર્તુલબંદીના બાતિલ માનસથી. અમારે અમારી સાચી ફરજ અદા કરવી જોઈએ તે એ કે હક્કને હક્ક કહીએ અને **હક્ક એ જ છે કે સંખ્યાબંધ દેવબંદી ઉલ્મા પર વિરોધાભાસી હોવાનો આરોપ આ કિતાબ (ઝલઝલા)માં દલીલો સહિત લગાડવામાં આવ્યો છે તે અટલ છે.**

આ દેવબંદી સાહિત્યની મશહૂર કિતાબો 'અરવાહે ષલાષહ' 'તઝકેરતુર્રશીદ' 'સવાનેહે કાસિમી' 'અશ્રફુસ્સવાનેહ' 'અન્ફાસે કુદ્સિયહ' 'અલ્જમીઅતનો શયખુલ ઈસ્લામ નંબર' વગેરે તેને જોવાનો અને ક્યાંક ક્યાંકથી વાંચવાનો મોકો તો કદાચ મલ્યો હશે, પરંતું એ તો 'ઝલઝલા' કિતાબથી જાણવા મળ્યું કે તેમાં કેવી કેવી વિચિત્રતાઓ અને અનકહાનિયાં સંઘરવામાં આવી છે ! અસ્તગફિરુલ્લાહ ! ષુમ્મ અસ્તગફિરુલ્લાહ ! **ખરી વાત તો એ છે કે કોઈ નગ્ન નોવેલ પણ તેના વાંચકોને એટલુ નુકસાન પહોંચાડી શકતી નથી, જેટલું નુકસાન આ (દેવબંદી મોલ્વીઓની) કિતાબોએ પહોંચાડયું હશે,** તેના અન્ય પૃષ્ઠો પર ભલે સચ્ચાઈ અને ઈલ્મોના ઢગલાઓ જોવામાં આવે, પરંતું જે લખાણો કિતાબ ઝલઝલામાં રજૂ કરવામાં આવ્યાં છે તે એટલા માટે પૂરતાં છે કે સીધા સાદા વાંચકોના તવહીદની કલ્પનાના ભુક્કા ઉડાવી દે અને તેમને ખુદાપરસ્તીને સ્થાને બુઝુર્ગપરસ્તીનો એવો સબક આપે જેના ઝેરનો કોઈ ઉતાર જ ન હોય.

(ઝલઝલા કિતાબના) **લેખક વારંવાર પૂછે છે કે, ઉલ્માએ દેવબંદ પાસે આ વિરોધાભાસનો શું જવાબ છે ? ઈન્સાફ તો એ છે કે આ સવાલનો જવાબ મૌલાના મન્ઝૂર નુઅમાની અથવા મૌલાના મુહમ્મદ તૈયબ સાહેબે આપવો જોઈએ. પરંતું તેઓ તેનો જવાબ હરગિઝ આપશે નહીં, કેમ કે જે વાંધાઓ એક રદ કરી શકાય નહીં તેવી સચ્ચાઈની હૈસિયત રાખતા હોય, તેનો જવાબ શું આપી શકાય છે ?** પરંતું અમારે જો કે દેવબંદી ઉલ્માની આંધળી વકીલાત કરવી નથી, એટલે એક મોટો જવાબ અમે આપીએ છીએ કે મર્હૂમ દેવબંદી ઉલ્મા માત્ર આલિમો જ ન હોતા, બલ્કે સૂફી અને

શયખ પણ હતા, તસવ્વુફ ગમે તેટલો સજાગ હોય તે પોતાની સાથે 'કશ્ફ' 'કરામત' અજાયબીઓ અને તસર્રુફાતના તિલિસ્મખાના જરૂર લાવે છે, ત્યાર પછી એ તિલિસ્મખાના સીધા સાદા મુરીદોની અકીદતમંદીઓ અને ખૂશફહેમીયોમાં એકત્રિત થઈ જાય છે, ત્યાં સુધી કે શરીઅતના નિશ્ચિત થઈ ચૂકેલા સિધ્ધાંતોને માટે તેની હૈસિયત એક ચેલેંજની જેમ બની જાય છે, અને કુર્આન અને સુન્નતને ચોક્કસ ધોરણ બનાવનારાઓની જબાનો એ કહેવાને માટે મજબૂર થઈ જાય છે કે તસવ્વુફ નશો છે, શરીઅતનો દુશ્મન છે ! *(આ જવાબથી અમે સહમત નથી, એમાં પણ ''તસવ્વુફ''ને ગાળો ભાંડવાની ગુમરાહી છે ! –તંત્રી બરકાતે ખ્વાજા–માસિક)*

અમારો ખયાલ છે કે, 'તઝકેરતુર્રશીદ' અને 'સવાનેહે કાસિમી' અને 'અશરફુસ્સવાનેહ' જેવી કિતાબોથી એ આશા હરગિઝ રાખવી જોઈએ નહીં કે તે કિસ્સા કહાણીઓ અને ખોટા ખરાના મિશ્રણોથી પર હશે, પ્રશંસક વર્ગ પોતાના બુઝુર્ગોની બાબતો લખવા બેસે છે ત્યારે એ અશક્ય છે કે તેઓ રિવાયતની કલાના એ ઉચ્ચતર ધોરણનો લેહાજ રાખી શકે જેનાથી હદીષોને જાંચવા પરખવામાં આવે છે, એટલે રડવું માત્ર એ સીધા સાદા મુરીદોનું નથી કે જેઓ આલિમ નથી, બલ્કે આ રાહમાં સારા સારા અલ્લામા અને પ્રગતિશીલ શ્રીમાનો પણ એક જ રંગમાં રંગાએલા જોવામાં આવે છે, આ 'સ્વાનેહ કાસિમી' કિતાબના વિદ્વાન સંપાદક મૌલાના મનાઝિર એહસન ગીલાની શું મામૂલી દરજ્જાના આલિમ હતા ? આ 'તઝકેરતુર્રશીદ'ના કર્તા માનવંતા મૌલાના આશિક ઈલાહી મેરઠી શું જાહિલ વર્ગના હતા ? આ અન્ફાસે કુદ્સિયહના મુહતરમ લેખક મુફતી અઝીઝુર્રહમાન સાહેબ બીજનોરી શું અભણ માનવી છે ? આ 'અલજમીઅત'નો 'શયખુલ ઈસ્લામ નંબર' અને 'ખ્વાજા ગરીબ નવાઝ નંબર' પ્રસિદ્ધ કરનારા શું ગયર આલિમ છે ? અને આ અરવાહે ષલાષહના લેખક અમીરશાહખાન શું કબાડી બજારની વસ્તુ હતા ? નહીં ! એ બધાયે ખૂબ જ લાયક ઉલ્માએ શરીઅત છે, માશાઅલ્લાહ ! તેમાં જરા પણ શંકા નથી, **બીજાઓના વિચારો અને અકીદાઓની બાબતોમાં ખૂબ ખૂબ ઉલટ તપાસ કરીને બાલની ખાલ કાઢવા અને તેની ટીકાઓ કરવામાં તેમની કાબેલિયત મશીનગનથી જરા પણ ઓછી નથી, પરંતું એ જ શ્રીમાનો જ્યારે પોતાના (દેવબંદી) બુઝુર્ગોના અહેવાલ બયાન કરવા બેસે છે ત્યારે તેઓ પોતાની એ કાબેલિયતને અભરાઈ પર ચડાવી દઈ અને એ બધુંયે ભૂલી જાય છે કે આપણે ક્યાં અને ક્યારે શું ફત્વો આપ્યો છે અને શું ફેંસલો સાદર કર્યો હતો ?! ખૂદ આપણે અને આપણા બુઝુર્ગોએ કેટલી હદે સખ્તાઈપૂર્વક તવહીદ અને શિર્ક, સુન્નત અને બિદઅતના રહસ્યો ઉકેલ્યાં હતાં ?**

વાત ખૂબ જ કડવી છે પરંતું સો એ સો ટકા સાચી છે કે દેવબંદી વિચારધારાના ખમીરમાં પણ આંધળુ અનુકરણ અને મસ્લકી ઈર્ષા સારા પ્રમાણમાં ગુંથાએલી છે, અને દેવબંદી વિચારસરણીનો લગભગ દરેક આલિમ પ્રથમ દિવસથી જ એવી કલ્પનામાં રાચતો હોય છે કે જો કુર્આનને કોઈએ બરાબર સમજ્યું છે તો તે અમારો જ ફલાણો શયખુત્તફસીર છે, અને ઈલ્મુલહદીષની ખૂબ જ ઊંડાણમાં કોઈ ઉતર્યો હોય તો તે અમારો ફલાણો શયખુલ હદીષ છે, જો વિલાયત અને નબુવ્વત, તરીકત અને તસવ્વુફના ગુઢ રહસ્યોને કોઈએ ઉકેલ્યાં હોય તો તે અમારા ફલાણા ફલાણા શયખો છે. આ પ્રમાણેની કલ્પનાઓની સાથે સાથે આ અકીદાઓ પણ તેમના દિલોમાં ઘર કરેલા છે કે એ બધાયે (દેવબંદી આલિમો) ભૂલચૂકથી પર હતા, માસૂમ તો તેઓ એટલા માટે કહી શકતા નથી કે એ શબ્દ અંબિયા માટે ખાસ છે પરંતું ભૂલચૂકથી પર અથવા સુરક્ષિત શબ્દનો ઉપયોગથી તેમનો મકસદ માસૂમ જ છે ! એટલું જ નહીં તેમનો આ પુખ્ત ખયાલ છે કે તેમનો દરેકે દરેક બુઝુર્ગ ઝોહદ અને તકવાની સાથે સાથે બુધ્ધિ અને સમજદારીમાં પણ બુકરાત અને અરસ્તુથી હરગિઝ કમ નથી.

ગમે તે હોય અત્યારે આ કિતાબ (ઝલઝલા) નકદ જવાબ માંગી રહી છે તેનાથી છૂટકારો મેળવવાની રીત આખરે શું હશે ? **પોતાની કોઈ ભૂલનો સ્વીકાર કરવાનું આજના દેવબંદી બુઝુર્ગો શીખ્યા જ નથી. તેમણે માત્ર એટલું જ શીખ્યું છે કે બસ આપણી કહેતા જાવ, બીજા કોઈની કોઈ વાત સાંભળો જ નહીં !** ઈન્શાઅલ્લાહ ! આ કિતાબ (ઝલઝલા)ની સાથે પણ તેમનો સુલૂક જુદો નહીં જ હોય !

આ કિતાબ (ઝલઝલા)એ અમને અમારા (દેવબંદી) બુઝુર્ગોની જે વિચિત્ર ને તર્ક બુધ્ધિથી પર એવી કરામતોથી વાકેફ કરેલ છે, તેનું તો શું કહેવું ?! એક ખૂબ જ કિંમતી ફકરો અમે અહીં જરૂર રજૂ કરશું જેણે અમને હૈરતના દરિયામાં ગર્ક કરી દીધા છે.

સૈયદ ઈસ્માઈલ શહીદ સંબંધી અમારી માન્યતા હતી કે તેમણે અલ્લાહનો કલ્મો બુલંદ કરવા ખાતર એ રાહમાં જાન આપી અને આજે પણ અમે એમ જ માનીએ છીએ પરંતું અમારા મર્હૂમ ઉસ્તાદ (હુસૈન અહમદ ટાંડવી) મદનીએ પોતાની કિતાબ નામે 'નક્શે હયાત'માં લખ્યું છે કે :

સૈયદ (ઈસ્માઈલ દહેલ્વી) સાહેબનો મૂળ મકસદ જો કે ભારતમાંથી અંગ્રેજી સત્તાને નામશેષ કરવાનો હતો જેને કારણે હિંદુ અને મુસલમાન બંને પરેશાન હતા, એ કારણે તેમણે તેમની સાથે લડવા માટે હિંદુઓને પણ આમંત્રણ આપ્યું અને તેમને સાફ સાફ બતાવ્યું કે, તેમનો એક માત્ર હેતુ દેશમાંથી વિદેશી લોકોની સત્તાને ખતમ કરવાનો છે, ત્યાર પછી હુકૂમત કોની થશે તેની સાથે તેમને કંઈ જ નિસ્બત નથી, જે લોકો હુકૂમત કરવાને લાયક હશે હિંદુ અથવા મુસલમાન અથવા બંને તેઓ હુકૂમત કરશે." *(નક્શે હયાત, જિ–૨, પેજ–૧૩, ૧૪૨)*

ઉપરોક્ત લખાણ પર ઝલઝલાના વિદ્વાન લેખકે જે ટીકા કરી છે તે આ પ્રમાણે છે : "તમે જ ઈન્સાફથી બતાવો કે ઉપરોક્ત હવાલાની રોશનીમાં સૈયદ (રાયબરેલ્વી તથા ઈસ્માઈલ દહેલ્વી) સાહેબના એ લશ્કર સંબંધી એ સિવાય બીજું શું કહી શકાય કે તે ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના સ્વંયસેવકનું એક દળ હતું જે ભારતમાં સેક્યુલર સ્ટેટ (બિન મઝહબી હુકૂમત) સ્થાપવા માટે તૈયાર થયું હતું." *(ઝલઝલા, પેજ–૧૪૨)*

અમે ગમે તેટલું પક્ષપાતી વલણ અપનાવીએ, વધુમાં વધુ એટલું જ કહી શકીશું કે આ ટીકામાં થોડીક સખ્તાઈ આવી ગઈ છે, પરંતું તર્કની દષ્ટિએ તેમાં કાંઈ ખામી છે ? કાંઈ જૂઠાણુ છે ? કોઈ ખોટો આરોપ છે ? હરગિઝ નહીં ! કાંઈ જ શંકા નથી. **જો ઉસ્તાદે મુહતરમ હઝરત (હુસૈન એહમદ ટાંડવી) મદની સાહબના ઉપરોક્ત કથનને સાચું માની લેવામાં આવે તો હઝરત (ઈસ્માઈલ દહેલ્વી)ની શહાદત માત્ર કપોળ કલ્પિત કહાણી બની જાય છે.** જાહેર તકલીફો અને પરેશાનીઓ દૂર કરવા માટે વિદેશી હુકૂમતોનો ખાત્મો કરવાના પ્રયાસો કરવા એટલી હદે મુકદ્દસ નથી, એવા પ્રયાસોમાં કાફિર અને મોમિન બંને સમાન છે, આ પ્રકારની કોશિશ દરમિયાન માર્યા જવું એ શહાદતથી ભલા શું સંબંધ રાખશે જે ઈસ્લામની એક ખૂબ જ પ્રિય અને નિશ્ચિત પરિભાષા છે ?! આ પ્રકારની કોશિશને પરિણામે કેદ અને બીજી સજાઓની મુસીબતો ઉઠાવવી તેનો આખેરતમાં કોઈ નેક બદલો મળી શકે નહીં.

હઝરત મૌલાના રશીદ અહમદ ગંગોહી અથવા હઝરત મૌલાના અશરફઅલી થાનવી જેવા બુઝુર્ગો જ્યારે ફતવાની ઝબાનમાં વાત કરે છે ત્યારે એ બાબતો અને એ અકીદાઓને બેધડક શિર્ક, કુફ્ર, બિદઅત અને ગુમરાહી જાહેર કરે છે, જેનો સંબંધ ગયબના ઈલ્મ અને રૂહાની તસર્રુફ અને તસવ્વુરે શયખ અને રૂહો દ્વારા ઈમદાદ જેવા કાર્યો સાથે છે. પરંતું તેઓ જ્યારે તરીકત અને તસવ્વુફની ઝબાનમાં વાત કરે છે તો એ તમામે તમામ બાબતો બિલકુલ સાચી, ઐન કમાલે વિલાયત અને મહાનતાની નિશાનીઓ બની જાય છે !

"જો અમે માની લઈએ કે એ બુઝુર્ગો પ્રત્યે બીજા લોકોએ જે કાંઈ સંબંધિત વધુ પેજ નં. ૩૦....પર

# સહાબાનો ઈશ્કે રસૂલ ﷺ અકીદા તથા અમલની રોશનીમાં

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)*

સહાબી એવા ખુશનસીબ મુસલમાનને કહે છે જેમણે રસૂલે કરીમ ﷺની સંગત ઈમાનની હાલતમાં પામી હોય અને ઈમાન પર જ વફાત પામ્યા હોય. સહાબાએ કિરામ عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ બારગાહે રિસાલતના તર્બિયત યાફતા અને ઉસ્વએ રસૂલ (રસૂલે પાક ﷺની લાઈફ સ્ટાઈલ)ના રંગમાં સંપૂણ રંગાએલ હતા. રસૂલે પાક ﷺની એક એક અદા તેઓને એટલી પ્યારી અને મહબૂબ હતી કે કેવળ તેને અપનાવતા જ નહીં બલ્કે તેના પર મરી મિટવાનો જઝ્બો પણ ધરાવતા હતા. સહાબાએ કિરામે એ મહાન અમાનત પોતાના સીનાઓમાં સુરક્ષિત રાખીને આવનાર પેઢીઓ સુધી જેમની તેમ પહોંચાડી. તેઓએ આપ ﷺની બારગાહથી પોતાના અમલ અને અકીદાઓ સમાર્યા, એટલા માટે **સહાબાએ કિરામના અમલ તથા અકીદાઓ કયામત સુધીના મુસલમાનો માટે દલીલરૂપ છે. રસૂલે કરીમ ﷺએ તેમના અનુસરણને સંપૂર્ણ હિદાયત ઠરાવ્યું.** અત્રે અમુક નમૂના રજૂ કરવામાં આવે છે જેમને અપનાવી દુનિયા તથા આખેરતને સફળ બનાવી શકાય છે.

## ★ સહાબાએ કિરામના મા'મૂલાત (અમલો) ★

**રસૂલે કરીમ ﷺસાથે સહાબાએ કિરામની અપાર મહોબ્બત** : જ્યારે સહાબાએ કિરામ રસૂલુલ્લાહ ﷺને જોતા તો તા'ઝીમમાં ઉભા થઈ જતા. હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત છે : "જ્યારે અમે આપ ﷺને ઉભા થયેલા જોતા તો અમે ઉભા થઈ જતા અને જ્યારે આપ બેસી જતા તો અમે પણ બેસી જતા." *(મુસ્નદે અહમદ, ૧/૧૩૪)*

જ્યારે સહાબાએ કિરામના બાગો પાકતા તો હમેશાં બાગનું પહેલુ ફળ હુઝૂરે અકદસ ﷺની ખિદમતમાં પેશ કરતા. સહાબાએ કિરામના સદભાગ્યનો એ આલમ હતો કે જ્યારે પણ એમનામાંથી કોઈને ત્યાં પુત્ર કે પુત્રીનો જન્મ થતો તો તેને તુરંત જ આપની બારગાહમાં પેશ કરતા જેથી આપ ﷺ એને ઘૂંટી આપે અને એનું નામ રાખી દે. તેમની આરઝૂ રહેતી કે બાળકના પેટમાં સૌ પ્રથમ જે ચીજ જાય તે આપ ﷺનું લુઆબે દહન અથવા આપની ચાવેલી ખજૂર હોય.

જ્યારે સહાબાએ કિરામને ત્યાં કોઈ બીમાર થતું અથવા કોઈ જાહેરી કે આંતરિક પરેશાની અથવા તકલીફ ઉભી થતી તો તુરંત રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં હાજર થઈ જતા.

ફજરની નમાઝ પછી સહાબા વાસણોમાં પાણી લઈ બારગાહે રિસાલતમાં હાજર થતા. જેમ કે હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે : "રસૂલુલ્લાહ ﷺ જ્યારે ફજરની નમાઝ અદા ફર્માવી લેતા તો મદીનાવાસીઓના ખાદિમો વાસણોમાં પાણી લઈ હાજર થતા. આપ ﷺ દરેક વાસણમાં હાથ (મુબારક) નાખતા. કેટલીકવાર ઠંડી હોતી તો પણ આપ ﷺ તેમાં હાથ (મુબારક) નાખતા." *(સહીહ મુસ્લિમ, કિતાબુલ ફઝાઈલ)*

કેટલીકવાર સહાબાએ કિરામ આપ ﷺ સાથે મહોબ્બતનો ઈઝહાર આ રીતે પણ કરતા કે અર્ઝ કરતા : યા રસૂલલ્લાહ ﷺ ! આપ અમારે ત્યાં

તશરીફ લાવો, નફલ નમાઝ પઢો, જેથી અમારા ઘરોમાં બરકત થાય. અને આપ ﷺ પણ તેમની દરખાસ્ત મંજૂર ફર્માવી તેમના ઘરે જઈ નફલ પઢતા. સહાબાએ કિરામની કોશિશ એ રહેતી કે તેઓ પણ તે જ સ્થળે નમાઝ પઢે જ્યાં આપ ﷺએ નમાઝ અદા ફર્માવી.

સહાબાએ કિરામની આદત હતી કે જ્યારે મદીના શરીફથી બહાર ક્યાંક સફર પર જતા તો પરત થતી વેળા પહેલા આપ ﷺની ખિદમતમાં હાજર થઈ સલામ અર્ઝ કરતા, પછી જ પોતાના ઘરે જતા. કેટલાક સહાબાએ કિરામની મહોબ્બતનો એ આલમ હતો કે જો તેઓ દરરોજ આપ ﷺનો દીદાર ન કરતા તો એમને પોતાની મૌતનો ભય થવા લાગતો.

કેટલાક સહાબા તો એવા હતા જેઓ આપ ﷺથી ઉમરમાં મોટા હતા તેમ છતાં અદબનો એ આલમ હતો કે જ્યારે પણ ઉમરમાં મોટા હોવાની વાત ચાલતી તો તેઓ પોતના ઉમરમાં મોટા હોવાની વાત પણ ન કરતા. રાહે ખુદામાં જાનનું નઝરાણુ આપવામાં સહાબાએ કિરામને જે લિજ્જત મળતી તે દુનિયાની કોઈ વસ્તુમાં ન મળતી. હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہએ ફારસવાળાઓને જે પત્ર લખ્યો હતો તેમાં લખ્યું હતું કે : જે રીતે તમને શરાબમાં લિજ્જત મળે છે તો તેમને (સહાબાને) તેના કરતાંય કેટલીય અધિક લિજ્જત રાહે ખુદામાં કત્લ થવામાં મળે છે.

**સહાબાએ કિરામની નમાઝ :** તમામ **સહાબાએ કિરામની આદત હતી કે જમાઅતની સાથે જ નમાઝ પઢતા અને મુનાફિકો સિવાય કોઈ જમાઅતથી ગેરહાજર ન રહેતું.** હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે : અમારો અનુભવ છે કે **નમાઝથી પાછળ નથી રહેતો પરંતું ખુલ્લો મુનાફિક !** અથવા બીમાર. અને બીમારની એ હાલત હોતી કે બે વ્યક્તિઓ વચ્ચે ચલાવી નમાઝ માટે લાવતા. અને (આપ) ફર્માવતા કે રસૂલુલ્લાહ ﷺએ અમને સુનનુલ હુદાની તા'લીમ ફર્માવી છે. અને જે મસ્જિદમાં અઝાન થાય છે તેમાં નમાઝ પઢવી સુનનુલ હુદા છે. *(સહીહ મુસ્લિમ શરીફ, ૧/૨૩૨, મજલિસે બરકાત)*

**સહાબાએ કિરામ થકી નમાઝમાં રસૂલની તાઝીમ ! :** સહાબાએ કિરામના અદબનો આલમ એ હતો કે નમાઝની હાલતમાં પણ આપ ﷺની બરાબર ઉભા ન રહેતા. જો આપ ﷺ ઉભા કરતા તો પાછળ ખસી જતા. આપ ﷺ જમાઅત ઉભી થયા પછી તશરીફ લાવતા તો સફો વચ્ચે રસ્તો કરી દેતા. સૈયદોના સિદીકે અકબર رضی اللہ عنہ ઈમામતનો મુસલ્લો છોડી પહેલી સફમાં આવી જતા. આપ ﷺ એમને નમાઝ પઢાવવાનો હુકમ આપતા પરંતું તેઓ એ વિચારી પાછળ આવી જતા કે હું રસૂલુલ્લાહ ﷺથી આગળ કઈ રીતે ઉભો થઈ શકુ !

**સહાબાએ કિરામ અને ઈબાદતમાં અધિકતા :** સહાબાએ કિરામ નમાઝ અને જમાઅતના તો સખત પાબંદ હતા જ સાથોસાથ ફર્ઝ, વાજિબ તથા સુન્નત સિવાય નફલ નમાઝો પણ પુષ્કળ પ્રમાણમાં પઢતા અને રાતનો અધિકતમ ભાગ ઈબાદત તથા તિલાવતમાં ગુજારતા. તેમની આ શાન વર્ણન કરતાં અલ્લાહ عزوجل ફર્માવે છે :–

**كَانُوْا قَلِيْلًا مِّنَ الَّيْلِ مَا يَهْجَعُوْنَ۔ وَبِالْاَسْحَارِهُمْ يَسْتَغْفِرُوْنَ۔ وَ فِیْۤ اَمْوَالِهِمْ حَقٌّ لِّلسَّآئِلِ وَالْمَحْرُوْمِ۔**

"તેઓ રાત્રે થોડુક સૂતા અને મોડી રાત્રે ઈસ્તિગફાર કરતા (એટલે ગુનાહોથી માફી ચાહતા) અને તેમના માલોમાં હક્ક હતો માંગનારાઓ બેનસીબોનો." *(અઝ્ઝારિયાત, આ. ૧૭ થી ૧૯)*

સામાન્યતઃ સર્વ સહાબાએ કિરામનો એ હાલ હતો કે રાતો ગફલતમાં ન ગુજારતા બલ્કે અલ્લાહ તઆલાના ઝિક્ર તથા ઈબાદતમાં રાત ગુજારતા. ખાસ કરીને સહેરીનો સમય જે દુઆની કબૂલિયત અને બંદાઓ તરફ અલ્લાહની રહમતના દયાનિત

થવાનો સમય છે તે સમયે દુઆ ઈસ્તિગફારમાં વ્યસ્ત રહેતા.

**★ આપ ﷺની ખિદમત માટે વારી નક્કી કરતા ★**

આપ ﷺની ખુશીને દારૈનની સઆદત (બંને જહાનની ખુશનસીબી) સમજતા. આપ ﷺના આરામને પોતાના આરામ પર અગ્રિમતા આપતા. સહાબાએ કિરામની કોશિશ એ જ રહેતી કે આપ ﷺની મુબારક સંગતમાં હમેશાં રહે જેથી આપના દીદાર, તા'લીમો તર્બિયત વગેરેથી વધુમાં વધુ જાણકારી મેળવે અને એના માટે વારી નક્કી કરી લેતા જેથી વધુને વધુ ફયઝ પામે.

**આપ ﷺના ફક્રો ફાક઼ાને જોઈને સહાબાએ કિરામ પણ રડી પડતા :** આપ ﷺએ ફક્રો ફાક઼ાનું જીવન અપનાવી રાખ્યું હતું એટલા માટે કેટલાય દિવસ ફાક઼ામાં પસાર થતા. સહાબાએ કિરામ આપ ﷺની સ્થિતિ જોઈને રડી પડતા.

**કબ્રની યાદ આવતી તો રડી પડતા :** આપ ﷺએ સહાબાએ કિરામ વિશે ફર્માવ્યું **"મારા સહાબાને બુરુભલુ ન કહો, જો તમે ઉહદ પહાડ બરાબર સોનુ ખર્ચ કરો તો પણ તે એમના એક મુદ (અડધો સેર જવ)ના બરાબર નહીં થાય."** *(મદારિજુન્નબુવ્વત)*

કુર્આનમાં બધી ફઝીલત હોવા છતાં તેઓ હમેશાં અલ્લાહની યાદમાં મગ્ન રહેતા. અલ્લાહ તઆલાના ખૌફનો એ આલમ હતો કે જ્યારે કબ્રની યાદ આવતી તો પોક મૂકીને રડી પડતા, ત્યાં સુધી કે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ જેમને રસૂલુલ્લાહ ﷺએ જન્નતની બશારત અતા ફર્માવી હતી છતાં, એમના વિશે છે કે : જ્યારે કોઈ કબ્ર પાસે ઉભા રહેતા તો એટલુ રડતા કે દાઢી ભીની થઈ જતી. *(મિશ્કાત શરીફ, અઝાબે કબ્ર, પેજ–૨૬)*

**ઈશ્કનો અજોડ જઝબો :** સહાબાએ કિરામને રસૂલુલ્લાહ ﷺ સાથે એવી મહોબ્બત હતી કે જેનું દષ્ટાંત ઈતિહાસમાં નથી મળતું. તાજદારે મદીના ﷺનું થૂક મુબારક પણ જમીન પર આપના દીવાના ન પહોંચવા દેતા, બલ્કે વચ્ચેથી હાથો પર લઈ લેતા અને જે ખુશ નસીબને મળતુ તે ચેહરા પર માલિશ કરી લેતો, છાતી પર તથા અન્ય ભાગો પર માલિશ કરતો. દરેક ચાહતો કે તે પોતાને મળી જાય, જેથી પડાપડી કરતા, એવું જણાતુ કે જાણે લડી પડશે ! અને જેને ન મળતુ તે બીજા સાથીના હાથથી તરી લઈ લતો.

હઝરત હુઝૈફા ﷺથી રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ ﷺને મક્કા શરીફના અબતહમાં જોયા જ્યારે આપ ચામડાના લાલ ખૈમા (તંબૂ)માં જલ્વા અફરોઝ હતા અને મેં હઝરત બિલાલ رضی اللہ عنہને જોયા કે તેમણે હુઝૂર ﷺનું વાપરેલું પાણી એક લગનમાં લીધુ અને લોકોને જોયા કે એ પાણી તરફ દોડી રહ્યા છે તો જેને એમાંથી કાંઈક મળી ગયું તેણે પોતાના ચહેરા વગેરે પર ઘસી લીધું અને જેને ન મળ્યું તેણે પોતાના સાથીના હાથોથી તરી લઈ લીધી. *(બુખારી શરીફ)*

સહાબાએ કિરામ આપ ﷺની સાથે કેટલી હદે મહોબ્બત કરતા હતા તેનો અંદાઝો લગાડવો મુશ્કેલ છે. હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે : મેં રસૂલુલ્લાહ ﷺને જોયા કે **એક વ્યક્તિ આપના સર મુબારકને મૂંડી રહ્યો હતો અને સહાબાએ કિરામ આપની આજુબાજુ ઘેરો નાખેલ છે અને નથી ચાહતા કે એક બાલ મુબારક પણ કોઈના હાથના બદલે જમીન પર પડે.** *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૧)*

સહાબાએ કિરામ જ્યારે બારગાહે રિસાલતમાં હાજર થતા તો અત્યંત અદબ તથા એહતેરામની સાથે વર્તુળ બનાવી બેસતા અને નિગાહો નીચી રાખતા. હઝરત ઓસામા બિન શરીક رضی اللہ عنہ ફર્માવે છે : હું બારગાહે રિસાલતમાં હાજર થયો તો આપના સહાબા આપની આજુબાજુ બેઠેલા હતા અને તેમની

સ્થિતિ એવી હતી કે જાણે એમના માથા પર પક્ષી બેઠેલાં હોય. *(મદારિજુન્નબુવ્વત, ભાગ-૧)*

આપ ﷺ સહાબાએ કિરામની સાથે કોઈ મહેમાનને મોકલતા તો સહાબાએ કિરામ એમની એટલી મહેમાનનવાઝી કરતા કે એમને કોઈ પ્રકારની પરેશાની ન થતી. ઘરમાં ખાણુ ઓછું હોતું તો પોતે ભૂખા સૂઈ જતા, પોતાના બીવી બચ્ચાંઓને ભૂખ્યા સૂવડાવતા પરંતુ મહેમાનને ભરપેટ ખવડાવતા. ત્યાં સુધી કે જંગ દરમ્યાન ઝખ્મી થઈ તરસથી બેજાન થઈ જતા અને આવી હાલતમાં પણ કોઈ પાણી આપતું તો એ વિચારી પાણી ન પીતા કે શક્ય છે કે મારાથી અધિક કોઈ મુસલમાન ભાઈ તરસ્યો હોય ! જેમ કે જંગે યરમૂકમાં એની ઝલક જોવા મળે છે.

હઝરત હુઝૈફા رضی اللہ عنہ બયાન ફર્માવે છે : હું જંગે યરમૂકમાં ઝખ્મી થયેલા સહાબાએ કિરામમાં મારા કાકાના પુત્રને શોધવા નીકળ્યો. મારી પાસે થોડુ પાણી હતું. મારો ખયાલ હતો કે એમને પાણી પીવડાવીશ. જ્યારે મેં એમને જોયા અને પૂછયું કે પાણી આપું તો માથાના ઈશારાથી ફર્માવ્યું, હા ! હું એમને પાણી પીવડાવવા ગયો એવામાં એક ઝખ્મી મુસલમાનના તડપવાનો અવાજ આવ્યો. મારા ભાઈએ ઈશારો કર્યો કે પહેલાં એમને પાણી પીવડાવી આવો. તે હઝરત હિશામ બિન આસ હતા. જ્યારે એમની પાસે પહોંચ્યો તો એમણે પણ એક ઝખ્મી મુસલમાનનો અવાજ સાંભળ્યો. મને ઈશારાથી કહ્યું કે પહેલાં તેમને પાણી પીવડાવો. હું તેમની પાસે પહોંચ્યો તો તેમનો વિસાલ થઈ ચૂકયો હતો. હું હઝરત હિશામ પાસે આવ્યો તો એ પણ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા હતા. હવે હું મારા ભાઈ પાસે આવ્યો તો તેઓ પણ અલ્લાહને પ્યારા થઈ ગયા હતા. *(અલ્ જામિઉલ અહકામિલ કુર્આન લિલ્ કુર્તબી, ૧૮-૨૦)*

**હર હાલતમાં આપ ﷺના અવાજ પર લબ્બૈક કહેતા** : સૈયદે આલમ ﷺ જ્યારે પણ કોઈ સહાબીને યાદ ફર્માવતા તો તેઓ કોઈ પણ હાલતમાં હોતા આપની બારગાહમાં હાજર થઈ જતા. કેટલાક સહાબાએ કિરામ તો રાત પણ આપની ચોખટ પર પસાર કરતા. અમુક સહાબાએ કિરામની સ્થિતિ એ હતી કે કોઈ દિવસ સરકાર ﷺની ઝિયારત ન થતી તો એમને મૌતનો ભય થવા લાગતો.

**જંગ દરમ્યાન પણ ઈશ્કે રસૂલ ﷺનો અનોખો જઝ્બો** : સહાબાએ કિરામ જંગમાં પણ આપ ﷺના અદબ અને આપની સુરક્ષામાં એકબીજાથી આગળ વધવાની કોશિશ કરતા, ઝખ્મી થતા, શહીદ થઈ જતા પરંતુ રસૂલુલ્લાહ ﷺને દુશ્મન તરફથી કોઈ તકલીફ ન પહોંચવા દેતા.

ઈમામ ઈબ્ને ઈશ્હાક વર્ણન કરે છે : ગઝવએ ઓહદમાં કાફિરોએ રસૂલુલ્લાહ ﷺ પર હુમ્લો કર્યો તો આપના જે શૈદાઈઓએ આપના માટે જાંનિષારીનું પ્રદર્શન કર્યું તેમાં હઝરત અબૂ દજાના رضی اللہ عنہ પણ હતા. રિવાયતના શબ્દો આ પ્રમાણે છે : ''અબૂ દજાનાએ પોતાને રસૂલુલ્લાહ ﷺની સુરક્ષા માટે રજૂ કર્યા. સર્વ તીર આપની પીઠ પર લાગ્યાં અને તેઓ આપ ﷺ પર ઝુકેલા હતા. *(અસ્સીરતુન્નબવિય્યહ લિ ઈબ્ને હિશામ, ૩/૩૦)*

## ★ સહાબાએ કિરામના અક઼ીદાઓ ★

સર્વ સહાબાએ કિરામના અક઼ીદા એ જ હતા જે એહલે હક઼્ક઼, એહલે સુન્નત વલ જમાઅતના અક઼ીદા છે જે આજકાલ મસ્લકે આ'લા હઝરતથી ઓળખાય છે. એટલે કે આપણે સહાબાએ કિરામના અક઼ીદાઓ પર છીએ. જેમ કે અલ્લાહ એક છે, પાક છે, બેઐબ છે. તેણે કાએનાતની હિદાયત માટે નબીઓ, રસૂલો તથા કિતાબો મોકલી, મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ તેના અંતિમ અને સર્વ શ્રેષ્ઠ રસૂલ છે. વગેરે.....અહીંયા અમુક બીજા અક઼ીદા વર્ણવામાં આવે છે.

**રસૂલુલ્લાહ ﷺ આપણી જેવા બશર નથી** : હઝરત જાબિર બિન સમુરહ رضی اللہ عنہથી રિવાયત છે : ચાંદની રાત હતી, હુઝૂરે અન્વર ﷺ

લાલ ચાદર ઓઢી આરામ ફર્માવી રહ્યા હતા. હું કદી ચાંદને જોતો તો કદી ચેહરા મુબારકને. છેવટે મારું દિલ પોકારી ઉઠયું, નૂરે મુજસ્સમ ﷺ મારા નજીક ચાંદથી અધિક સુંદર છે.

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ફર્માવે છે : જ્યારે અમે રસૂલુલ્લાહ ﷺને નમાઝમાં જોયા તો ચેહરા મુબારકનો આલમ એ હતો કે સરકારે દો આલમ ﷺનો ચેહરા મુબારક કુર્આનનું એક પાનુ હતું. *(બુખારી શરીફ, ભાગ-૧, કિતાબુલ અઝાન)*

**હુઝૂર ﷺ નૂર છે અને નૂરનો સાયો નથી હોતો** : સહાબાએ કિરામનો અક઼ીદો હતો કે આપ ﷺ નૂર છે અને નૂરનો સાયો નથી હોતો. હુઝૂર ﷺના નૂર હોવાની સ્પષ્ટતા ખૂદ હુઝૂર ﷺ અને સહાબાએ કિરામથી પણ ષાબિત છે છતાં અમુક મૂર્ખ લોકો જાણીબુજીને તેનો ઈન્કાર કરે છે.

આપ ﷺના નૂર હોવાની સ્પષ્ટ દલીલ એ છે કે મેઅરાજ શરીફમાં હુઝૂરે અકરમ ﷺ બુર્રાક પર સવાર થઈ સાત આસ્માનો પાર કરીને રફરફ દ્વારા લા મકાં સુધી પહોંચ્યા અને માથાની આંખોથી અલ્લાહ તઆલાનો દીદાર કર્યો.

સાત આસ્માનોની વચમાં એવાં એવાં સ્થળો છે જ્યાં કોઈ ચીજ જઈ નથી શકતી. ખૂદ વૈજ્ઞાનિકોનું માનવું છે કે સાત આસ્માનોની વાત તો અલગ સૂર્યની ગરમીની એ સ્થિતિ છે કે કોઈ પણ વસ્તુને રાખ કરી દે. તેમ જ સાયન્સનું એ પણ માનવું છે કે નૂર એવી વસ્તુ છે જેના પર આગ અથવા અન્ય કોઈ પણ વસ્તુની અસર નથી થઈ શકતી જેથી ષાબિત થયું કે આપ ﷺ નૂર છે. જ્યારે આપ ﷺએ સાતેવ આસ્માનો બલ્કે લા મકાં સુધીની સૈર ફર્માવી અને આપને સૂર્યની ગરમી અથવા અન્ય કોઈ વસ્તુ નુકસાન ન પહોંચાડી શકી.

રઈસુલ મુફસ્સિરીન ઈમામ નસફી رحمۃ اللہ علیہ ફર્માવે છે : હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہએ બારગાહે રિસાલતમાં અરજ કરી કે અલ્લાહ તઆલાએ આપનો સાયો જમીન પર ન નાખ્યો કે જેથી કોઈ તેના પર પોતાનો પગ રાખી ન શકે. *(તફસીરે મદારિક, ૨/૧૦૩)*

આ પરથી હુઝૂર ﷺના નૂર હોવા વિશે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہનો સ્પષ્ટ અક઼ીદો જાણવા મળ્યો જેનું સમર્થન ખૂદ હુઝૂર ﷺથી સાબિત છે કે આપના સમક્ષ આ વાત રજૂ કરવામાં આવી અને આપે મના ન ફર્માવ્યું.

**આપ ﷺની તા'ઝીમ ઐન ઈમાન છે** : જ્યારે અલ્લાહ عزوجلએ આ આયતે કરીમા નાઝિલ ફર્માવી : "હે ઈમાનવાળાઓ ! પોતાની અવાજો ઊંચી ન કરો, ગૈબ બતાવનાર (નબી)ના અવાજથી અને તેમના સમક્ષ ઊંચા અવાજથી વાત ન કરો જેવી રીતે કે એક બીજા સાથે ઊંચા અવાજથી વાત કરો છો, ક્યાંક તમારા અમલ બર્બાદ ન થઈ જાય અને તમને ખબર પણ ન પડે." *(સૂરએ હુજુરાત, આયત-૨)*

આ આયતે કરીમા નાઝિલ થયા બાદ સહાબાએ કિરામ બારગાહે નબવીમાં અત્યંત અદબની સાથે હાજર થતા અને વિના જરૂરત કદી ન બોલતા. અને જરૂરતના સમયે ઘણા જ નીચા અવાજથી અદબની સાથે બોલતા. બલ્કે બારગાહે રિસાલતમાં સહાબાએ કિરામની સ્થિતિ એવી હોતી જેમ કે હઝરત ઓસામા બિન શરીક ફર્માવે છે કે હું બારગાહે રિસાલતમાં હાજર થયો તો સહાબાએ કિરામને આપ ﷺની આજુબાજુ એ હાલતમાં બેઠેલા જોયા જાણે એમનાં માથાં પર પક્ષી બેઠેલાં હોય. *(શિફા શરીફ, ૨/૨૧, મદારિજ-૩૦૭)*

**હુઝૂર ﷺ હાઝિર નાઝિર છે** : હાઝિરનો શાબ્દિક અર્થ છે ઉપસ્થિત અને નાઝિરનો અર્થ છે જોવાવાળો. અલ્લામા શામી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "હુઝૂર (હાઝિર હોવું) ઈલ્મના અર્થમાં પ્રચલિત છે અને નઝર જોવાના અર્થમાં છે." સહાબાએ કિરામનો અક઼ીદો છે કે હુઝૂર ﷺ હાઝિર છે. જેમ કે રસૂલુલ્લાહ ﷺએ ઘણી એવી બાબતોની ખબર આપી જે આપની ગેર મૌજૂદગીમાં થઈ હતી. જેવી રીતે કે જંગે મૂતામાં ઈસ્લામી સિપેહસાલારોની

ક્રમવાર શહાદત, હબશામાં હઝરતે અસ્હમા નજાશીનો વિસાલ, સદક્એ ફિત્રના ચોરની ગિરફ્તારી તથા છૂટકારાનો કિસ્સો, જંગે ખૈબરમાં આગલા દિવસે વિજયની બશારત, હઝરત માલિક બિન દુખૈશીના સાદિકુલ ઈસ્લામ હોવાની શહાદત, જંગે બદ્રમાં અબૂ જહલ વગેરેના હલાક થવાની ખુશખબરી, વગેરે...... એ સિવાય આવા પુષ્કળ ઉદાહરણ છે જે આપ ﷺના હાઝિર નાઝિર તથા ગૈબ જાણનાર નબી હોવાના પુરાવા આપે છે.

**માબાપ, ઔલાદ તથા સર્વ જગતથી અધિક આપ ﷺ સાથે મહોબ્બત ફર્ઝ છે** : જંગમાં સહાબાએ કિરામ આપ ﷺના કદમોમાં પોતાની જાનના નઝરાનાં પેશ કરતા, જાનની જરૂરત પડી તો જાન આપી, માલની જરૂરત પડી તો માલ આપ્યો, ઔલાદની કુર્બાની આપી. સૈયદોના સિદ્દીકે અકબર رضی اللہ عنہ પોતાનો સર્વ માલ બારગાહે રિસાલતમાં ન્યોછાવર કરી દે છે, ગારે ષૌરમાં સાપના દંશ સહન કરી લે છે, જંગે બદ્ર પછી સૈયદોના સિદ્દીકે અકબર પોતાના પુત્રને કહે છે કે જંગમાં તું મારા સમક્ષ આવ્યો હોત તો તલ્વાર તેનું કામ કરી જાત, એક સહાબીયા પોતાના ત્રણ પુત્રોની શહાદતની ખબર સાંભળીને પણ આપ ﷺ વિશે પૂછે છે, અને જયારે બતાવવામાં આવે છે કે રસૂલુલ્લાહ ﷺ સલામત છે તો કહે છે, યા રસૂલલ્લાહ ! ﷺ આપ સલામત છો તો મને કોઈ ગમ નથી. આ તથા અન્ય અસંખ્ય પ્રસંગોથી સ્પષ્ટ થાય છે કે **સહાબાએ કિરામનો અકીદો એ હતો કે રસૂલુલ્લાહ ﷺની મહોબ્બત ઈમાનનો પાયો છે.** આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ આ મહોબ્બતોનો ઉલ્લેખ આ પ્રમાણે કરે છે :–

*મૌલા અલીને વારી તેરી નીંદ પર નમાઝ*
*વો ભી નમાઝે અસ્ર જો આ'લા ખતરકી હૈ*
*સિદ્દીક બલ્કે ગારમેં જાં ઉનપે દે ચુકે*
*ઔર હિફઝે જાં તો જાન ફુરૂઝે ગરરકી હૈ*
*ગો તુમને ઉનકો જાન ઉન્હેં ફેર દી નમાઝ*
*પર વો તો કર ચુકે થે જો કરની બશરકી હૈ*
*ષાબિત હુવા કે જુમ્લા ફરાઈઝ ફુરૂઅ હૈ*
*અસ્લુલ ઉસૂલ બંદગી ઉસ તાજવરકી હૈ*

**રસૂલુલ્લાહ ﷺથી મદદ માંગવી જાઈઝ છે** : સહાબાએ કિરામનો અકીદો હતો કે હુઝૂર ﷺને વસીલો બનાવવું અને આપનાથી મદદ માંગવી જાઈઝ છે. એ જ કારણે જ્યારે પણ કોઈ જાહેરી કે આંતરિક પરેશાની આવતી તો રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થતા અને મદદની દરખાસ્ત કરતા અને રસૂલુલ્લાહ ﷺના વસીલાથી દુઆઓ કરતા. તે દુઆઓમાં આપ ﷺથી મદદ માંગવુ તથા આપના વસીલાથી દુઆઓ માંગવી સાબિત થાય છે.

જેમ કે એક નાબીના સહાબીએ રસૂલ બારગાહે રિસાલતમાં હાજર થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લહ ﷺ હું નાબીના છું અને મારે આંખો જોઈએ છે. આપ ﷺએ ફર્માવ્યું વુઝૂ કરી બે રકાત નમાઝ પઢી આ દુઆ પઢો :–

**اللهم اسئلك واتوجه اليك بنبينا محمد نبى الرحمة يا محمد انى اتوجه بك الى ربك لتقضىٰ حاجتى**

"હે અલ્લાહ ! હું તારાથી સવાલ કરું છું અને તારા રહમતવાળા નબી મુહમ્મદ ﷺના સદકામાં અને એમના વસીલાથી તારી તરફ ધ્યાન કરું છું. હે નબીએ રહમત મુહમ્મદ ! હું આપના વસીલાથી આપના રબની તરફ ધ્યાન કરું છું, એટલા માટે કે મારી હાજત અને જરૂરત પૂરી થઈ જાય."

જ્યારે તેમણે આ દુઆ પઢી તો તેમની આંખોમાં રોશની આવી ગઈ અને એવું જણાતું હતું કે તેઓ કદી નાબીના હતા જ નહીં ! ઉપરોક્ત દુઆમાં આપ ﷺના વસીલાથી પોતાની હાજત પૂરી થવા માટે અલ્લાહની બારગાહમાં દુઆ કરવામાં આવી. અને એનો હુકમ ખૂદ રસૂલુલ્લાહ ﷺએ આપ્યો. જેનાથી સાબિત થયું કે **આપના વસીલાથી દુઆ માંગવી** તથા **આપનાથી મદદ માંગવી જાઈઝ** એ સહાબાએ કિરામનો તરીકો છે. *(અશ્રફિયહ, મે–૨૦૧૩)*

કુર્આન અને હદીષની રોશનીમાં

# સ્વભાવિક અને પ્રાકૃતિક બીમારીઓ અને તેનો ઈલાજ

✪ ✪ ✪ ✪ ✪ અઝ : **મૌલાના મુહમ્મદરઉફ રઝવી-પાલેજ** ✪ ✪ ✪ ✪ ✪

પ્યારા વાંચક મિત્રો ! આજે આપણે આપણી આસપાસ નજર દોડાવીએ તો જોવા મળશે કે પારસ્પરિક ઝઘડાઓ ખૂબ જ વધી ગયા છે. લોકો એકબીજાના દુશ્મન બની ગયા છે, સોસાયટી સોસાયટી વચ્ચે, ગામ ગામ વચ્ચે ટકરાવ ચાલી રહ્યો છે, એક સમાજ બીજા સમાજને તુચ્છ સમજે છે. અને સ્થિતિ એ છે કે કોઈ સોસાયટી એવી નથી, કોઈ ગામ એવું નથી, કોઈ સમાજ એવો નથી, કોઈ સંસ્કૃતિ એવી નથી જ્યાં ઝઘડા ન હોય, જ્યાં દિલમાં ઈર્ષા, અદાવત, બદ્ગુમાની, બેસબ્રી, કીનો અને ઘૃણા જેવી ભયાનક બીમારીઓ ન હોય. આ તો સામૂહિક વાત થઈ, પણ વ્યક્તિગત અને કૌટુંબિક ઝઘડાઓનો તો એ આલમ છે કે એક વ્યક્તિ બીજી વ્યક્તિનો દુશ્મન બની ગયો છે ! સાથી સાથીમાં ભાગલા પડી ગયા છે, ભાઈ ભાઈ વચ્ચે નફરત અને ઘૃણાની આગ ભડકી રહી છે, સવાર થઈ નથી અને સાસુ વહુ કે દેરાણી જેઠાણી વચ્ચે જંગ ચાલુ થઈ જાય છે ! પડોશી પડોશી વચ્ચે ઝઘડાઓ થવા લાગે છે. (ઈલ્લા માશાઅલ્લાહ !) ક્યારેય નાની નાની વાતો તથા નાના નાના બાળકોને લઈને વડીલો વચ્ચે ભયાનક સ્થિતિ ઊભી થઈ જાય છે. તો આ પરિબળો એવાં છે જેના કારણે સમાજની શાંતિનો સૂરજ આથમવા લાગ્યો છે અને અશાંતિનું અંધારું ફેલાવા લાગ્યું છે.

હવે સમસ્યા એ છે કે આ અંધકાર વધતો જઈ રહ્યો છે તેને રોકવો તો રોકવો કેવી રીતે ? તો કુર્આન મજીદમાં અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે : "અને નેકી તેમજ બદી સમકક્ષ નહીં થઈ જાય, હે સાંભળનાર ! અનિષ્ટને સદાચાર વડે ટાળ, તો તરત જ તે કે જેની અને તારી વચ્ચે શત્રુતા હતી તે એવો બની જશે જાણે કે ગાઢ મિત્ર. અને સબ્ર કરનારાઓ સિવાય (અન્યને) એ દૌલત પ્રાપ્ત થતી નથી અને જે મહા ભાગ્યવાન હોય તે જ એને મેળવે છે. અને જો તને શયતાનની કોઈ ચૂંટી લાવે તો અલ્લાહનો આશરો માંગ, બેશક ! તે જ સાંભળતો જાણતો છે." *(સૂરએ હા મીમ સજદહ, આ. ૩૪, ૩૫, ૩૬, કન્ઝુલ ઈમાન)*

### ★ નેકી અને બદી સંબંધે તફસીરવેત્તાઓનાં કથનો ★

અલ્લામા અબુલ હસન અલી બિન મુહમ્મદ અલ માવરદીએ નીચે પ્રમાણે વાતોનો ઉલ્લેખ કર્યો છે :–

(૧) ઈબ્ને ઈસા رحمۃ اللہ علیہએ કહ્યું, નેકીથી મુરાદ નરમ વાત છે અને બદીથી મુરાદ સખ્ત અને કડવી વાત છે.

(૨) નેકીથી મુરાદ સબ્ર કરવું છે અને બદીથી મુરાદ બદલો લેવું.

(૩) ઝિહાક رحمۃ اللہ علیہએ કહ્યું, નેકીથી મુરાદ ગંભીરતા તેમજ સહનશીલતા છે અને બદીથી મુરાદ ખરાબ સ્વભાવ અને બદ્મિજાજી છે.

અલ્લામા અબૂ અબ્દુલ્લાહ કુર્તબી رحمۃ اللہ علیہએ લખ્યું છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું, જે વ્યક્તિ તમારી સાથે અસભ્યતાથી વર્તે તેની સાથે ગંભીરતાથી વર્તો.

ઈમામ અબૂબક્ર બિન અરબીએ કહ્યું, "નેકીથી મુરાદ મુસાફો કરવું છે." હદીષમાં છે, અતામ બિન

અબી મુસ્લિમ બયાન કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમે એકબીજાથી મુસાફો કરો, એ કીનાને દૂર કરે છે. અને એકબીજાને તોહફા આપો અને એક બીજાથી પ્રેમ રાખો તેનાથી ધૃણા દૂર થાય છે. *(મુઅત્તા ઈમામ માલિક رحمۃ اللہ علیہ)*

હઝરત બરાઅ બિન આઝિબ رضی اللہ عنہ બયાન કરે છે કે જ્યારે બે મુસલમાન મુલાકાત કરે છે, અને તેમાંથી એકબીજાનો હાથ પકડીને મહોબ્બત, પ્રેમ અને ભલાઈનો ઈચ્છુક થઈને મુસાફો કરે છે તો તેઓના ગુનાહ ખરી પડે છે. *(સુનને અબૂ દાઊદ)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી ઉપરોક્ત આયતની તફસીરમાં આ રિવાયત પણ છે કે કોઈ વ્યક્તિ તમને ભલુ બુરું કહે તો તમે તેને કહો, જો તમે સાચા છો તો અલ્લાહ મને માફ કરે અને જો તમે ખોટા છો તો અલ્લાહ તમને માફ ફર્માવે. હઝરત અબૂબક્ર સિદીક़ رضی اللہ عنہ ને એક વ્યક્તિએ ભલુ બુરું કહ્યું તો આપે તેને આ જ રીતે જવાબ આપ્યો હતો.

## ★ કુર્આનમાં હુસ્ને અખ્લાક़ અને સદ્‌વર્તનની તા'લીમ ★

ઉપરોક્ત આયતોમાં સદ્‌વર્તનની તા'લીમ આપવામાં આવી છે જેથી એક વાત સારી પેઠે સમજી લો કે નેકી બદીના બરાબર અને બદી નેકીના બરાબર ક્યારેય નથી થઈ શકતી, બંનેની અસર જૂદી છે. બલ્કે એક નેકી બીજી નેકી અને એક બદી બીજી બદીથી અસરમાં વધારે છે. જેથી એક મો'મિન ભાઈનો તરીક़ો એ હોવો જોઈએ કે બુરાઈનો જવાબ બુરાઈથી ન આપે પરંતુ જ્યાં સુધી થઈ શકે બુરાઈના મામલામાં ભલાઈથી પેશ આવે. જો કોઈ તેને અપશબ્દો કહે અથવા ખરાબ સ્વભાવથી વર્તે તો તેને તેના વિરુદ્ધ એવો વર્તાવ કરવો જોઈએ જે તેનાથી સારો હોય, જેમ કે ગાળ અને અપશબ્દના જવાબમાં સભ્યતા, સખ્તીના જવાબમાં નરમી તથા મહેરબાની કરવી. આ પદ્ધતિનું પરિણામ તમને એ મળશે કે સખ્તથી સખ્ત દુશ્મન પણ નરમ થઈ જશે. અને ભલે તે અત્યારે દિલથી દોસ્ત ન બને પણ એક સમય એવો આવશે કે તે જાહેરમાં એક જિગરી દોસ્તની જેમ વર્તાવ કરવા લાગશે, બલ્કે શક્ય છે કે થોડા દિવસો પછી તે સાચા દિલથી દોસ્ત બની જાય અને દુશ્મની, અદાવત અને નફરતના વિચારો તેના દિલમાંથી સંપૂર્ણ રીતે નીકળી જાય. હા ! કોઈ વ્યક્તિની પ્રકૃતિ જ સાપ, વિંછી જેવી હોય કે કોઈ નરમ વલણ અને શ્રેષ્ઠ અખ્લાક़ તેના પર અસર ન કરે, તો અલગ વાત છે ! પણ આવી વ્યક્તિઓ ખૂબ જ ઓછી હોય છે અને તેમના માટે ખૂબ જ સદ્‌વર્તન અને સારા સ્વભાવ સાથે વર્તાવ જરૂરત છે. *(તફસીરે મઝહરુલ કુર્આન, ભાગ : ૨, પેજ : ૧૪૪૦)*

## ★ હુસ્ને અખ્લાક़ અને સદ્‌વર્તન સંબંધિત હદીસો ★

**(૧)** હઝરત મઆઝ બિન જબલ બયાન કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ મને છેલ્લી વસિયત ત્યારે ફર્માવી જ્યારે હું ઘોડાના પેંગડામાં પગ મૂકી રહ્યો હતો. આપ ﷺએ ફર્માવ્યું, હે મઆઝ ! લોકો સાથે સદ્‌વર્તન કરો. *(મુઅત્તા ઈમામ માલિક)*

**(૨)** હઝરત આઈશા رضی اللہ عنہا બયાન કરે છે કે જ્યારે પણ રસૂલુલ્લાહ ﷺને બે કામો વચ્ચે અધિકાર આપવામાં આવતો, આપ તેમાંથી સરળ કામ પસંદ ફર્માવતા હતા, જ્યારે કે તે ગુનાહનું કામ ન હોય. જો તે ગુનાહનું કામ હોતું તો આપ તેનાથી ખૂબ જ દૂર રહેવાવાળા હતા. અને નબીએ કરીમ ﷺએ ક્યારે પણ પોતાની જાત માટે બદલો નથી લીધો, પણ જો અલ્લાહની હદો તોડવામાં આવે તો આપ અલ્લાહના માટે બદલો લેતા હતા. *(સહીહ બુખારી, સહીહ મુસ્લિમ)*

**(3)** હઝરત અલી બિન હુસૈન બિન અલી બિન અબી તાલિબ رضوان اللہ تعالیٰ علیہم اجمعین બયાન કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કોઈ વ્યક્તિના

ઈસ્લામની સુંદરતા એ છે કે તે બેકાર કામો, અને નકામી વાતોને છોડી દે." *(સુનને તિર્મિઝી, ઈબ્ને માજહ)*

**(૪)** યહયા બિન સઈદ رضی اللہ عنہ બયાન કરે છે કે મને આ હદીષ પહોંચી કે ઈન્સાન પોતાના સદ્‌વર્તનથી, રાતમાં નમાઝ પઢવાવાળા અને દિવસમાં રોઝા રાખનારના સવાબને મેળવી લે છે. *(અબૂ દાઊદ, મુઅત્તા ઈમામ માલિક)*

**(૫)** સઈદ બિન મુસય્યબ رضی اللہ عنہ બયાન કરે છે : શું હું તમને તે કામની ખબર ન આપું જેમાં નમાઝ, સદકાથી ખૂબ જ વધારે ભલાઈ છે ? લોકોએ કહ્યું, કેમ નહીં ! તેમણે કહ્યું, બે માણસો વચ્ચે સમાધાન કરાવવું અને તમે અદાવત રાખવાથી બચો, એ નેકીઓને ખાઈ જાય છે. *(મુઅત્તા ઈમામ માલિક)*

**(૬)** ઈમામ માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે તેમને આ હદીષ પહોંચી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હું તમારામાં એટલા માટે મોકલવામાં આવ્યો છું કે હુસ્ને અખ્લાક઼ અને સદ્‌વર્તનને સંપૂર્ણ કરું. *(મુઅત્તા ઈમામ માલિક)*

**(૭)** હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ બયાન કરે છે કે એક માણસ હુઝૂર ﷺ પાસે આવ્યો અને અર્ઝ કરી, હે અલ્લાહના રસૂલ ! ﷺ મને થોડી વાતો એવી બતાવો જે જીવનમાં મને કામ આવે, અને વધારે ન બતાવશો કે હું ભૂલી જઈશ ! આપે ફર્માવ્યું, તમે ગુસ્સો ક્યારેય પણ ન કરશો. *(સહીહ બુખારી, સુનને તિર્મિઝી)*

**(૮)** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ બયાન કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તે શખ્સ પહેલવાન નથી જે લોકોને પછાડી દે, પહેલવાન તે શખ્સ છે જે ગુસ્સાના સમયે પોતાને કાબૂમાં રાખે. *(સહીહ બુખારી, સહીહ મુસ્લિમ)*

**(૯)** હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ બયાન કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કોઈ મુસલમાન માટે જાઈઝ નથી કે તે પોતાના ભાઈને ત્રણ રાતોથી વધારે છોડી રાખે. તે બંને એકબીજાની પાસેથી પસાર થાય, એક આ બાજુ મોઢું ફેરવી લે, બીજો તે બાજુ મોઢું ફેરવી લે. તો બંનેમાં બેહતર તે છે જે સલામ સાથે પહેલ કરે. *(સહીહ બુખારી, સુનને અબૂ દાઊદ, સુનને તિર્મિઝી)*

ઓલમાએ કિરામનો એ વાત પર ઈજમાઅ (સર્વસંમતિ) છે કે જો કોઈ વ્યક્તિને એવો ભય હોય કે ફલાણાથી વાતચીત કરશે અને તેનાથી મેલજોલ, વ્યવહાર રાખશે તો તેનાથી તેના દીનમાં નુકસાન પહોંચશે અથવા તેનાથી મેલજોલ રાખવાથી કોઈ દુનિયવી નુકસાન પહોંચશે તો તે ત્રણ દિવસ પછી પણ દૂર રહી શકે છે. કુર્આન અને સુન્નત (હદીષ)માં એ હુકમ છે કે જાલિમો, બિદઅતીઓ અને ફાસિક઼ોથી સંબંધ તોડવો લાઝિમ છે. *(તિબ્યાનુલ કુર્આન, ભાગ : ૧૦, પેજ : ૫૦૫)*

## લોકોની તકલીફો પર સબ્ર કરવું ઉત્તમ લોકોનો તરીક઼ો

સામાન્ય રીતે એવું થાય છે કે જ્યારે કોઈ વ્યક્તિનો નોકર અથવા કોઈ અન્ય વ્યક્તિ તેના સ્વભાવના વિરુદ્ધ કોઈ કામ કરે તો ખૂબ જ ગુસ્સામાં આવી તેને સજા આપે છે. અથવા કોઈ વ્યક્તિ કોઈની સાથે ઝઘડો કરે તો તે બદલો લેવા તપ્પર થઈ જાય છે. અને આવા મોક઼ા પર પોતાને રોકવો અને તોફાની નફ્સને સબ્ર સાથે કાબૂમાં રાખવો ખૂબ જ મુશ્કેલ હોય છે. કુર્આન મજીદમાં એક ઠેકાણે છે : "અને અનિષ્ટનો બદલો તેના જેટલું જ અનિષ્ટ છે. તો જેણે માફ કરી દીધું અને મામલાને સુધારી લીધો તો તેનો બદલો અલ્લાહ પાસે છે. બેશક ! તે જાલિમોને દોસ્ત બનાવતો નથી." *(સૂરએ શૂરા, આ. ૪૦)*

"અને બેશક ! જેણે સબ્ર કરી અને માફ કરી દીધું તો એ અવશ્ય હિંમતનાં કામો છે." *(સૂરએ શૂરા, આઉ નં. ૪૦ અને ૪૩, કન્ઝુલ ઈમાન-ગુજરાતી, પેજ નં. ૧૧૦૦, ૧૧૦૧)*

અને સબ્રનો ઉચ્ચો હોદ્દો તે લોકો જ મેળવી શકે છે જે મહા ભાગ્યવાન છે."

ઈમામ અબૂ જાફર પોતાની સનદ સાથે આ રિવાયત બયાન કરે છે કે હઝરત અબૂબક્ર رضی اللہ عنہને કોઈ વ્યક્તિએ ગાળ આપી અને નબીએ કરીમ ﷺ પણ જોઈ રહ્યા હતા. પહેલી વખત હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ માફ કરી દીધું. પછી આપને વધારે ગુસ્સો આવ્યો અને આપે તેને પણ બુરુ ભલુ કહ્યું, તો નબીએ કરીમ ﷺ ત્યાંથી ઊભા થઈ ગયા અને ચાલવા લાગ્યા. હઝરત અબૂબક્ર આપની પાછળ પાછળ આવ્યા અને કહ્યું, તે માણસે મને ગાળ આપી હતી, હે નબીયલ્લાહ ! ﷺ પહેલાં તો મેં તે માફ કરી દીધું અને એ વાતને જવા દીધી ત્યારે પણ આપ બેઠેલા રહ્યા, પછી જ્યારે હું બદલો લેવા લાગ્યો તો આપ ઊભા થઈ ગયા. ત્યારે આપ ﷺએ ફર્માવ્યું, તમારા તરફથી એક ફરિશ્તો જવાબ આપી રહ્યો હતો અને જ્યારે તમે બદલો લેવા લાગ્યા તો તે ફરિશ્તો ચાલ્યો ગયો અને શયતાન આવી ગયો ! તો હે અબૂબક્ર ! હું શયતાનની ઉપસ્થિતિમાં ત્યાં બેસી નથી શક્તો. *(તિબ્યાનુલ કુર્આન, ભાગ : ૧૦, પેજ : ૫૦૬)*

હુઝૂર ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા કયામતના દિવસે સર્વ મખ્લૂકને ભેગી કરશે અને ફર્માવશે કે અહલે ફઝ્લ ક્યાં છે ? તો તેના પર સર્વ મખ્લૂકમાંથી થોડા માણસો ઉભા થશે અને જન્નત તરફ ચાલવા લાગશે. તેમનું સ્વાગત ફરિશ્તા કરશે અને અર્ઝ કરશે, તમે કોણ છો કે જન્નત તરફ જઈ રહ્યા છો ?! તેઓ કહેશે, અમો અહલે ફઝ્લ છીએ. તે કહેશે, અહલે ફઝ્લનો શો મતલબ ?! તેઓ કહેશે, **જ્યારે અમારી ઉપર જુલ્મ કરવામાં આવતો હતો ત્યારે સબ્ર કરતા હતા, જ્યારે અમારી સાથે બુરાઈ કરવામાં આવતી તો અમો માફ કરી દેતા હતા, અમારી સાથે ઝઘડો કરવામાં આવતો હતો ત્યારે અમો ભલાઈથી કામ લેતા હતા. તેઓ કહેશે (ફરિશ્તાઓ), તો જન્નતમાં જાવ આ તમારો હક્ક છે.** *(તફસીરુ રૂહુલ બયાન, ભાગ : ૧૩, પેજ : ૧૩૬)*

## ★ ગુસ્સો પી જવાની અને માફ કરી દેવાની ફઝીલત કુર્આન અને હદીષમાં ★

ઈન્સાન જ્યારે ગુસ્સે થાય છે તો તે વાસ્તવમાં શયતાનના વસવસાના કારણે જ થાય છે. ઈન્સાને જોઈએ કે જ્યારે તેને કોઈ વાત પર ગુસ્સો આવે તો પોતાના ગુસ્સાને રોકે અને સબ્ર કરે, અને જેના પર ગુસ્સો આવ્યો છે તેને માફ કરી આપે. એની કુર્આન અને હદીષમાં ખૂબ જ ફઝીલત છે. અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે : "અને જે મોટા મોટા ગુનાહો અને નિર્લજ્જતાથી બચે છે અને જ્યારે ક્રોધ ચઢે ત્યારે ક્ષમા આપે છે." *(સૂરએ શુરા, આ. ૩૭, કન્ઝુલ ઈમાન–ગુજરાતી, પેજ : ૧૧૦૦)*

"અને ગુસ્સો પી જનાર અને લોકોથી દર ગુઝર કરનાર અને નેક લોકો અલ્લાહના પ્યારા છે." *(સૂરએ આલે ઈમ્રાન, આ. ૧૩૪, કન્ઝુલ ઈમાન–ગુજરાતી, પેજ : ૧૭૮)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ બયાન કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે તમારામાંથી કોઈ વ્યક્તિને ગુસ્સો આવે અને તે ઉભો હોય તો બેસી જાય, પછી જો ગુસ્સો ઠંડી પડી જાય તો ખૂબ સારું, નહીં તો સૂઈ જાય. *(સુનને અબૂ દાઊદ)*

હઝરત સુલૈમાન બિન સરદ رضی اللہ عنہ બયાન કરે છે કે નબીએ કરીમ ﷺની સામે બે માણસો એકબીજાથી લડયા, તેમાંથી એક ગુસ્સામાં આવી ગયો, તેનો ચહેરો લાલ થઈ ગયો, તેના ગળાની નસો ફુલી ગઈ. હુઝૂર ﷺએ તેની તરફ જોઈને ફર્માવ્યું, મને એક એવા વાક્યનું ઈલ્મ છે કે જો તે આ વાક્ય કહી આપે તો તેનો ગુસ્સો ઉતરી જશે. તે વાક્ય આ છે : أَعُوذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ "અલ્લાહની પનાહ શયતાન મરદૂદથી." *(સહીહ મુસ્લિમ, સહીહ બુખારી)*

હઝરત અબૂ વાઈલ બયાન કરે છે કે અમો ઉરવા બિન મુહમ્મદ પાસે ગયા આપને એક શખ્સે એવી

વાત કહી જેનાથી આપ ગુસ્સે ભરાઈ ગયા, પછી આપ ઉઠયા અને વુઝૂ કર્યું અને કહ્યું, મારા વાલિદે મારા દાદા અતિય્યા رضی اللہ عنہથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "બેશક ! ગુસ્સો શયતાનની તરફથી હોય છે અને બેશક ! શયતાન આગથી બનાવવામાં આવ્યો છે અને આગ માત્ર પાણીથી બુઝાવવામાં આવે છે. તો જયારે તમારામાંથી કોઈ માણસ ગુસ્સે થાય તો વુઝૂ કરે.

હઝરત મઆઝ બિન અનસ رضی اللہ عنہ બયાન કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે વ્યક્તિ પોતાના ગુસ્સાની અપેક્ષાઓ પૂરી કરવા પર શક્તિમાન હોવા છતાં પોતાના ગુસ્સાને રોકી લે તો કયામતના દિવસે અલ્લાહ સુબ્હાનહૂ તેને સર્વ મખ્લૂકની સામે બોલાવીને ફર્માવશે, તમે મોટી આંખોવાળી હૂરોમાંથી જે હૂરને ચાહો લઈ લો." *(સુનને અબૂ દાઊદ, સુનને તિર્મિઝી, સુનને ઈબ્ને માજહ)*

### ★ ગુસ્સો કરવાના દીની અને દુનિયવી નુકસાનો ★

- ★ ગુસ્સો કરવાથી બ્લડ પ્રેશર વધે છે અને બ્લડ પ્રેશરનો બીમાર ગુસ્સો કરે તો તેને લકવો થવાનો ભય છે અથવા દિમાગની નસ ફાટી જવાનો ભય છે.
- ★ જયારે માણસ ગુસ્સો પી જાય છે અને બદલો નથી લેતો તો તે સબ્ર કરવાની શ્રેષ્ઠ આદતથી સુશોભિત થઈ જાય છે.
- ★ ગુસ્સામાં તે વ્યક્તિ આવે છે જેમાં ઘમંડ અને ફખ્ર હોય અને આ જાહિલિયતની નિશાની છે. અને ગુસ્સામાં ન આવવું માણસના સારા સંસ્કારોની દલીલ છે.
- ★ શયતાન ઈન્સાનના લોહીને જોશમાં લાવે છે, જેથી કરીને ઈન્સાનને દીની અને દુનિયવી નુકસાન થાય. અને મુસલમાન أَعُوذُ بِاللهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ પઢીને ગુસ્સો દૂર કરી દે છે અને સબ્ર અને સદાચારથી કામ લે છે.
- ★ ગુસ્સો દૂર કરવા أَعُوذُ بِاللهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ મદદ લેવી જોઈએ અને વુઝૂ કરવાથી, પાણી પીવાથી અને સ્થિતિ બદલવાથી એટલે કે ઉભો હોય તો બેસી જાય, બેઠો હોય તો સૂઈ જાય તો ગુસ્સો મટી જાય છે.
- ★ તે ગુસ્સો ખરાબ છે જે દુનિયવી મામલા અને પોતાના અંગત મામલામાં કરવામાં આવે, અને જે ગુસ્સો રસૂલ ﷺના દુશ્મનો પર કરવામાં આવે અને અલ્લાહની હદો તોડનારા પર અને દીનની પ્રગતિ માટે કરવામાં આવે તે ઉત્તમ છે. *(તિબ્યાનુલ કુર્આન, ભાગ : ૧૦, પેજ : ૫૦૯)*

પેજ નં. **૧૯** નું ચાલુ...

કરી દીધું છે એ તદ્દન ખોટું છે, હકીકતની વિરૂદ્ધ છે, તો બેશક ! એ બુઝુર્ગોની બાબતમાં છૂટકારો મળી જાય, પરંતું આ બીજાઓ કોણ છે ? એ પણ દેવબંદી આલિમો જ છે ! તેમની લખેલી કિતાબોને દેવબંદી વર્તુળ ખૂબ જ ઉસ્તાહપૂર્વક વાંચે છે, છતાં કોઈ અલ્લાહના બંદાની ઝબાન પરથી એ જાહેર થતું નથી કે આ મુજબની બકવાસો અને આ રીતની ખુરાફાતોથી અમે તૌબા જાહેર કરીએ છીએ. તૌબા તો શું ? આજના આપણા વર્તમાન (દેવબંદી) બુઝુર્ગો તો સંપૂર્ણ શ્રદ્ધા ધરાવે છે કે એ કિતાબોમાં ઈલ્મે ગયબ અને તસર્રુફાતની વિશિષ્ટતાઓ આપણા મુર્શિદો પ્રત્યે સંબંધિત થએલી છે તે તમામે તમામ હક્ક છે, સાચી છે તો પછી તેના એ'તેરાઝને દૂર કરવાની રીત શું હોઈ શકે ?"

અમારી નજીક જાન છોડાવવાનો એક જ રસ્તો છે, તે એ કે 'તકવિયતુલ ઈમાન' અને 'ફતાવા ઈમદાદિયહ' અને 'બહેશ્તી ઝેવર' અને 'હિફઝુલ ઈમાન' જેવી કિતાબોને ચૌરાહા પર રાખીને સળગાવી દેવી જોઈએ અને સાફ સાફ એલાન કરી દેવું જોઈએ કે તેમાનાં લખાણો કુર્આન અને સુન્નતથી વિરૂદ્ધ છે. *(તજલ્લી–માસિક, દેવબંદ, ડિસેમ્બર–૧૯૭૨, અઝ : આમિર ઉષ્માની દેવબંદી)*

# કુર્આની ઈલ્મના શ્રેષ્ઠ જાણકાર ૪ સહાબીઓ

❀ ❀ રજૂકર્તા : **સીરાજભાઈ લોખંડવાળા-ભાવનગર** *(મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી)* ❀ ❀

ગતાંકથી ચાલુ....

## [૨] હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ

આપ અબ્દુલ્લાહ બિન મસ્ઊદ બિન ગાફિલ છે. વંશાવળી મઝર બિન કનાના સુધી પહોંચી જાય છે અને કુન્નિયત અબૂ અબ્દુર્રહમાન છે. હઝીલ કબીલાથી છે વાલિદા અબ્દ બિન્તે અબ્દુદ છે. અને તે પણ હઝીલ કબીલાની ઔરત હતાં આપની નિસ્બત ક્યારેક વાલિદની તરફ થાય છે તો ઈબ્ને મસ્ઊદ કહેવામાં આવે છે અને ક્યારેક વાલિદાની તરફ થાય છે તો ઈબ્ને ઉમ્મે અબ્દ કહેવામાં આવે છે. પાતળા દુબળા નાના કદના માણસ હતા. શરૂમાં જ ઈસ્લામ લાવ્યા હતા. પોતે કહે છે કે હું છઠ્ઠો મુસલમાન છું જ્યારે આખી જમીન ઉપર અમારા સિવાય કોઈ ઈસ્લામ લાવ્યું ન હતું. હુઝૂર ﷺ પછી સૌથી પહેલાં મક્કામાં કુર્આન શરીફ ઊંચા અવાજથી કુરૈશની સામે આપે જ પઢયું જેના કારણે મક્કાના લોકોએ આપને તકલીફો પણ આપી.

આપ જ્યારે ઈસ્લામ લાવ્યા તો હુઝૂર ﷺએ આપને પોતાની ખિદમતમાં રાખ્યા. મોટાભાગે આપ જ ખિદમત કરતા. વુઝૂ તથા ગુસ્લનું પાણી, મિસ્વાક અને નાલૈને પાક આપ જ ખિદમતમાં પેશ કરતા, જ્યારે હુઝૂર ﷺ ક્યાંક તશરીફ લઈ જતા તો નાલૈને પાક પહેરાવતા, જ્યારે કોઈક સ્થળ ઉપર રોકાણ કરતા તો નાલૈને પાક પોતાના (હાથ) ની બાંયોમાં રાખતા, ચાલતા સમયે આગળ આગળ રહેતા, ગુસ્લ કરવાના સમયે પડદો કરતા, આરામ કરતા તો જરૂરતના સમયે આપ જ જગાડતા, અને કાશાનાએ નબુવ્વત (મુબારક ઘર)માં કોઈ પણ રોક વગર દાખલ થતા. એટલા માટે હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ કહે છે કે જ્યારે હું મારા ભાઈની સાથે યમનથી આવ્યો તો એક સમય (લાંબા સમયના ગાળા) સુધી અમે એ સમજ્યા કે આપ (અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ) અને આપનાં વાલિદા એહલે બૈતે નબુવ્વતમાંથી છે, કેમ કે અમે તે બંનેને મોટા ભાગે હુઝૂર ﷺનાં મુબારક ઘરમાં રોક ટોક વગર આવતાં જતાં જોતા હતા.

પહેલાં હબ્શાની તરફ પછી મદીના શરીફની તરફ હિજરત કરી, બંને કિબ્લાઓની તરફ નમાઝ પઢી. બદર, ઉહદ, ખંદક, બૈઅતે રિઝવાન અને બધી જગ્યાએ હુઝૂર ﷺની સાથે રહ્યા. ગઝવએ બદરમાં અબૂ જહલને કત્લ કરવાના ઈરાદાથી નીકળ્યો. હુઝૂર ﷺએ આપને જન્નતની ખુશખબરી અને આપની ફઝીલત અને ઊંચા દરજ્જાઓની ગવાહી આપી. જો મોમિનોના સિવાય મને કોઈ ખાસ માણસથી મશ્વરાનો હુકમ મળતો તો તે ઈબ્ને ઉમ્મે અબ્દ હોતા.

ફારૂકી તથા ઉષ્માની ખિલાફતમાં આપને કૂફાના બૈતુલમાલના વાલી બનાવ્યા હતા. આખરી ઉંમરમાં મદીના શરીફમાં મકાન બનાવ્યું (સ્થાયી થયા). ૩૩ હિજરીમાં વિસાલ થયો. વસિયત પ્રમાણે જન્નતુલ બકીઅમાં રાત્રે દફનવિધિ અમલમાં આવી. વિસાલના સમયે આપની ઉંમર ૬૦ વર્ષ કરતાં વધારે હતી.

### ઈલ્મ તથા ફઝલ

આપ સહાબાએ કિરામમાં અલ્લાહની કિતાબના ખૂબ જ મોટા આલિમ હતા. હુઝૂર ﷺ પોતે આપનાથી કુર્આન પઢાવીને સાંભળતા અને પસંદ કરતા. એકવાર કહ્યું : હે ઈબ્ને મસ્ઊદ ! મને કુર્આનમાંથી સૂરએ નિસાઅ પઢીને સંભળાવો ! ઈબ્ને મસ્ઊદે કહ્યું : મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ﷺ હું આપને સંભળાવું કે કુર્આન તો આપી ઉપર નાઝિલ થયું છે. કહ્યું : મેં જ્યારે તિલાવત શરૂ કરી અને

فکیف اذا جئنا ઉપર પહોંચ્યો તો હુઝૂર ﷺની મુબારક આંખો (આંસૂઓથી) વહેવા લાગી.

હુઝૂર ﷺ ફર્માવે છે કે : જે માણસને પસંદ હોય કે તે સારી રીતે કુર્આન શરીફ એવું પઢે જેવી રીતે નાઝિલ (ઉતર્યું) થયું, તો જોઈએ કે તે ઈબ્ને ઉમ્મે અબ્દની કિ઼ર્અતના પ્રમાણે પઢે.

હઝરત ઈમામ મસ્રૂક (તાબઈ) ફર્માવતા હતા કે : સહાબાએ કિરામનું ઈલ્મ છ હઝરાતમાં સમેટાઈને આવ્યું હતું. ઉમર ફારૂક, અલી મુર્તઝા, અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ, ઉબય બિન કઅબ, અબૂ દરદા, ઝૈદ બિન ષાબિત. પછી તે છનું બે હઝરાતમાં એટલે કે અલી મુર્તુઝા અને અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما. હઝરત ખદીફા બિન યમાનથી કહેવામાં આવ્યું : અમને તે માણસના બારામાં બતાવો જે ચાલઢાલમાં હુઝૂર ﷺની જેમ હતો કે અમે તેની સીરત અપનાવીએ અને તેની તાલીમ ઉપર અમલ કરીએ (એટલે કે કોણ સૌથી વધારે હુઝૂર ﷺની સુન્નત પ્રમાણે અમલ કરે છે.) આપે કહ્યું કે : અમે અબ્દુલ્લાહ બિન મસ્ઊદથી વધારે કોઈને નથી જાણતા.

હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ જયારે આપને કૂફા મોકલ્યા તો કૂફાના લોકોને (સંબોધીને) લખ્યું : હું અમ્માર બિન યાસને અમીર બનાવીને મોકલી રહ્યો છું અને અબ્દુલ્લાહ બિન મસ્ઊદને મુઅલ્લિમ (શિક્ષક) તથા વજીર, આ બંને બદરી સહાબાએ કિરામના ઊંચા દરજ્જાવાળા છે એટલા માટે તેમની પૈરવી કરજો અને ફર્માબરદારી કરજો. અને અબ્દુલ્લાહ બિન મસ્ઊદને ખાસ રીતે તમારી પાસે મોકલીને મેં મારી ઉપર તમને (કૂફાના લોકોને) શ્રેષ્ઠતા આપી છે. એટલા માટે આપ કૂફામાં સ્થાયી થયા અને કૂફાના લોકો આપનાથી ઈલ્મે હદીષ, તફસીર અને ફિક઼્હ (નું ઈલ્મ) મેળવ્યા કરતા હતા. આપ તેમના મુઅલ્લિમ હતા અને ક઼ાઝી પણ અને ઈજતેહાદના તરીક઼ાનો પાયો નાખવાવાળા.

અમીરુલ મોમિનીન હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ જયારે કૂફા તશરીફ લાવ્યા તો અમુક કૂફાના લોકોએ હાજર થઈને કહ્યું હતું કે : હે અમીરુલ મોમિનીન ! અમે ઈબ્ને મસ્ઊદથી વધીને ન કોઈને પરહેઝગાર જોયો, ન તેમનાથી સારી કોઈની મજલિસ જોઈ, ન તેમના જેવો મેહરબાન કોઈ મુઅલ્લિમ જોયો અને ન સારા વ્યવહારમાં કોઈને તેમના બરોબર જોયો. હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہએ ફર્માવ્યું : હું તમને સોગંદપૂર્વક પૂછું છું કે શું તમે તમારા સાચા દિલથી આ વાત કહો છો ? (કૂફાના લોકો) બોલ્યા : હા ! આના ઉપર આપ (હઝરત અલી)એ કહ્યું : હે અલ્લાહ ! હું આ વાતની ગવાહી આપુ છું કે મારી નજીક પણ ઈબ્ને મસ્ઊદ એવા જ છે બલ્કે એનાથી પણ વધારે ઉત્તમ. આ ગવાહીઓથી આપનો ઈલ્મ તથા ફઝ્લ જાહેર અને સહાબાએ કિરામમાં આપની ક઼દર તથા દરજ્જાઓ જાહેર થાય છે.

## ઈલ્મે તફસીરમાં આપનો મક઼ામ

હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہ ફર્માવે છે કે : અમારામાંથી જયારે કોઈ ૧૦ આયતો શીખી લેતો તો તેનાથી આગળ એ સમય સુધી વધતો ન હતો જયાં સુધી તે (આયતોના) અર્થ તથા મતલબ ન જાણી લેતો, તેની ઉપર અમલ કરવા ન લાગતો. આ વાતથી જાણવા મળે છે કે હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ફહમે મઆનીએ કિતાબ (કુર્આનના શબ્દોના અર્થો)ના કેટલા ચાહવાવાળા હતા અને આપને કુર્આનના અર્થોની કેટલી સમજ મળેલી હતી.

પોતે ફર્માવે છે : ખુદાની ક઼સમ ! દરેક આયતના બારામાં મને ઈલ્મ છે કે કયા સિલસિલામાં નાઝિલ થઈ. અને જો મને જાણ થતી કે ફલાણો મારા કરતાં કોઈ આયતને વધારે જાણે છે અને ત્યાં સુધી મારી સવારીના થકી પહોંચી શકતો તો જરૂરી પહોંચતો.

આ ક઼ૌલથી તે વાત ફલિત થાય છે કે આપે કુર્આનના અર્થો અને આયતોના શાને નુઝૂલનો ઘેરાવ કરી લીધો હતો.

હઝરત મસ્રૂક કહે છે કે : હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ અમારી ઉપર કોઈ સૂરત તિલાવત કરતા પછી તેના તઅલ્લુક઼થી હદીષો બયાન કરતા અને આખો દિવસ તેની તફસીર બયાન કરતા. (સુબ્હાનલ્લાહ !)

એક મજલિસમાં હાજર થયેલા લોકોએ હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہથી અર્ઝ કરી : અમને ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہના બારામાં કાંઈક બતાવો. તો આપે ફર્માવ્યું, "ઈલ્મે કુર્આન તથા સુન્નત તેમની ઉપર ખત્મ થઈ ગયો." તેમના ઈલ્મની જલાલત (મહાનતા)ના બારામાં આ શબ્દો જ પૂરતા છે. હઝરત ઉક્બા બિન આમિર કહે છે : હું ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી વધારે કોઈને કુર્આનનો આલિમ નથી જાણતો. આ સાંભળીને હઝરત અબૂ મૂસા અશ્અરીએ ફર્માવ્યું : આ સાચું છે કેમ કે તેઓ હુઝૂર ﷺનું કલામે અક્દસ તે સમયે પણ સાંભળતા જ્યારે અમે સાંભળતા ન હતા, અને ત્યાં સાંભળતા જ્યાં અમે પહોંચી શકતા નહીં (એટલે કે મુબારક ઘરમાં રોક ટોક વગર આવતા જતા).

પોતે ફર્માવે છે કે :–

મેં હુઝૂર ﷺથી કોઈપણ વાસ્તા વગર ૭૦ સૂરતોનું ઈલ્મ મેળવ્યું છે. આ અને આના સિવાય બીજા કૌલ હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہની ઈલ્મી તફસીરની ભરપૂર ગવાહી આપે છે.

લખાણોનો ખુલાસો એ છે કે હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ સહાબાએ કિરામ દરમ્યાન કુર્આન શરીફના ખૂબ જ મહાન આલિમ હતા અને તેના મુહકમ તથા મુતશાબેહ, હલાલ તથા હરામ, કસસ તથા અમષાલ અને અસ્બાબે નુઝૂલની અધિક્તર ઓળખ ધરાવતા હતા. દીનના ફકીહ, સુન્નતના આલિમ અને કુર્આનમાં સંપૂર્ણ દષ્ટિ ધરાવતા હતા. આપની કુર્આનની તફસીરના સંબંધિત રિવાયતો હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماના પછી સૌથી વધારે છે.

ઈમામ સિયૂતી ઈત્તકાનમાં ફર્માવે છે કે આપની રિવાયત કરેલ હદીષો હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہથી વધારે છે. તેનું ખાસ એક કારણ એ છે કે આપના ઈલ્મે તફસીરને કૂફાના લોકોએ વધારે હાંસલ કર્યો, કેમ કે આપનો વસવાટ એક જમાના સુધી કૂફામાં હતો. જેથી કૂફાના લોકો આપની મજલિસમાં બેસતા અને ઈલ્મ હાંસલ કરતા અને બીજાઓ સુધી પહોંચાડતા. *(જામેઉલ અહાદીષ, જિ. ૭, પેજ–૧૯ થી ૨૦)*

### ★ કુર્આનથી મહોબ્બત ★

આપને કુર્આનથી કેવી મહોબ્બત હતી એ હુઝૂર ગૌષે પાકની رضی اللہ عنہ કલમથી વાંચો. જ્યારે વાંચશો તો જાણશો કે અલ્લાહવાળાની શાન જ કાંઈક અલગ હોય છે. અલ્લાહવાળાના દિલની ચાહતને અલ્લાહ પૂરી કરી આપે છે. "ગુન્યતુત્તાલિબીન" પેજ નં. ૩૧૨ (હિન્દી)માં લખે છે કે.

એક રિવાયતમાં છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ કૂફાની એક ગલીમાંથી નીકળી રહ્યા હતા કે એક ફાસિક્ના ઘરમાં ઘણા બધા બદમાશ જમા હતા અને શરાબ પી રહ્યા હતા. તે લોકોમાં એક ગાવાવાળો પણ હતો જેનું નામ જાવાન હતું તે બરબત (એક મ્યુઝિકનું તે સમયનું મશીન) ઉપર ખૂબ જ સરસ અવાજે ગાઈ રહ્યો હતો. હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہએ તેનો સાંભળીને ફર્માવ્યું : કેવો સારો અવાજ છે, કાશ ! આ કુર્આનની તિલાવત કરતો તો કેટલું સારું હોત ! પછી આપ પોતાની ચાદર માથા ઉપર નાખીને આગળ ચાલ્યા ગયા. જાવાને આપનો અવાજ સાંભળી લીધો, લોકોને પૂછયું, આ કોણ સાહબ હતા ? લોકોએ કહ્યું કે આ રસૂલુલ્લાહ ﷺના સહાબી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ છે. જાવાને કહ્યું, તે શું કહી રહ્યા હતા ? લોકોએ કહ્યું કે તે કહી ગયા કે : "કેટલો સરસ અવાજ છે, કાશ ! ગાવાના બદલે કુર્આનની તિલાવત કરવામાં આવતી તો કેટલું સારું હોત !"

આ સાંભળતાની સાથે જ જાવાનના દિલ ઉપર ખૌફ છવાઈ ગયો, તરત જ ઉભો થયો. બરબતને જમીન ઉપર મારીને તોડી નાખ્યું અને દોડતો હઝરત સુધી પહોંચી ગયો અને ગળામાં ચાદર નાખીને રડવા લાગ્યો. આપે જાવાનને ગળે લગાડયો અને તેની સાથે આપ પોતે પણ રડવા લાગ્યા અને ફર્માવ્યું, "હું કેમ તેનાથી મહોબ્બત ન કરું જેનાથી અલ્લાહને મહોબ્બત છે." તેના પછી જાવાને બરબત વગાડવા અને ગાવાથી તૌબા કરી લીધી અને હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہની ખિદમતમાં રહેવા લાગ્યો ત્યાં સુધી કે કુર્આન શરીફ પઢી લીધું અને એટલુ ઈલ્મ શીખી લીધું કે ઈલ્મે દીનનો ઈમામ બની ગયો. જાવાનથી ઘણી બધી હદીષો હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ અને હઝરત સલમાન ફારસી رضی اللہ عنہماથી રિવાયત થઈ છે.

# ઈસ્લામ પ્રત્યેની ધૃણા જ ઈસ્લામ અંગીકારનો સબબ બની !

રજૂ : **મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી** (સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)

શું તમે એવા ગૈરમુસ્લિમોને જાણો છો જેઓ ઈસ્લામ ધર્મને ગૈરઈન્સાની ધર્મ સમજી બેઠા ? જેઓ તેને હિંસા અશાંતિ તથા કટ્ટરતાનો ધર્મ સમજી બેઠા છે ? જેમને અઝાનોની પોકાર યુધ્ધના સાઈરનોની જેમ સંભળાય છે ! તથા મસ્જિદોના મીનારાઓ મિસાઈલોની જેમ દેખાય છે ! જો હા ! તો તમે જાણી લો કે તેમનું દિલ ઈસ્લામને સમજવા માટે ખુલી શકે છે, તેમના સમક્ષ ઈસ્લામની તા'લીમાત તથા કુર્આની આદેશોનો પ્રકાશ જાહેર થાય તો વહેલી તકે હકીકત તથા વાસ્તવિક્તા તેમની સામે આવી શકે છે. માનવી લાખ ઘરના દરવાજા તથા બારીઓ બંધ કરી લે પરંતુ ઈસ્લામ ધર્મનું ઉજાસ તેના ઘરમાં પહોંચી જાય છે. વાસ્તવિક્તાની રોશનીઓ માનવીના દિલ સુધી પહોંચી જાય છે અને સત્યતાનું અજવાળુ જીવનને પ્રકાશિત કરીને જ રહે છે.

### ★ ઈસ્લામોફોબીયાના શિકાર યૂરોપ તથા અમેરિકા ★

વર્તમાન દુનિયા ઈસ્લામોફોબીયાની શિકાર દેખાય છે. (એટલે કે ઈસ્લામને એક ભયાનક બીમારી સમજી તેના વિરોધમાં ઉગ્ર જોવા મળે છે.) દુનિયાનો દરેક મુસલમાન અલ કાઈદાનો બોમ્બધારક તથા લશ્કરે તયબાનો એજન્ટ દેખાય છે. મસ્જિદોમાંથી પોકારવામાં આવતી અઝાનની સદાઓ તેને ભયભીત કરે છે ! એ જ કારણે ક્યાંક તો મસ્જિદોમાંથી પોકારવામાં આવતી અઝાનોની સદાઓ પર પ્રતિબંધ લગાડવામાં આવે છે, તો ક્યાંક મસ્જિદોના બાંધકામમાં વિઘ્નો પેદા કરવામાં આવે છે, ક્યાંક મસ્જિદોના ગુંબદો તથા મીનારાઓ પર પ્રતિબંધ લગાડવામાં આવે છે તો ક્યાંક બુરખા તથા પર્દામાંથી મુસ્લિમ ખાતૂનોને બહાર લાવવાના પ્રયાસો કરવામાં આવે છે. આ તમામ ગતિવિધિઓ ઈસ્લામો ફોબીયાનું રૂપ છે. પરંતુ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત કાદિરે મુતલક તેમજ સર્વશક્તિમાન છે જે નકારાત્મક તથા નેગેટિવ વિચારશૈલી તથા વિરોધી પાસામાં પણ સકારાત્મક તથા પોઝેટિવ સંકેત તથા વિચારશૈલીને અસ્તિત્વ આપી શકે છે. એ જ ઈસ્લામોફોબીયા (ઈસ્લામ પ્રત્યે નફરત) આજે ઈસ્લામ પ્રચાર તથા પ્રસિદ્ધિનું કારણ બનતુ જઈ રહ્યું છે. ઈસ્લામનો ભય જ દુનિયાને ઈસ્લામ સમજવા તરફ પ્રેરિત કરી રહ્યો છે અને ઈસ્લામથી દૂર ભાગવાના પ્રયાસો જ લોકોને ઈસ્લામના દામને રહમતથી બાંધી રહ્યા છે ! દરેક પ્રકારના બંધનોથી સ્વતંત્ર તથા મુક્ત થઈને જીવન પસાર કરનારા પશ્ચિમી નાગરીકોને સર્વ પ્રથમ તો ઈસ્લામ એક તંગ તથા સંકૂચિત કેદખાનું જણાય છે, પરંતું એક સમય તે પણ આવે છે કે આખેરતના તકલીફભર્યા કેદખાનાથી નજાત પામવા માટે ઈસ્લામની હદબંદીઓ તથા મર્યાદાઓમાં પ્રવેશ માટે રાજીખુશી તથા સ્વેચ્છાએ તૈયાર થઈ જાય છે.

### ★ ઈસ્લામોફોબીયાના શિકાર હતા હઝરત ઉમર તથા અન્ય સહાબા ★

ઈસ્લામથી દૂર રહેવાના પ્રયાસોમાં ઈસ્લામ સ્વીકારવાની ઘટનાઓ દરેક યુગમાં જોવા મળે છે. રસૂલુલ્લાહ ﷺના પવિત્ર યુગમાં પણ આ પ્રકારની કેટલીયે સુઘટનાઓ આજે પવિત્ર ઈસ્લામના ઈતિહાસનો એક સુવર્ણ ભાગ છે. હઝરત ઉમર

રઝી અલ્લાહો અન્હોના ઈમાન લાવવાનો પ્રસંગ આપણે જોઈએ કે હઝરત ઉમર રઝી અલ્લાહો અન્હો પણ પહેલાં ઈસ્લામથી નફરત ધરાવતા હતા, એટલી હદ સુધી ઈસ્લામથી તેમને નફરત હતી કે જ્યારે પોતાનાં બહેન બનેવીના વિશે ઈસ્લામ સ્વીકાર કરવાની વાત સાંભળી તો ગુસ્સામાં આવી ગયા. પહેલાં તો રસૂલુલ્લાહ ﷺને કત્લ કરવાના હેતુથી જઈ રહ્યા હતા પરંતું રસ્તામાં ખબર પડતાં માર્ગ બદલી નાખ્યો અને બહેનના ઘરે પહોંચી ગયા અને બંનેવની ખૂબ મારપીટ કરી અને પછી કહ્યું કે કુર્આન પાકની તે આયતો સંભળાવો જે તમે ઘરમાં છુપી રીતે પઢતા હતા. જ્યારે તેમણે સંભળાવવાનું શરૂ કર્યું તો ઉમર જેવા કઠણ હૃદયીનું દિલ પીગળવા લાગ્યું. દિલમાં નૂરનું એક કિરણ ફૂટવા લાગ્યું. આંખોથી શર્મિંદગી તથા પશ્ચાતાપનાં આંસૂઓ વહેવા લાગ્યાં. બેખૂદીની સ્થિતિમાં બારગાહે રિસાલત ﷺમાં હાજર થયા અને બુલંદ અવાજે કલ્મો પઢી ઈસ્લામના ખાદિમ બની ગયા.

***ઉમર સૂએ નબી ગયે નઝર સૂએ ઉમર ગઈ***
***પળી નિગાહે મુસ્તફા તો ઝિંદગી બદલ ગઈ***

હઝરત અબૂ સુફયાન, હઝરત હિન્દા, હઝરત ખાલિદ બિન વલીદ તેમજ બીજા કેટલાયે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ઈસ્લામનો સ્વીકાર કરતા પહેલાં ઈસ્લામોફોબીયાના શિકાર હતા, પરંતું અંતમાં તેમણે ઈસ્લામના જ રહમતભર્યા દામનમાં સ્થાન મેળવ્યું.

### ★ અમેરિકામાં ૯/૧૧/૨૦૦૧ની ઘટના પછી ઈસ્લામ સ્વીકારમાં ક્રાંતિ ! ★

આજે પણ એક મોટી સંખ્યામાં લોકો ઈસ્લામોફોબીયાના શિકાર છે. અને એટલા માટે જ તેઓ ઈસ્લામ દુશ્મનીના માર્ગે ચાલી રહ્યા છે. તેઓ ઈસ્લામ તથા કુર્આનના પૈગામથી પરિચિત નથી. તેઓ પૈગમ્બરે ﷺની પવિત્ર જાતથી તથા આપના સદ્ગુણોથી વાકેફ નથી. જે દિવસે તેઓ ઈસ્લામ ધર્મની હક઼ીક઼તને જાણી લેશે, તેમના દિલોના દરવાજા પણ સત્યતાની ઓળખ માટે ખુલી જશે. ૯/૧૧/૨૦૦૧ના વર્લ્ડ ટ્રેડ સેન્ટર ઉપરના હુમલા બાદ ઈસ્લામોફોબીયામાં વધારો થયો છે અને પ્રોપેગંડા થયા કે ઈસ્લામ આખી દુનિયામાં અશાંતિ, કટ્ટરતા તથા હિંસાનો ધર્મ છે, (મઆઝલ્લાહ !) મુસલમાન દુનિયાના જે વિસ્તારમાં પણ રહે છે ત્યાં બીજાઓને અમન શાંતિથી રહેવા નથી દેતા, ઈસ્લામી તાલીમાત મુસ્લિમોને હિંસા તથા અત્યાચાર તરફ પ્રેરિત કરે છે. જ્યારે કે આ પ્રકારના તમામ પ્રોપેગંડા સરાસર જૂઠા તથા એક અડગ હક઼ીક઼તની છબી ખરાબ કરવાના કાવતરાઓનો ભાગ છે. ઈસ્લામની હક઼ીક઼ત તથા વાસ્તવિક્તાનો પરિચય તેમને નસીબ થાય છે જેમને અલ્લાહ તરફથી તૌફીક઼ મળે છે અને જેઓ નિષ્પક્ષ થઈને ઈસ્લામનો અભ્યાસ કરે છે.

૯/૧૧/૨૦૦૧ની ઘટના પછી જેટલા પ્રમાણમાં ઈસ્લામ તથા મુસલમાનો પ્રત્યેની ગલત ફહમીઓ તથા ખોટા પ્રોપેગંડાઓ વધ્યા છે એટલા જ પ્રમાણમાં બલ્કે તેનાથી પણ વધુ પ્રમાણમાં લોકોનાં દિલોમાં ઈસ્લામ પ્રત્યેની જિજ્ઞાસા પણ વધી છે. આ જિજ્ઞાસા તથા ઈસ્લામનો સંશોધનાત્મક અભ્યાસ જ લોકોને ઈસ્લામ તથા તેની વાસ્તવિક્તાથી મિલાવી આપે છે. એવા લોકોની એક મોટી સંખ્યા છે જેઓ પહેલાં ઈસ્લામોફોબીયાના શિકાર હતા અને બાદમાં ઈસ્લામના અભ્યાસે તેમને ઈસ્લામ સુધી પહોંચાડયા. રશિયાની સરકારી ટેલીવિઝન ચેનલ RT Newsએ આ પ્રકારના કેટલાયે સમાચારો તથા સ્પેશ્યલ પ્રોગ્રામો ટેલીકાસ્ટ કર્યા છે જેમાં દેખાડવામાં આવ્યું છે કે ઈસ્લામોફોબીયામાં સપડાયેલા અમેરિકનો ઈસ્લામ સ્વીકાર કરી રહ્યા છે. RT Newsના આ પ્રકારના પ્રોગ્રામો અત્યારે પણ You Tube પર જોઈ શકાય છે. એ જ પ્રમાણે ઈરાનના સરકારી ટેલીવિઝન ઉપર પણ આવા પ્રોગ્રામોની એક સીરીઝ ચાલે છે. Press TVના આ પ્રોગ્રામના દરેક એપિસોડમાં એક

નવમુસ્લિમને સામેલ કરવામાં આવે છે અને તેની ઈસ્લામ સુધીની યાત્રા વિશે ચર્ચા કરવામાં આવે છે. Press TVના કેટલાક વિશેષ પ્રોગ્રામો પણ You Tube ઉપર જોઈ શકાય છે. ગયા વર્ષે આ પ્રોગ્રામમાં હોલિવુડની એક મશહૂર અભિનેત્રી તથા મોડેલ પણ જોવામાં આવી હતી. Emilie Francoisના નામથી મશહૂર આ મોડેલ હવે ઉમ્મે અબ્દુલ્લાહ બની ચૂકી છે. તેણી પોતાને માથાથી લઈને પગ સુધી ઈસ્લામી બુરખામાં ઢાંકેલી રાખે છે, ત્યાં સુધી કે તે TV શોમાં પહોંચી ત્યાં પણ તેણીએ પોતાના ચહેરા ઉપરથી નકાબ (પર્દો) ન હટાવ્યો. ફક્ત આંખો ખુલ્લી હતી. ઈમીલી પણ પહેલાં ઈસ્લામ પ્રત્યે ગલત પ્રોપેગંડાની શિકાર હતી, પરંતુ જ્યારે તેને ઈસ્લામ વિશે જાણવાનો શોખ થયો અને ઈસ્લામનો અભ્યાસ કર્યા બાદ ઈસ્લામની સત્યતા સામે આવી અને તેણીએ ઈસ્લામનો સ્વીકાર કરી લીધો. તેનું કહેવું છે કે હવે તે આંતરિક ચૈન સુકૂન તથા શાંતિ અનુભવી રહી છે. ઈમીલી ઈસ્લામી પર્દાને સ્ત્રીઓ માટે એક સુરક્ષિત સ્થાન (કવચ) માને છે જ્યાં સ્ત્રીઓ દુનિયાની હવસપરસ્ત તથા વાસનામય નિગાહોથી સુરક્ષિત થઈ જાય છે. તેણીનું કહેવું છે કે એ ખોટો પ્રચાર કરવામાં આવે છે કે ઈસ્લામે સ્ત્રીઓ ઉપર અત્યાચાર તથા જુલ્મ કર્યો છે, તેમના અધિકારો છીનવી લીધા છે, તેમને પર્દામાં કેદ કરી દીધી છે. જ્યારે કે હકીકતમાં ઈસ્લામે જ સ્ત્રીઓને તેમના હક્કો તથા અધિકારો આપ્યા છે. પશ્ચિમી વિચારશૈલીએ તેણીઓને એક જાતિય તથા શારીરિક ઈચ્છાઓ પૂરી પાડવાનું સાધન બનાવી રાખી છે. તેમનું સ્વંય કોઈ અસ્તિત્વ જ નથી. તે પુરૂષો માટેનું એક રમકડુ બનીને રહી ગઈ છે. પરંતુ ઈસ્લામ સ્ત્રીઓને એક માન સન્માન તથા પ્રતિષ્ઠા પ્રદાન કરે છે, તેમને એહતેરામ તથા ઈજ્જતની નિગાહોથી જોવાનો પાઠ શિખવે છે. સ્ત્રી ઈસ્લામની નજરમાં જેટલી પ્રતિષ્ઠિત તથા સન્માનિત બાઈજ્જત છે એટલી બીજા કોઈ ધર્મમાં નથી.

## ★ અમેરિકીઓના ઈસ્લામ અંગીકારના બનાવો ★

હોલિવુડની એક અન્ય અભિનેત્રી ઐલન હવે સંપૂર્ણપણે ઈસ્લામી આદેશોની પાબંદી કરી રહી છે. તેણી પણ ઈસ્લામ પ્રત્યે ગલત ફેહમીની શિકાર હતી, પરંતુ તેની મુલાકાત એક રેસ્ટોરેન્ટમાં અમુક મસ્લિમો સાથે થઈ ત્યાર બાદ તેણીએ ઈસ્લામનો અભ્યાસ કર્યો અને મુસલમાન થઈ ગઈ. તેણી રોમન ભાષામાં લખાયેલ કુર્આન શરીફ પઢે છે, પર્દામાં રહે છે. હલાલ ઝબીહા (હલાલ રીતે ઝબહ કરેલા જાનવર) ખાય છે અને નમાઝોની પાબંદી એટલી હદ સુધી કરે છે કે જો રસ્તામાં ચાલતાં ચાલતાં નમાઝનો સમય થઈ જાય તો સડકના કિનારે જ કોઈ સાફ સુથરી જગ્યા ઉપર મુસલ્લો બિછાવીને નમાઝ અદા કરી લે છે. તે બહાર નીકળે તો તેની સાથે તેનો આઠ વર્ષનો પુત્ર પણ હોય છે જે સફેદ ઝબ્બામાં તથા માથા ઉપર ટોપી સાથે હોય છે.

હલીમા શ્યુન્સન એક હબશી સ્ત્રી છે, તેણીએ પણ ઈસ્લામ સ્વીકાર કર્યો છે. તેણી પણ પહેલાં ઈસ્લામ વિશે ખોટી માન્યતાઓ ધરાવતી હતી, પરંતુ હવે તેણે પણ ઈસ્લામી આદેશોને પોતાના જીવનનો એક મહત્વનો ભાગ બનાવી લીધો છે. હલીમા પર્દાની એટલી પાબંદ છે કે તે પોતાની કાર ડ્રાઈવ કરતી વખતે પણ પર્દામાં રહે છે.

જેમ્સ યી (James Yee) પોલ સબાહુદ્દીન આર્મ સ્ટ્રોંગ, કાર્લ કોજ, આદમ ગિઘાની વગેરે એવા અમેરિકી નાગરિકો છે, જેઓને પહેલાં ઈસ્લામથી કોઈ મહોબ્બત ન હતી, પરંતુ ઈસ્લામના અભ્યાસે તેમને પણ ઈસ્લામ સ્વીકાર કરવા મજબૂર કરી આપ્યા. હવે તેઓ પાબંદીની સાથે ઈસ્લામી એહકામો પર અમલ કરે છે. ખાવા પીવામાં ખાસ કરીને હલાલ હરામનો ખયાલ રાખે છે, અને કારોબારી મામલાઓ તથા બિઝનેસમાં પણ અલ્લાહ તથા તેના રસૂલ ﷺના ફર્માનોનું ધ્યાન રાખે છે.

*–(નઈ દુન્યા, ૫ થી ૧૧ નવેમ્બર–૨૦૧૨)*

વિશ્વના વર્તમાન હંગામાઓ

# યહૂદીઓની નાપાક યોજનાઓનું ફળ

(કાર્યાલય)

યહૂદી કૌમ શરૂઆતથી જ દુનિયામાં પોતાનું વર્ચસ્વ જમાવવાના સ્વપ્નોમાં રાચતી રહી છે. પોતાનો આ ઉદ્દેશ પૂરો કરવા યહૂદીઓએ અગાઉ પણ અનેક જાતનાં ષડયંત્રો રચ્યાં છે, પરંતુ ૧૮૯૭માં આખી દુનિયાના મોટા મોટા યહૂદી આગેવાનો લંડનમાં ભેગા થયા, તેઓ ઠેઠ ૧૯૦૨ સુધી અવાર નવાર છુપી રીતે અનેક મીટિંગો કરતા રહ્યા. દુનિયા ઉપર યહૂદીઓનું પુનઃ વર્ચસ્વ સ્થાપવાના ઉદ્દેશથી તેમણે એક વિસ્તૃત યોજના **THE PROTOCALS OF THE LEARNED ELDERS OF ZION** નામના હિબ્રુ ભાષામાં તૈયાર કરેલ એક પુસ્તકમાં જણાવી છે.

રશિયામાં પ્રો. નાઈલ્સ નામના દેવળના એક પાદરીએ તેનું રશિયન ભાષામાં ભાષાંતર રશિયન વર્તમાન પત્રોમાં પ્રકાશિત કરાવ્યું, ત્યારે સામાન્ય પ્રજાને આ PROTOCALSની જાણ થઈ હતી. ''બ્રિટીશ મ્યુઝીયમ લાયબ્રેરી''માં ૧૯૦૬થી આ પુસ્તક સુરક્ષિત છે.

ઈ.સ. ૧૯૧૭ની રશિયન ક્રાંતિ પછી મિ. વિકટર માર્સડન નામના એક વિદ્વાને તેનો અનુવાદ અંગ્રેજીમાં કર્યો છે. મુખ્ય મુખ્ય મુદ્દાઓ તે પુસ્તકમાંથી નીચે રજૂ કર્યા છે.

ઈતિહાસકારોના કથાનુસાર રશિયન ક્રાંતિ પણ યહૂદી કાવત્રાનું જ પરિણામ હતી. સામ્યવાદી ચળવળના પ્રણેતા યહૂદીઓ જ હતા. કાર્લ માર્કસ, ટ્રાટુસ્ટી, લેનિન વગેરે બધા યહૂદી વંશમાંથી જ હતા. હાલના ઈઝરાઈલ નામના રાજ્યની સ્થાપ્ના પણ બ્રિટન, અમેરિકા અને રશિયાની ચાલબાજીઓથી જ થઈ છે.

યહૂદીઓના આ મલિન મનસૂબાઓ જગત સમક્ષ ખુલ્લા પાડીને સામાન્ય પ્રજાને આ ભયંકર ષડયંત્રોથી સાવચેત કરીને, તેના મુકાબલા માટે તૈયાર કરવાનો અમારો ઉદ્દેશ છે.

### ★ યહદૂીઓના નાપાક મનસૂબાના મહત્વના મુદ્દાઓ ★

**મુદ્દા નં. ૦૧** : લોકોનો મોટો ભાગ આંધળા જેવો, બુદ્ધિ વગરનો, સમજશક્તિના અભાવવાળો અને અબુધ હોય છે. આજે સૌ કોઈ દૌલતના પૂજારી છે, તેથી આપણે યહૂદીઓ પૈસાના જોરે બિનયહૂદીઓના વિચારોને લકવાગ્રસ્ત કરી નાખીશું. તેમના વિશ્વાસ અને સ્વમાન આપણે ખરીદી લઈશું. આપણે તેના માટે શરાબ, જૂગાર, વ્યભિચાર, નાચગાનના નામે નગ્નતા વગેરે એશઆરામના સામાનની વ્યવસ્થા કરીશું, આઝાદી અને સમાનતાના નામે નારાઓ બુલંદ કરીને આપણે સામાન્ય લોકોને સરકાર વિરુદ્ધ ભરમાવીશું, ભડકાવીશું. આવી જ રીતે દગા ફટકા અને છળકપટથી આપણે આપણો ધ્યેય પ્રાપ્ત કરીશું.

**મુદ્દા નં. ૦૨** : ડાર્વિન, માર્કસ વગેરેના વિચારોનો ફેલાવો કરીને જનતામાં વિચારભેદ જન્માવીશું. આપણા પ્રેસની મદદથી સામાન્ય લોકોની ફરિયાદ તરફ ધ્યાન કેન્દ્રિત કરવાનો ઢોંગ રચીને પ્રજામાં બેચૈની તથા અસંતોષ ફેલાવીશું. દેશ દેશ વચ્ચે ઝઘડાઓ કરાવીને તેમની આર્થિક સ્થિતિને તબાહ તથા બરબાદ કરીને તેઓને પરદેશી દેવાઓમાં (કરજોમાં) જકડી દઈશું.

**મુદ્દા નં. ૦૩** : આપણે મજૂરોને આઝાદી અપાવવાનો ઢોંગ રચીશું. મુજૂરોને સડકો પર લાવીશું, અને પરેશાન મજૂરો મારફત લૂટમાર શરૂ કરાવીશું. જનતા આઝાદી, સમાનતા અને લોકશાહીના સૂત્રો

પોકારતી પોકારતી પોતાના જ ભાઈઓના લોહી વડે પોતાની પ્યાસ બુઝાવશે, એવી યોજનાઓ કરીશું.

**મુદ્દા નં. ૦૪ :** બિન યહૂદીઓના મગજમાંથી અલ્લાહ અને વહદાનિયત (અલ્લાહ એક છે તેમ માનવા)ની માન્યતાને ખતમ કરીને તેના સ્થાને ભૌતિક જરૂરિયાતો અને અંગત લાભના વિચારોને લોકોમાં ફેલાવીશું.

પરિણામે લોકો પોતાના ધર્મથી દૂર થશે અને પોતાના જ ધર્મ વિરુદ્ધ થઈ જશે. સોનું, ચાંદી જ તેમનો ધર્મ હશે અને આર્થિક લાભો તેમના માર્ગદર્શક બનશે. ઉચ્ચ વર્ગ અને નીચલા વર્ગો વચ્ચે નફરત અને દુશ્મનાવટો વધે તેવા પ્રયાસો આપણે કરીશું.

**મુદ્દા નં. ૦૫ :** બિન યહૂદીઓના જીવન તેમના જ લોહી વડે લાલ કરીશું. તેમને ધર્મ, જાતિ, વંશના નામે અરસ પરસ લડાવી મારીશું, અછત, અસંતોષ અને નિરાશાનું વાતાવરણ ચારે બાજુ ઉભુ કરી દઈશું.

**મુદ્દા નં. ૦૬ :** જગતના અન્ય દેશોને દેવાના બોજ તળે દબાવી દઈ, તેમની હુકૂમતોમાં આપણે મનફાવતી દખલગીરી કરીશું અને ત્યાં અશાંતિ અને અવ્યવસ્થા પેદા કરીશું.

**મુદ્દા નં. ૦૭ :** એક તરફ મજૂરોની મજૂરીમાં વધારો કરાવીને અને બીજી બાજુ જીવન જરૂરિયાતની ચીજોની કિંમતો આસમાને ચડાવી દેવા પ્રયત્નો કરીશું.

**મુદ્દા નં. ૦૮ :** દરેક દેશમાં આપણે આઝાદીના નામનું ઝેર ફેલાવી દઈશું, લોકોમાં ઝઘડાઓ અને મતભેદો ઉભા કરીશું. ફ્રી મિશનની ચળવળ શરૂ કરીને, તેના માટે આપણા ધ્યેયો સિદ્ધ કરીશું. તેઓનું બ્રેઈનવોશ કરીને તેઓ દરેક વસ્તુ આપણી નજરથી જ જુએ તેમ કરીશું. વર્તમાન પત્રોને ખરીદી લઈ તેમના મારફત આપણા વિચારોનો પ્રચાર કરીશું.

**મુદ્દા નં. ૦૯ :** આખી દુનિયામાં ક્રાંતિ લાવવા માટે આપણે એક નિશ્ચિત સમયે એકી સાથે દરેક દેશમાં લશ્કરી ક્રાંતિ કરાવીશું.

**મુદ્દા નં. ૧૦ :** ફ્રી મિશન સંસ્થા દરેક જગ્યાએ સ્થાપીશું અને તેના મારફત લોકોના વિચારોમાં પરિવર્તન લાવવા માટે પ્રયાસો કરીશું. જો કોઈ તેનો વિરોધ કરશે તો આપણે તેને એવી રીતે ખતમ કરાવી નાખશું કે લોકો એમ જ સમજશે કે તે કુદરતી મોતે મર્યો છે.

**મુદ્દા નં. ૧૧ :** યહૂદી સિવાયના બીજા ધાર્મિક આગેવાનોનો પ્રભાવ ઓછો થાય તેવા પ્રયાસ કરીશું. પોતાના ધર્મ વિરુદ્ધ બળવો કરાવવા જે લોકો ભાષણો કરતાં માર્યા જશે, તેમને શહીદનો દરજ્જો આપીને તેમના ફોટાઓ વર્તમાન પત્રોમાં છપાવીને તેમને હીરો બનાવી દઈશું અને આ રીતે લોકોનું આકર્ષણ અધર્મ તરફ વળે તેવા પ્રયાસો કરશું.

**મુદ્દા નં. ૧૨ :** બિન યહૂદી સરકારોમાં ચલણનું સરક્યુલેશન થંભાવીને, જે તે દેશમાં આર્થિક કટોકટી ઉભી કરશું અને તે દેશોને યહૂદીઓના વ્યાજ નીચે કચડી નાખીશું, બેકારી પેદા કરીશું, જેથી દેશમાં અશાંતિ અને અવ્યવસ્થા પેદા થાય.

### ★ દુનિયામાં યહૂદી સત્તા જમાવ્યા પછીની યોજના ★

ક્રાંતિ લાવ્યા પછી તરત જ આપણે વર્તમાન પત્રોની આઝાદી, જલ્સા જુલૂસની છૂટ, વિચારોની આઝાદી અને મતાધિકારને કડક આદેશો વડે ખતમ કરી નાખીશું. બિન યહૂદીઓ આપણી નજરમાં કેવળ વરૂઓ જેવા છે, આપણે તેમના ઉપર તૂટી પડીશું.

વર્તમાન પત્રોને ખરીદી લઈને તેમને લગામ ચડાવીશું. આપણી પોતાની જ માન્યતાઓ અને વિચારોનો પ્રચાર કરીશું. આપણે શિક્ષણ પ્રથા નવેસરથી ગોઠવીશું અને વિચારોની આઝાદીને કચડી નાખીશું.

સભ્યતા અને સંસ્કૃતિના નામે, નાચગાનની મહેફિલો કરાવીશું. અને અન્ય ધર્મોને ખતમ કરવાની કોશિશ કરીશું, વિરોધીઓને કત્લ કરી નાખીશું.

**નોંધ :** મલીક અબ્દુર્રશીદ, જેમના સંશોધનના મુદ્દાઓ એકઠા કરવામાં આવ્યા તેમનો આભાર. યહૂદીઓ તો શરૂઆતથી જ ઈસ્લામ ઉપર સતત

હુમલા કરતા આવ્યા છે, હિજરતના પહેલા વર્ષે જ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ સાથે કરાર થયા પરંતુ તેના દોઢ વરસ પછી તેમણે દગા ફટકા શરૂ કર્યા. ત્યાર પછી હઝરત ઉમર, હઝરત ઉષ્માન, અને હઝરત અલી رضی اللہ عنہ ની શહાદતો પાછળ પણ આ યહૂદીઓનો જ હાથ હતો. બંને વિશ્વ યુદ્ધો યૂરોપમાંથી જ યહૂદીઓએ જ શરૂ કરાવ્યાં હતાં. યહૂદીઓ હવે ઈસ્લામી પ્રદેશો પર લલચાયેલી નજરે જોઈ રહ્યા છે. બ્રિટન અને અમેરિકાના વર્તમાનપત્રો અને અર્થતંત્ર ઉપર યહૂદીઓનો જ કબ્જો છે. *(લેખક : જનાબ મુજબર હુસૈન અદીખ, અનુવાદ : જનાબ પટેલ શબ્બીર અલી રઝવી, દયાદરવી, તયબાહ માસિક, તા. ૧–૫–૯૩)*

## ★ યહૂદીઓની ચાલબાજીઓ ★

માર્ચ–૧૯૯૦ની જ વાત છે. ઈઝરાઈલના કેન્દ્રિય શહેર "તેલ અવીવ"માં યહૂદીઓની એક વિશ્વસ્તરીય કોન્ફ્રન્સ મળી હતી. તેમાં દુનિયાના એકસો દેશોમાંથી યહૂદી પ્રતિનિધિઓ આવ્યા હતા. સદ્ભાવના કોન્ફ્રન્સમાં ચર્ચા વિચારણાનો વિષય એ હતો કે, મુસલમાનોમાંથી લશ્કરી સદ્ભાવના તેમજ થનથનાટ અને જેહાદની ભાવના, તમન્ના કેવી રીતે દૂર કરવામાં આવે ?

મુશ્કેલી એ હતી કે, અફઘાનિસ્તાન, ઈરાક, તુર્કી, સુદાન, બંગ્લાદેશ વગેરે દેશોમાં યહૂદી એજન્ટો જેહાદના મામલામાં પોતાનું એડીચોટીનો જોર અજમાવી રહ્યા છે, તેમ છતાં મુસલમાનોમાંથી જઝબએ જેહાદ ખતમ કરી શકાયો નથી.

અફઘાનિસ્તાનમાં મુજાહિદો રશિયન તાકતનો પુરજોશ પ્રતિકાર કરી રહ્યા હતા અને તેનો પ્રભાવ આખી દુનિયા ઉપર પડી રહ્યો હતો. યહૂદીઓની વિશ્વ કોન્ફ્રન્સમાં ઠરાવ પસાર કરવામાં આવ્યો કે, મુસલમાનોમાંથી જેહાદનો જઝબો ખતમ કરવા માટે બે કામ કરવામાં આવે :–

**(૧)** ખૂદ મુસલમાનોમાંથી જ એવા કેટલાક એજન્ટો તૈયાર કરવામાં આવે, જેઓ મુસલમાનોને એવા ધાર્મિક આદેશો સંભળાવીને તેમને ઈબાદતોમાં જ પ્રવૃત રાખે, જેથી મુસલમાનો જેહાદથી દૂર થતા જાય.

**(૨)** મુસલમાનોમાં "વ્યાજ"ને સામાન્ય બનાવવા માટે જોરદાર પ્રયાસો કરવાં. ઈસ્લામના નામથી એવી સંસ્થાઓ કાયમ કરવી જે સંસ્થાઓ મુસલમાનોને વેપાર ધંધા માટે સરળ હપ્તાઓથી વ્યાજની મોટી મોટી રકમો આપે, પરિણામે મુસલમાનોમાં "વ્યાજ" સામાન્ય થઈ જાય.

મિસરના એક આલિમ મહેમૂદુલ ફાઝિલે એક રહસ્યનો ઘટસ્ફોટ કર્યો કે, "યહૂદીઓ મુસલમાનોના નામથી સબ્ર અને દુઆના ફઝાઈલ ઉપર લાખો કિતાબો છપાવીને તેને છૂટથી વહેંચી રહ્યા છે જેથી મુસલમાનો તેમાં જ લાગેલા રહે અને ઈસ્લામના બીજા આદેશો તરફ તેમનું ધ્યાન દોરાય નહીં." *("અલ હસનાત" માસિક, પેજ : ૧૦૧ થી ૧૦૨, જુન–૯૪)*

ઈસ્લામ વિરુદ્ધ કાવતરાંઓનો આ ક્રમ કાંઈ નવો નથી, આવાં કાવતરાં થયાં છે, થાય છે અને થતાં રહેશે. ઈસ્લામનો અલ્લાહ નિગેહબાન છે, એને તો કોઈ મિટાવી શકશે જ નહીં, પણ આ યહૂદીઓની ગંદી પોલીસીઓ તથા ખાસ કરીને મુસ્લિમો વિરુદ્ધની નાપાક યોજનાઓનું પરિણામ આજે સમગ્ર વિશ્વ જોઈ રહ્યું તથા અનુભવી રહ્યું છે.

## ★ યહૂદી નાપાક યોજનાઓનાં આ રહ્યાં પરિણામો ! ★

૯/૧૧/૨૦૦૧માં અમેરિકા ન્યુયોર્કના "વર્લ્ડ ટ્રેડ સેન્ટર" પર વિમાનોથી થયેલો હુમ્લો એ યહૂદીઓનું જ કારસ્તાન હોવાનું જાહેર થઈ ચૂક્યું હતું જેને મુસ્લિમનામી વ્યક્તિઓના માથે થોપીને મુસ્લિમો દ્વારા હુમ્લો થયાનું પ્રમાણપત્ર જગત પાસે મેળવવા પ્રચાર માધ્યમો થકી ખૂબ જ પ્રચાર કર્યો અને અસલ ભેદને છુપાવી રાખ્યો કેમ કે વિશ્વના મીડિયા જગત પર પણ તેઓએ વર્ચસ્વ જમાવેલું છે. અને પછી ઓસામા બિન લાદેનને આતંકવાદી ઠરાવી એ એક વ્યક્તિને પકડવાના બહાને અમેરિકાએ

**અફઘાનિસ્તાન**માં ઈસ્લામના નામે સ્થપાયેલ સત્તાનો ખાત્મો બોલાવ્યો અને સમગ્ર દેશના મુસ્લિમોને તારાજ કરી અફઘાનિસ્તાનની કમ્મર તોડી નાખી અને ત્યાં આતંરવિગ્રહ છોડીને હટી ગયું જેમાં આત્મઘાતી બોમ્બરો તથા બંદૂકધારીઓ થકી ઈસ્લામનો કલ્મો પઢનારા આજે પણ રોજ આપસમાં ખતમ થઈ રહ્યા છે. આ સર્વ યહૂદી ચક્કરબાજીનું જ પરિણામ છે.

એ જ પ્રમાણે **ઈરાક**માં સદ્દામ હુસૈનને હટાવવાના બહાને લાખો મુસ્લિમોના લોહીની હોળી વરસો સુધી ખેલાયી અને આજે પણ ત્યાં બોમ્બ ધડાકા રોજનીશી બની ગઈ છે. ફક્ત ગઈ રમઝાન શરીફના મહિનામાં જ ૮૦૦ કલ્મા ગો લોકો હોમાયા અને અગણિત લોકો ઘાયલ થયા અને આ ચક્કર હજી ચાલુ જ છે. આ પણ યહૂદી કારસ્તાનનું જ પરિણામ છે. એ જ પ્રમાણે **લીબિયા**માં કર્નલ ગદાફીનો ખાત્મો બોલાવવાના બહાને અગણિત મુસ્લિમોનાં લોહી વેરાયાં અને હજી પણ આંત્રિક અથડામણોનો ક્રમ ચાલુ છે. એ જ પ્રમાણે **નાઈજિરીયા**માં ગૃહ યુધ્ધ ચાલુ છે.

હાલમાં **સીરિયા**માં પણ એમના જ ષડયંત્રો હેઠળ નિર્દોષ બાળકો, સ્ત્રીઓ, પુરૂષોની લાશો ઢળી રહી છે જેનાં દશ્યો જોતાં કંપારી છૂટી જાય છે અને હજી અધૂરૂ હોય તેમ અફઘાનિસ્તાન તથા ઈરાકની જેમ સીરિયા પર પણ અમેરિકા હુમ્લો કરવાની વેંતરણમાં છે. આ યહૂદી મેલી પોલીસીઓનું જ સર્વ પરિણામ છે.

તે ઉપરાંત **ઈરાન** પરના પ્રતિબંધો તથા **ઈજીપ્ત, ટયૂનિસિયા, તુર્કસ્તાન, પાકિસ્તાન** તથા અન્ય દેશોમાં રાજકીય પલ્ટા અને અને મુસ્લિમો પરના હુમ્લાઓ, તેમાં થતી જાનહાનિ આ સર્વ એ જ યહૂદી એજન્ડાનું જ પરિણામ છે.

તેમજ **ખાસ તો મુસ્લિમો ઈસ્લામી સંસ્કૃતિ તથા ઈસ્લામી જીવન પદ્ધતિથી હટીને યહૂદી ઈસાઈ જેવી લગભગ ૧૦૦% બેપર્દગીવાળી તથા બેહયાઈ તથા નગ્નતાપૂર્ણ ડ્રેસોવાળી રહેણીકરણી તથા યહૂદી ઈસાઈ જેમ નાચગાનના કલ્ચરવાળી રહેણીકરણીવાળી જિંદગી અપનાવી બેઠા છે અને પુરૂષો દાઢી (ટોપી, અમામા)થી ધૃણા અનુભવે છે તેમજ સ્ત્રીઓ પર્દાથી શરમાય છે ! આ બધું શું યહૂદી યોજનાઓનું પરિણામ નથી ? શું તેઓ પોતાના આયોજનોમાં સફળ નથી ?!**

મુસલમાનો જો આ બધાથી બચવા ચાહતા હોય તો અલ્લાહની પનાહમાં આવે અને કુર્આનના આ એક જ આદેશ પર અમલ કરે જેમાં રબ વાયદો ફર્માવે છે કે, ''અને ન સુસ્તી કરો અને ન ગમ ખાવ (ગભરાવ) તમો જ ઉપરવટ (કામયાબ) રહેશો જો ઈમાન ધરાવો છો.'' (સૂરએ આલે ઈમરાન–૧૩૯) ઉલમા ફર્માવે છે : સારાંશ કે **તમે સાચા અર્થમાં મુસલમાન બની જાવ તો કામયાબી તમારા કદમો ચૂમશે જ.**


## સુન્ની દાવતે ઈસ્લામીનો બે દિવસીય વાર્ષિક સુન્ની ઈજતેમા

**કબ ?** તા. ૨૩-૧૧-૨૦૧૩

શનિવાર ઝહોરથી મગરિબ સુધી (બહેનો માટે)

તા. ૨૪-૧૧-૨૦૧૩ રવિવાર સવારના

૧૦ વાગ્યાથી રાતના ૧૦ વાગ્યા સુધી (ભાઈઓ માટે)

**કહાં ?**

સબ જેલ ગ્રાઉન્ડ,

વાયા સંતોષી વસાહત

**ભરૂચ**

અદાઈ : **સુન્ની દાવતે ઈસ્લામી (ભરૂચ શાખા)**

મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૯૪૨૬૮ ૪૦૨૭૭, ૯૪૨૮૦ ૨૭૫૯૨

# કુર્બાની સંબંધિત

## સવાલોના જવાબો

કાર્યાલય

**સવાલ** : કેટલાક લોકો કહે છે કે કુર્બાનીનો આધાર હઝરત ઈબ્રાહીમ علیہ السلام ના ખ્વાબ પર છે અને ખ્વાબ તથા ખયાલની વાતો વિશ્વસનીય નથી, જેથી કુર્બાની કરવી નાદાની છે. એના બારામાં શરીઅતનો શું હુકમ છે ?

**જવાબ** : ખુદા તઆલાનું ફર્માન છે : قَالَ یٰبُنَیَّ اِنِّیْ اَرٰی فِی الْمَنَامِ اَنِّیْ اَذْبَحُكَ (*પારા–૧૩, સૂ. સાફ્ફાત, આ. ૧૦૨*) આ આયતની તફસીરમાં હઝરત અલ્લામા શયખ સુલૈમાન જુમલ رحمۃ اللہ علیہ લખે છે : હઝરત ઈબ્રાહીમ علیہ السلام એ ૮ ઝિલ હજ્જની રાતમાં ખ્વાબ જોયો. કોઈ કહેનારો તેમને કહી રહ્યો છે કે અલ્લાહ તઆલાએ આપના પુત્રને ઝબહ કરવાનો આપને હુકમ આપ્યો છે. જ્યારે સવાર થઈ તો આપ ચિંતિત થયા કે આ હુકમ અલ્લાહ તરફથી છે કે શૈતાનની તરફથી ?! જ્યારે બીજી રાત્રે એક પ્રકારનો ખ્વાબ ફરી જોયો તો હઝરત ઈસ્માઈલ علیہ السلام ની કુર્બાનીનો આપે ઈરાદો કર્યો અને તેમને કહ્યું, હે મારા દીકરા ! હું ખ્વાબમાં જોઉં છું કે હું તમને ઝબહ કરી રહ્યો છું." (*તફસીરે જુમલ, ૩/૫૪૭*)

અને એ જ પ્રમાણે આરિફ બિલ્લાહ હઝરત અહમદ બિન મુહમ્મદ સાવી رحمۃ اللہ علیہ એ પણ તફસીરે સાવીમાં ભાગ–૩, પેજ–૩૨૦માં લખ્યું છે. અને હઝરત અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ આ આયતની તફસીરમાં લખે છે : "અંબિયાના ખ્વાબ હક્ક હોય છે અને તેમનાં કામો અલ્લાહ તઆલાના હુકમથી થાય છે."

જેથી જ્યારે અંબિયાએ કિરામ علیہم السلام ના ખ્વાબો હક઼ીક઼ત પર જ આધારિત હોય છે અને તેમનું દરેક કામ અલ્લાહ તઆલાના હુકમથી જ થાય છે, જેથી હઝરત ઈબ્રાહીમ علیہ السلام નું હઝરત ઈસ્માઈલ علیہ السلام ને ઝબહ કરવું અલ્લાહની વહી અને તેના હુકમથી હતું. તેમના મુબારક ખ્વાબને પોતાના ખ્વાબો ખયાલની જેમ સમજીને અવિશ્વસનીય ઠરાવવું નર્યી ગુમરાહી તથા બદ્‌મઝહબી છે.

અને વળી અલ્લાહ તઆલાએ આપણા નબી ﷺ ને હુકમ ફર્માવ્યો, فَصَلِّ لِرَبِّكَ وَانْحَرْ "તમારા રબના માટે નમાઝ પઢો અને કુર્બાની કરો." (*સૂરએ કૌષર*) એટલા માટે હુઝૂર ﷺ, સહાબાએ કિરામ, તાબઈને એઝામ, ઈસ્લામના ઈમામો, મહાન ફક઼ીહો, મુફસ્સિરો તથા મહાન મુહદ્દિષોએ કુર્બાનીઓ કરી, બલ્કે આખા જગતના મુસલમાનો ૧૪૦૦ ઉપરાંત વરસોથી કુર્બાનીઓ કરતા આવ્યા છે. અને કેમ ન કરે કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું, "જેનામાં શક્તિ હોય છતાં કુર્બાની ન કરે તે અમારી ઈદગાહની નજીક હરગિઝ ન આવે." (*ઈબ્ને માજહ, અન્વારુલ હદીષ–૩૬૨*)

જેથી કુર્બાનીને ખ્વાબો ખયાલની વાત કહીને તેને અવિશ્વસનીય ઠરાવનારા અને કુર્બાની કરવાને નાદાની ઠરાવનારા ગુમરાહ તથા બદ્‌મઝહબ છે.

અલ્લાહ તઆલાનો હુકમ છે :–

وَاِمَّا یُنْسِیَنَّكَ الشَّیْطٰنُ فَلَا تَقْعُدْ بَعْدَ

الذِّكْرٰی مَعَ الْقَوْمِ الظّٰلِمِیْنَ

**સવાલ** : ઝયદને પોતે માલિકે નિસાબ હોવાની જાણકારી પાછળથી થઈ, તો ક઼ઝા થયેલી કુર્બાનીઓને અદા કરવાની શું રીત છે ?!

**જવાબ** : જેટલા વરસોની કુર્બાનીઓ ક઼ઝા થઈ છે તેમને અદા કરવાની રીત એ છે કે દરેક વરસના બદલામાં એક મધ્યમ કક્ષાનો બકરો અથવા તેની કિંમત સદક઼ો કરે. હઝરત અલ્લામા હસ્કફી رحمۃ اللہ علیہ એ એ જ પ્રમાણે લખ્યું છે. (*દુર્રે મુખ્તાર મઅ શામી, ૫/૨૨૨*) અને ફતાવા આલમગીરી મઅ

ખાનિયહ, ૫/૨૯૬માં એ જ વર્ણવ્યું છે. તેમજ હુઝૂર સદરુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہ લખે છે : "કુર્બાનીના દિવસો વહી ગયા અને એણે કુર્બાની નથી કરી અને જાનવર કે તેની કિંમતનો સદકો પણ નથી કર્યો, ત્યાં સુધી કે બીજી બકરા ઈદ આવી ગઈ તો હવે એ એવું ચાહે છે કે ગયા વરસની કુર્બાનીની કઝા આ વરસે કરે, તો એ નથી થઈ શકતું. બલ્કે હજી પણ જાનવર અને તેટલી કિંમતનો સદકો જ કરે. *(બહારે શરીઅત, ૧૧/૧૩૮)*

**સવાલ** : ગૈર મુકલ્લિદ કે દેવબંદીની ભાગીદારી સાથે મોટા જાનવરની કુર્બાની કરવી કેવું ?

**જવાબ** : હઝરત અલ્લામા હસ્કફી رحمۃ اللہ علیہ લખે છે :

**ان كان شريك الستة نصر انيا او مريد**

**اللحم لم يجز عن واحد۔**

સાબિત થયું કે નસ્રાની (ઈસાઈ)ની ભાગીદારી સાથે કુર્બાની જાઈઝ નથી તો ગૈર મુકલ્લિદ, દેવબંદી જેઓ નસ્રાનીથી બદ્તર તથા ખબીષતર છે તેની ભાગીદારી સાથે કુર્બાની એથી અધિક કક્ષાએ જાઈઝ નથી. સૈયદેના આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ લખે છે : "અસલી કુફ્રનો એક સખત પ્રકાર નસ્રાનિયત છે અને એનાથી બદ્તર મજૂસિયત, એનાથી બદ્તર બુતપરસ્તી, એનાથી બદ્તર વહાબિયત, એ સૌથી બદ્તર દેવબંદિયત." (ફતાવા રઝવિય્યહ્, ૬/૩) જેથી ગૈર મુકલ્લિદ તથા દેવબંદીની ભાગીદારીમાં કુર્બાની કરવી જાઈઝ નથી.

**સવાલ** : કુર્બાનીના ચામડાનો શરઈ હીલો કરવો જરૂરી છે કે નહીં ? શું વિના હીલએ શરઈ એનાથી દારુલ ઉલૂમના મુદર્રિસોના પગાર આપી શકાય છે ?

**જવાબ** : કુર્બાનીના ચામડાનો હીલએ શરઈ કરવો જરૂરી નથી, હીલો કર્યા વિના દારુલ ઉલૂમ અથવા મક્તબના મુદર્રિસોને પગાર આપી શકાય છે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ લખે છે : "જે મદ્રસો દીની ઈલ્મોની તા'લીમના માટે ચંદાથી ચાલતો હોય એમાં કુર્બાનીનું ચામડુ ચાહે વેચીને કિંમત મોકલે તે મદ્રસાના ખર્ચા જેમ કે મુદર્રિસોના પગાર, તલબાના ખોરાક વગેરેમાં વાપરવું સહીહ મઝહબ પર જાઈઝ છે. (ફતાવા રઝવિય્યહ્, ૭/૪૮૭) અને એ જ કિતાબમાં પેજ નં. ૪૮૨ પર જણાવે છે : "કુર્બાનીના ચામડામાં તમ્લીકે ફકીર (ફકીરને માલિક બનાવવા)ની શર્ત રાખવી એ શરીઅત પર જબરદસ્તી છે." પછી પેજ–૪૮૩ પર લખે છે : "કુર્બાનીના ચામડાને સદકો કરવું અસલમાં વાજિબ નથી, એક નફ્લી સદકો છે, પછી એમાં ફકીરને માલિક બનાવવું (શરઈ હીલો કરવું) ક્યાંથી આવ્યું ?!

**સવાલ** : હોજરીને ખાવું મકરૂહે તહરીમી છે અને હોજરીને દફન કરવાથી કૂતરાંના કાઢી જવાનો ભય હોય છે તો દફન કરવાને બદલે કોઈ ગૈર મુસ્લિમને આપી દેવામાં આવે તો કોઈ વાંધો છે ?

**જવાબ** : હોજરી ગૈર મુસ્લિમને આપી શકાય છે, કોઈ વાંધો નથી. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે : "આંતરડાં (હોજરી) ખાવાની ચીજ નથી બલ્કે ફેંકી દેવાની ચીજ છે તો કાફિર લઈ જાય કે તેને આપી દેવામાં આવે તો વાંધો નથી.

**الخبيثت للخبيثين والخبيثون للخبيثت**

*(ફતાવા રઝવિય્યહ્, ૮/૪૬૭)*

**સવાલ** : કુર્બાનીની દુઆ ન હોય તો કેવળ બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર પઢીને કુર્બાની થશે કે નહીં ?

**જવાબ** : કુર્બાનીમાં કુર્બાનીની નિય્યતનું હોવું અને બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર પઢવું જરૂરી છે, દુઆ પઢવી જરૂરી નથી. એના વિના ઝબહ કરી આપ્યું અને માલિકે ગોશ્ત લઈ લીધો અને એનાથી તાવાન ન લીધો તો કુર્બાની માલિકની તરફથી થઈ ગઈ. એવું દુર્રે મુખ્તાર મઅ શામી ૫/૨૩૨માં છે.

**સવાલ** : ઝયદ પાસે હજારો રૂપિયા જીવન વીમામાં જમા છે પરંતુ કાઢી નથી શકતો, તો ઝયદ કુર્બાની તથા ઝકાત કેવી રીતે અદા કરે ? જ્યારે કે તે કરજદાર પણ છે. શું કરજ લઈને કુર્બાની કરવી જરૂરી છે ?

**જવાબ** : ઝયદ જો એટલા પ્રમાણમાં કરજદાર છે કે તે કરજ અદા કરે તો અસલમાં જમા રહેલી રકમ નિસાબ સુધી ન પહોંચે તો તેના પર ન ઝકાત વાજિબ થશે ન કુર્બાની. અને જો કરજ બાદ કરતાં પણ નિસાબ બાકી રહે તો બંને વાજિબ છે. અને જો ખરેખર સમય પહેલાં (વીમાની રકમ) કાઢી નથી શક્તો તો જ્યારે તે રકમ મળશે તે વખતે પોતાની અંગત (અસલ) રકમ પર દરેક વરસના હિસાબે ઝકાતની અદાયગી વાજિબ થશે. અને જે અસલ રકમમાં વધારો થશે એના પર (વરસવાર) ઝકાત નથી કે શરીઅતની રૂએ પોતે એ રકમનો માલિક નથી★. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : આ શરઅન નર્યો જુગાર છે. તે માસિક વધારો કે જે એમાં આપવામાં આવે છે તે શર્ત મુજબના સમય પહેલાં પરત નથી લઈ શકાતો ન શરઅન તે એનો માલિક થઈ શકે છે. પરત મળે ત્યારે જેટલું (મૂળ) જમા કરેલું હતું તેની દર વરસની ઝકાત લાજિમ થશે અને જો એનાથી વધારે મળશે તો એની ઝકાત નથી, કે તે વીમો લેનારની માલિકીમાં ન હતું. *(ફતાવા રઝવિય્યહ્, ૭/૧૬૮)*

પરંતુ કુર્બાની દર વર્ષે કરવી એના પર વાજિબ છે ચાહે કરજ લઈને કરે અથવા પોતાનો કોઈ માલ વેચી આપે. આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, "જેના પર કુર્બાની છે અને એ સમયે રોકડા એની પાસે નથી તો એ ચાહે કરજ લઈને કરે અથવા પોતાનો કોઈ માલ વેચે." *(ફતાવા રઝવિય્યહ્, ૭/૩૯૩)*

**સવાલ** : બકરાને કૂતરાએ બચકુ ભર્યું અને લોહી નીકળી આવ્યું પછી ઘા સારો થઈ ગયો અને જણાતુ નથી કે ઝખ્મ ક્યાં હતો તો એની કુર્બાની કરવું કેવું ?

**જવાબ** : વર્ણવેલ બકરાની કુર્બાની જાઈઝ છે જો કોઈ બીજુ મનાનું કારણ ન હોય, કે જ્યારે ઝખ્મ સારો થઈ ગયો અને અયબ ખત્મ થઈ ગયો તો એની કુર્બાની જાઈઝ છે. આ'લા હઝરત ફર્માવે છે : "ઝખ્મ રૂઝાઈ ગયો, અયબ જતો રહ્યો તો વાંધો નથી." *(ફતાવા રઝવિય્યહ, ૮/૪૬૯)*

એક આવા જ સવાલના જવાબમાં છે કે, ઝખ્મી થયેલ બકરાનો ઝખ્મ જો રૂઝાય ગયો હોય અને એના ઠેકાણે બીજા વાળ નીકળી આવ્યા હોય અને ઝખ્મ ગોટલીની જેમ ન થઈ ગયો હોય તો એવા બકરાની કુર્બાની કશીય કરાહત વિના જાઈઝ છે અને એનો ગોશ્ત ખાવામાં શરઅન કોઈ ખરાબી નથી. અને જો તે ઝખ્મ ગોટલીની જેમ થઈને રૂઝાય ગયો હોય અને ત્યાં બીજા વાળ પણ ન ઉગ્યા હોય તો એની કુર્બાની કરાહત સાથે જાઈઝ છે, કે અયબ તો છે પણ અયબે ફાહિશ (મોટો અયબ કે જે કુર્બાની ફાસિદ કરે તેવો) નથી. હઝરત સદરુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہ લખે છે : "કુર્બાનીનું જાનવર અયબથી ખાલી હોવું જોઈએ અને થોડી સરખી અયબ હોય તો કુર્બાની થઈ જશે, પણ મકરૂહ થશે." *(બહારે શરીઅત, ૧૫/૧૪૦, ફતાવા, આલમગીરી, ૫/૨૯૮)*

**સવાલ** : કુર્બાનીનું જાનવર કેવું હોવું જોઈએ ?

**જવાબ** : ઊંટ, ગાય, બકરી, ઘેટું વગેરે (નર–માદા) **ખસીવાળુ** કે **ખસી વગરનું** એ દરેકની કુર્બાની થઈ શકે છે. *(આલમગીરી)* જંગલી જાનવર જેવાં કે હરણ, રોઝ, બારાસિંગુ વગેરેની કુર્બાની થઈ શકે નહીં. *(આલમગીરી)* દુમ્બો એ ઘેટાની જાતમાં ગણી શકાશે. ઊંટ પાંચ સાલનું, ગાય ભેંસ બે વર્ષ, ઘેટું બકરી એક વર્ષનું અથવા તેથી વધુ ઉંમરના હોવાં જોઈએ. એના કરતાં ઓછી ઉંમરના જાનવરની કુર્બાની જાઈઝ થશે નહીં. હા, ઘેટા કે દુમ્બાનું છ માસનું બચ્ચુ એટલું મોટુ હોય કે દૂરથી જોતાં એક વર્ષના બચ્ચા જેવું લાગે તો તે છ માસના બચ્ચાની કુર્બાની જાઈઝ છે. *(દુર્રે મુખ્તાર)*

**સવાલ** : અગ્યાર મહિનાનો બકરો જે દેખાવમાં વરસભરનો જણાય છે, ખૂબ જ તાજો છે તેની કુર્બાની જાઈઝ છે કે નહીં ?

**જવાબ** : એવા બકરાની કુર્બાની જાઈઝ નથી.

★ *આ તે સમયની કંડિશન પ્રમાણે હુકમ છે, હાલની કંડિશનમાં અમુક શર્ત સાથે જીવન વીમો ઉતારવાની ઈજાઝત છે.–તંત્રી*

બકરાની કુર્બાનીના માટે જરૂરી છે કે એક વરસ કે એથી વધુ વયનો હોય. *(દુર્રે મુખ્તાર)*

**સવાલ** : એક બકરો કુર્બાનીની નિય્યતથી ખરીદયો, પછી તેને વેચીને બીજા બકરાની કુર્બાની કરી, તો એવા શખ્સના બારામાં શરીઅતનો શું હુકમ છે ?

**જવાબ** : જો માલિકે નિસાબ હતો તો એ જાનવર ખરીદવાથી એના પર (એની જ) કુર્બાની વાજિબ ન થઈ, બલ્કે શરીઅતની રૂએ તેના પર કોઈ એક જાનવરની કુર્બાની વાજિબ હતી, જેથી જ્યારે તેણે તેને વેચીને એના જેવા બીજા જાનવરની કુર્બાની કરી તો એની કુર્બાની થઈ ગઈ, અને વાજિબ તેના માથેથી ઉતરી ગયો.

એ જો તે શખ્સ માલિકે નિસાબ ન હતો તો તેના પર એ જ જાનવરની કુર્બાની કરવું વાજિબ હતું, એને વેચવું જાઈઝ ન હતું. જેમ કે બહારે શરીઅત, ભાગ–૧૫, પેજ–૧૦૮ પર છે કે ફકીરે (સાહિબે નિસાબ ન હતો તેણે) કુર્બાની માટે જાનવર ખરીદયું તો તેના પર એ જ જાનવરની કુર્બાની વાજિબ છે, અને જો ગની (માલાદારે)એ ખરીદયું તો એને ખરીદવાથી (એની જ) કુર્બાની એના પર વાજિબ થશે નહીં. (જેમ કે હિદાયહ્, ૪/૪૪૮ પર છે) જેથી આ સ્થિતિમાં ફકીર માટે જરૂરી છે કે જે જાનવરને વેચ્યું છે એની કિંમત પણ સદકો કરે. પરંતુ જો બીજો પ્રથમ બકરાથી ઓછી કિંમતનો રહ્યો હોય તો બાકીના રૂપિયાને સદકો કરે. *(ફતાવા રઝવિય્યહ્, ૬/૪૬૨)*

**સવાલ** : જે હાજી શરીઅતની રૂએ મુકીમ તથા સાહિબે નિસાબ હોય તેના પર ઈદે અદહાની કુર્બાની વાજિબ છે કે નહીં ?

**જવાબ** : ઈદે અદહાની કુર્બાની દરેક માલિકે નિસાબ પર વાજિબ છે. (ફતાવા આલમગીરી) અને આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે : "હવે (હાજી) કુર્બાનીમાં મશગૂલ થાય. આ તે કુર્બાની નથી જે ઈદમાં થાય છે કે એ તો મુસાફિર પર મુદ્લે નથી અને મુકીમ માલદાર પર વાજિબ છે ભલે હજ્જમાં હોય." *(ફતાવા રઝવિય્યહ્, ૪/૭૧૦)* સાબિત થયું કે **જે હાજી શરીઅતની રૂએ મુકીમ હોય તથા સાહિબે નિસાબ હોય તેના પર હજ્જની હાલતમાં પણ ઈદે અદહાની કુર્બાની વાજિબ છે.** *(ફતાવા ફકીહે મિલ્લત, ભાગ–૨, અઝ : મુફતી જલાલુદ્દીન અમજદી رحمۃ اللہ علیہ)*

## ★ કુર્બાની કોણે કોણે કરવી ?! ★

**મસ્અલો** : નિસાબનો માલિક હોવાનો મતલબ એ છે કે જેની પાસે એટલો માલ હોય કે તેનાથી સદકએ ફિત્ર વાજિબ થઈ જાય. એને બીજી રીતે સમજવામાં આવે તો તે એ છે જેની પાસે તેની જીવન જરૂરિયાત ઉપરાંત ૭॥ તોલા સોનું અથવા પ૨॥ તોલા ચાંદી બરાબરનો માલ હોય તે વ્યક્તિ માલિકે નિસાબ ગણાશે. *(દુર્રે મુખ્તાર, આલમગીરી વગેરે)*

હાલના દૌરમાં ૧ તોલા ચાંદીના રૂા. ૫૫૦/– લેખે ગણતાં જેની પાસે લગભગ રૂા. ૨૮, ૮૭૫/– જેટલી રકમ સૌ મિલાવીને થાય જેમ કે થોડુ સોનું, થોડી ચાંદી, થોડી રકમ મિલાવતાં. (૫૨.૫ તોલા ચાંદી જેટલું થઈ જાય) તો તેણે કુર્બાની કરવી પડશે. ૧૨મીના સૂર્યાસ્ત પહેલાં પણ એટલી રકમનો માલિક બને તો તેણે કુર્બાની કરવી પડશે.

## ★ કુર્બાનીનો સમય ★

ઝિલ હજ્જ મહિનાની ૧૦મી તારીખની સુબ્હ સાદિકથી લઈ ૧૨મી તારીખના સૂર્યાસ્ત સુધીના સમયમાં ગમે જ્યારે કુર્બાની આપી શકાશે. એટલે કે કુલ ત્રણ દિવસ અને બે રાત્રિ. તેમાં ખાસ કરીને ૧૦ મી તારીખે કુર્બાની કરવી અફઝલ ગણાશે, તે પછી ૧૧ મી તારીખે પછી ૧૨ મી તારીખે.

**મસ્અલો** : કુર્બાની કરાવનાર તમામ ભાગીદારોની નિય્યત ખાલી ગોશ્ત મેળવવાની નહીં પણ સવાબ મેળવવાની હોવી જોઈએ. જેને કારણે **અકીકો કરનાર અગર કુર્બાનીમાં સામેલ થવા ચાહે તો તે સામેલ થઈ શકે છે** કેમ કે તેની નિય્યત પણ સવાબ મેળવવાની હોય છે. બલ્કે અકીકો એ પણ સવાબ મેળવવાની એક સૂરત છે. *(રદ્દુલ મુહ્તાર) –બહારે શરીઅત*

# બરકાતે ખ્વાજાની ટપાલ...

કાર્યાલય

**ભરૂચ** : નાગોરીવાડ મસ્જિદ ખાતે તા. ૭–૯–૨૦૧૩ના રોજ "સુન્ની દા'વત ઈસ્લામી"ના વીકલી સુન્ની ઈજતેમામાં ઈશા બાદ "જશ્ને શોહદાએ ઓહદ" મનાવાયો જેમાં ખતીબે બેમિષાલ આલે રસૂલ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ શાનદાર ઈમાન અફરોઝ બયાન ફર્માવી હાજરજનોને ફયૂઝયાબ કર્યા હતા. શહેર તેમજ વિવિધ ગામોએથી બહોળી સંખ્યામાં શમ્એ રિસાલતના પરવાનાઓએ હાજરી આપી હતી. તા. ૧૧–૯–૨૦૧૩ બુધવારે **કોસંબા** મુક઼ામે પણ સુન્ની ઈજતેમામાં આપ હઝરતે ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

## ★ તશરીફે જહાં ★

**ભરૂચ** : ડુંગરી ખાતે **જનાબ ઝહીરભાઈ ઓમીન**ને ત્યાં પુત્રનો જન્મ થયો જેનું નામ "અહમદ રઝા" રાખવામાં આવ્યું છે. તેની ખુશીમાં ઝહીરભાઈ થકી રૂા. ૨૫૦/– "ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા'ને મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ અહમદ રઝાને ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના ફયઝથી બંને જહાનમાં માલામાલ કરે, માબાપની આંખોની ઠંડક બનાવે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ભરૂચ** : (ડુંગરી)થી દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચના નાઝિમે આ'લા **જનાબ હાફેઝ મુહમ્મદ હનીફ**ને ત્યાં નવાસા "મુહમ્મદ મુહાફિઝ"નો જન્મ થતાં તેની ખુશીમાં રૂા. ૨૫૦/– "અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા"ને મળ્યા છે. જઝાકલ્લાહ ! નવાંગતુક તથા સગાંઓને રબ તઆલા બંને જહાનમાં ખુશીઓથી નવાઝે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**દયાદરા** : "દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા" (તા. જિ. ભરૂચ)ના નાઝિમે આ'લા જનાબ હાજી અલી મુહમ્મદ ઘંટીવાલાના વાલિદા મોહતરમા હજીયાણી આમેનાબીબી હાજી મુહમ્મદ ઘંટીવાલા ૨૫ શવ્વાલ હિ.સ. ૧૪૩૪ના પીરના રોજ અંગ્રેજી તારીખ ૨–૯–૨૦૧૩ના સોમવારના રોજ ૮૯ વર્ષની ઉમરે અલ્લાહની રહમતે પહોંચી ગયાં છે. મર્હૂમાના ઈન્તેકાલના સમાચાર સાંભળી દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા તથા ગામ અને સગા સંબંધીઓમાં ગમગીનીનું વાતાવરણ છવાઈ ગયું હતું. મર્હૂમાની દફનવિધિ અસરની નમાઝ બાદ દયાદરા મુક઼ામે થયેલ હતી. મર્હૂમાની નમાઝે જનાઝા હઝરત સૈયદ નૂરાનીમિયાં બડાસાહબ (દયાદરા)એ પઢાવી હતી. મર્હૂમાની નમાઝે જનાઝાની તથા દફનવિધિમાં આલે રસૂલ, ઉલમાએ કિરામ, દારુલ ઉલૂમના તલબા, ગ્રામ્યજનો, સગા સંબંધીઓ..... વગેરેએ ઘણી જ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. મર્હૂમા ઘણા જ નેક દિલ, નમાઝ, રોઝાના પાબંદ હતાં. સખી દિલ માયાળુ હતાં. તેમણે પોતાના ઘરનો પૂરો સરસામાન પોતાની હયાતીમાં જ દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદીમાં આપી દીધો હતો. મર્હૂમાએ પોતાની હયાતીમાં કરેલ તમામ નેકીઓને અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ક઼બૂલ કરે અને તેઓની મગફિરત ફર્માવે. મર્હૂમાની ક઼બ્રમાં જન્નતી બિછૌના, જન્નતી લિબાસ અતા કરે. તેઓને જન્નતુલ ફિરદૌસમાં આ'લા મક઼ામ અતા ફર્માવે. (આમીન)

*–ગુલામ મોહયુદ્દીન ઈસ્માઈલ 'હાફિઝ' નબીપુરી*

**દયાદરા** : મુંબઈ ખાતે મુહમ્મદ ઉમરજી યાકૂબ ઘંટીવાલા (દયાદરાવાળા)નો તા. ૧૨–૯–૨૦૧૩ના રોજ ઈન્તેકાલ થતાં તેમને દયાદરા ખાતે દફનવિધિ માટે લાવવામાં આવ્યા હતા. ઈશાની નમાઝ બાદ મર્હૂમની દફનવિધિ થઈ હતી. રબ તઆલા તેના હબીબ ﷺના સદક઼ામાં મગફેરત ફર્માવે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**વોરાસમની** : મુખ્લિસ આલિમે દીન, ખાદિમે સુન્નિયત હઝરત મૌલાના મુહમ્મદ ઈકબાલ મિસ્બાહી (હાલ : બોલ્ટન, યુ.કે.)ના વાલિદ સાહબ હાજી ઈબ્રાહીમ હાજી વલી મોદન તા ૨–૯–૨૦૧૩ બરોઝ

પીર ઈન્તેકાલ કરી ગયા જેમની દફનવિધિ ઝહોરબાદ ત્રણ વાગ્યે રાખવામાં આવી હતી. હુફ્ફાઝ, ઉલમા તથા સુન્ની અવામે મોટી સંખ્યામાં દફનવિધિમાં હાજરી આપી હતી. જનાબ હાફિઝ આદમ કંબોલીવાળા (લેસ્ટર, યુ.કે.)એ નમાઝે જનાઝા પઢાવી હતી. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમની કરવટ કરવટ મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે તેમજ મૌલાના ઈકબાલ સાહબ તથા કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**મુંબઈ** : ખાતે મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)નાં સાસુમા તા ૨–૯–૨૦૧૩ બરોઝ પીરના અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે તથા સગાંઓને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

રબ્બે કરીમ ઉપર દર્શાવેલ સર્વ મર્હૂમોની મગફેરત ફર્માવે, તેમના સર્વ નાના મોટા ગુનાહોને માફ ફર્માવે, કબ્ર, હશ્ર, જહન્નમના અઝાબથી બચાવે અને જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમો માટે **"દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ"** ખાતે કુર્આન ખ્વાની સાથે દુઆ ગુજારવામાં આવી હતી. *–તંત્રી :*

## ★ પોસ્ટકાર્ડ લખી કે SMS કરીને મંગાવો ★

કિતાબ : **સ્ત્રીની ઈજ્જતનો જામિન : ઈસ્લામી પર્દો** (પેજીસ : ૪૪)

સંપાદક : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** (ખલીફા તાજુશ્શરીઅહ્, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)

પ્રકાશક : **અંજુમને રઝાએ મુસ્તફા**, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧,

મુસલમાનો ! પર્દા બાબતે ગંભીર બનો ! **તમે કેવા મુસલમાન છો કે તમને ઈસ્લામ પર ચાલવું પસંદ નથી ?! તો પછી કઈ ખ્વાબની જન્નતમાં રાચો છો ?!** આ કિતાબ વાંચો અને બહેનોને વંચાવો અને પર્દો કરાવો તેમાં જ બંને જહાન્ની ભલાઈ છે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## જન્નતમાં ઘર બનાવો !

**માલેગાંવ** : (મહારાષ્ટ્ર) ખાતે અલ્હમ્દુલિલ્લાહ ! "સુન્નિયતની તબ્લીગ"નું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે. તેહરીકના મર્કઝ "મસ્જિદે યા રસૂલલ્લાહ" (ﷺ) જેના બાંધકામની અતિશય જરૂરત હોવાથી કામ શરૂ કરી આપેલ છે. એક કરોડ જેટલો ખર્ચ થવા સંભવ છે. સ્થાનિક આબાદી ગરીબ હોઈ સખીદાતાઓને અપીલ છે કે શક્ય તેટલી વધુ સહાય કરીને જન્નતમાં તમારું ઘર બનાવો. મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે આ સવાબે જારીઆના કામમાં દિલ ખોલીને સાથ આપો એવી નમ્ર અપીલ છે. સહાય મોકલવા સંપર્ક કરો :– મોબાઈલ : ૦૯૪૨૭૪ ૬૪૪૧૧, ૦૯૪૨૬૮૪૦૨૭૭ (ભરૂચ) તથા જમીલભાઈ ૦૯૩૭૧૮૦૮૦૭૦ (માલેગાંવ)

## મસ્જિદમાં સહાય કરી જન્નતમાં મહેલ બનાવો

**બોડેલી** : (જિ. વડોદરા) અલીપુરા એસ. ટી. ડેપો પાછળ મસ્જિદે અહમદીનું કામકાજ પૈસાના અભાવે બંધ પડયું છે. હાલ બે માળ સુધીનો સ્લેબ થઈ ચૂક્યો છે અને ફિનિસિંગનું કામકાજ બાકી છે. બાજુમાં દેવબંદીઓનું મોટુ મર્કઝ આવેલુ છે સુન્નીઓના ઈમામની રક્ષા કાજે જરૂરથી સહાય કરી જન્નતમાં મહેલ બનાવો.

**સંપર્ક કરો :–** ★ સૈયદ મોહસિન અલી હરવાંટવાલે (મો. 9374495962) ★ ખત્રી અખ્તરહુસૈન મિસ્ત્રી (મો. 9925326981) ★ ખત્રી મુહમ્મદ વડદલાવાળા (મો. 9879941077) ★ ખત્રી મુહમ્મદભાઈ ભાયલીવાળા (મો. 9428692760)

## "ડંકાની ચોટ પર હક્ક઼ બાબતનું એલાન"

**"બરકાતે ખ્વાજા"** (માસિક) મઝહબી મુખપત્ર છેલ્લા ૧૦ ઉપરાંત વર્ષોથી સુન્નિયતની દીનો મઝહબની પ્રિન્ટ મિડીયા દ્વારા જબરદસ્ત ખિદમત અંજામ આપી રહ્યું છે. મુસ્લિમ સમાજમાં સારા ભલા વિવિધ સામાજિક પ્રસંગો ઉપર તથા વિવિધ ધાર્મિક પ્રસંગો ઉપર શાદી ગમી, ઉર્સ, વિવિધ તહેવારો મુહર્રમમાં તા'ઝિયાદારી... વગેરે પ્રસંગો ઉપર શરીઅત વિરુદ્ધનાં કાર્યો થઈ રહ્યાં છે અને તેમાં ફુઝૂલખર્ચાઓ થઈ રહ્યા છે તે બાબતો ઉપર તેમજ વર્તમાન સમયમાં ઉપસ્થિત થતા વિવિધ મસ્અલાઓ અને પ્રશ્નોના "બરકાતે ખ્વાજા" (માસિક)માં આપની કોલમ "ગલત ફહમીઓ અને તેનો ઈલાજ" કોલમ તેમજ અન્ય લેખોમાં ઉપરોક્ત બાબતોએ ડંકાની ચોટ પર કોઈની પણ શેહશરમ રાખ્યા વિના નીડરતાથી લખવામાં આવેલ છે, જે વાંચી વાંચકો અવામને સાચી, સહી શરીઅત મુજબની જાણકારી મળે છે. ટૂંકા ગાળામાં આ મુખપત્રએ અવામમાં વાંચકોમાં તથા સારી એવી લોકચાહના, લોકપ્રિયતા મેળવેલ છે, જેનો સઘળો યશ તેના તંત્રી સાહબના ફાળે જાય છે. તંત્રી સાહબ દ્વારા જે સુંદર, સરસ, સરાહનીય, પ્રશંસનીય, અનુકરણીય, અભિનંદનીય મઝહબી કામગીરી છે, જેની નોંધ બુદ્ધિજીવી વર્ગે લીધેલ જ છે. અંતમાં દુઆ છે કે આ સંસ્થા તથા તેનું મુખપત્ર ઔર વધુ તરક્કી કરે તેવી શુભેચ્છાઓ સાથે વીરમું છું. (આભાર) *–હબીબભાઈ એ. તરકવાડીયા (જસદણ)*

### ★ બરકાતે ખ્વાજા ગમ્યું ! ★

✪ સલામ બાદ લિખને કા કિ જુલાઈ ઔર ઓગષ્ટ–૨૦૧૩ મહિને કા અંક બહુત હી પસંદ આયા જિસ્મે તંત્રી લેખ, "ન્યાઝ ફાતિહા" કા લેખ, "હઝરત રાબિયા બસરીય્યા" કા લેખ બહુત હી દિલ કો છુ લેનેવાલા લેખ હૈ. ઔર વહાબી દેવબંદી કી રદમેં લેખ જો પઢકર બહુત જાનકારી માલૂમ હૂઈ. દેવબંદી વહાબી કા ડબલ રોલ જાનકર હૈરત હૂઈ ! અલ્લાહ ﷻસે દુઆ હૈ કિ અલ્લાહ પાક ઈસી તરહ આપ કો તરક્કી દે ઔર ઈલ્મે દીન ફેલાને કી સઆદત સે માલામાલ રખે ઔર આપકી હર નેક તમન્ના પૂરી કરે. હર લેખ હિંદી લિપિમેં હોતા તો બહુત આસાન હોતા સમઝનેમેં, મગર ખૈર, અલ્લાહ આપ કો જઝાએ ખૈર અતા કરે. (આમીન ષુમ્મ આમીન)

*–અશ્ફાક ઉમર સૂર્યા (ધોરાજી)*

✪ અસ્સલામુ અલૈકુમ ! પટેલ શબ્બીરભાઈ રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક), ઓગસ્ટનું "બરકાતે ખ્વાજા" (માસિક) ખૂબ જ સરસ છે. મવ. ઈસ્માઈલ મનુબરી દેવબંદીની પોલો ખોલીને જે સુન્નીઓના ઈમાનની રક્ષા કરી છે, ખરેખર ! ક઼ાબિલે તારીફ છે. અલ્લાહ તબારક વ તઆલા બંને જહાનમાં બેહતર બદલો આપે. બાદમાં દરેક સુન્નીઓને નમ્ર અપીલ છે કે "બરકાતે ખ્વાજા" (માસિક)ના ગ્રાહકો વધારી આપે જેથી લોકો ગુમરાહીથી બચી શકે. *–મુહમ્મદ અલી આઈ. ખત્રી (વડદલાવાળા) બોડેલી*

✪ અસ્સલામુ અલૈકુમ, તંત્રી સાહબ, રમઝાન અંકમાં આપે ચીન વિશે સમાચાર આપેલ વાંચી ઘણો જ અફસોસ થયેલ. ત્યાંના મુસલમાનોની તકલીફ મઝહબ પાળવા બાબતે જાણી દુ:ખ થયેલ. આપણે ત્યાં કોઈ તકલીફ ન હોવા છતાં ઘણા મુસલમાનો રોઝા રાખતા નથી તેમજ જાહેરમાં ખાઈ પીને રમઝાનની હુર્મત બરબાદ કરે છે. અલ્લાહ તઆલા બંદાઓને નેક તૌફીક઼ આપે. (આમીન) *–મુહમ્મદ અલ્તાફ સૂર્યા (ઉધના, સુરત)*


**સુન્ની મુસ્લિમ ઓન લાઈન મેરેજ બ્યુરો**

**શું આપ લગ્ન અંગે વિચારી રહ્યા છો ?**

રજીસ્ટ્રેશન ફ્રી !

તો સરળ અને બહોળી પસંદગી ફક્ત આંગળીની ક્લીક ઉપર તો લોગ ઈન કરો :–

**www.sunnimuslimshaadi.com**

***ચેતવણી** : મેરેજ બ્યૂરોની જાહેરાતોમાં સામાપક્ષે સુન્ની હોવાની ખાત્રી તાકીદે જાતે કરી લેવી. –તંત્રી*

## દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે સહાય કરનારા સખી દાતાઓની યાદી

**:: ન્યાઝ ::**

| | |
|---|---|
| મક્બુલ હાજી દુનિયા–યુ.કે. | ૧ ટાઈમ ન્યાઝ |
| હાફેઝ ઐયૂબસાહબ મોટલી–દયાદરા | ૧ ટાઈમ ન્યાઝ |
| મુહમ્મદભાઈ શેલાર–વલણ | તૌશએ ગૌષિયહ્ |
| હાફેઝ ઝુબૈર અહમદ સફરી–કુરચણ | ૧૧૨ રૂા. ન્યાઝ |
| સિરાજ ઈબ્રાહીમ અલ્લી–આમોદ | તૌશએ ગૌષિયહ્ |
| મુહમ્મદભાઈ શેલાર–વલણ | તૌશએ ગૌષિયહ્ |
| કાઝી ઉષ્માન ગની–કુરચણ | તૌશએ ગૌષિયહ્ |
| મુહમ્મદ સુહૈબ હક્ક એકેડમી મુબારકપુર | રૂા. ૧૦૦૦ નિયાઝ પેટે |
| એક મુસ્લિમભાઈ–જંબુસર | રૂા. ૫૦૦ નિયાઝ પેટે |
| સૈયદ સફીયુલ્લાહબાવા–બીરપુર શરીફ | ૧ ટાઈમ ન્યાઝ |

**બકરા + મટન**

| | |
|---|---|
| હાજી ઈસ્માઈલ / હાજી ઈબ્રાહીમ તલાટી–વાગરા | ૨૦.૫૦૦ કિલો બકરાનું મટન |
| નૂરાનીમિયાં તાલુકદાર–ભરૂચ | ૧–બકરો |
| મુહમ્મદ હસન તાલુકદાર–ભરૂચ | ૧–બકરો |
| મુહમ્મદભાઈ પાનવાળા–આમોદ | ૫૦ કિલો મટન |
| હાજી ઈલ્યાસભાઈ વોરાસમનીવાળા–ભરૂચ | ૧–બકરો |
| મૂસા હસન જમ્સા–વાગરા | ૧–બકરો |
| હાજી હસન હાજી ઈબ્રાહીમ–આમોદ | ૮–કિલો મટન |
| અબ્દુલભાઈ હાજી ઘંટીવાલા–કોલવણા | ૨૦ કિલો મટન |
| સઈદ કુરૈશી–આમોદ | ૨૧ કિલો મટન |
| એક મુસ્લિમભાઈ–ભરૂચ | ૧–બકરો |
| સિરાજ વલી પટેલ–અમદાવાદ | ૧–બકરો |
| ફારૂક ભાણા–દયાદરા | ૪૨ કિલો મટન |
| યાકૂબ મુહમ્મદ સુલેમાન–મછાસરા | ૧–બકરો |
| બાબુ શેઠ વલી મુહમ્મદ શેઠ–મછાસરા | ૧૫ કિલો મટન |
| ગુલામભાઈ કર્લાક–આમોદ | ૧–બકરો |
| ફઝલભાઈ–મેંગલોરવાળા *(હસ્તે રઈસભાઈ)* | ૧–મોટુ જાનવર |
| અબ્દુલ્લાહ શેરપુરવાળા–દયાદરા | ૧–બકરો |
| મુનીરા બહેન *(હસ્તે હાજી યાકૂબ હવેલવાલા)* | ૧–બકરો |
| અલી મૂસાભાઈ–કુરચણ | ૧૦ કિલો મટન |
| નાઝેરાબેન હસ્તે મૌ. અલ્તાફ–ભરૂચ | ૧–બકરો |

**:: અન્ય વસ્તુઓ ::**

| | |
|---|---|
| મુન્નાભાઈ ફ્રુટવાળા–આમોદ | ૨૦ કિલો કેળાં |
| ઈસ્માઈલ સુબા–આમોદ | તફસીરે અશરફી ૧ સેટ |
| સઈદભાઈ–જંબુસર | ૩૫ કિલો કેરી |
| ઐયૂબ અહમદ પટેલ–સારણ | રૂા. ૧૫૦૦ રોઝાનો કફ્ફારો |
| આરીફ એ. પટેલ–દયાદરા | કોર્ડલેસ ફોન |

**:: અનાજ ::**

| | |
|---|---|
| હાજી હમીદ બગદાદી–આમોદ | ૩૦ કિલો ઘંઉં લોટ |
| નેશનલ ટ્રેડર્સ–આમોદ | ૨૦૦ કિલો ઘંઉ, ૧૫૦ કિલો ચોખ, ૫૦ કિલો તુવેળ દાળ, ૨ ડબ્બા તેલ |
| ઈબ્રાહીમ અલ્લાહ રખા ખલીફા–આમોદ | ૨૦ કિલો ઘંઉ |
| ઈબ્રાહીમભાઈ–રનાડા | ૨૦ કિલો ઘંઉ |
| એક મુસ્લિમભાઈ–હલદરવા | ૫ કિન્વટલ ઘંઉ, ૧ ડબ્બો તેલ |
| આદમ મુહમ્મદ શેલાર–વલણ | ૭૪ કિલો ચોખા |
| મુશ્તાક તાંદલજાવાળા–દયાદરા | ૨૦૦ કિલો ઘંઉ |
| બેલીમ મુહમ્મદ સુલેમાન–વડોદરા | ૧૧ કિલો ઘંઉ |
| હાજી યાકૂબભાઈ સુલ્તાનભાઈ–વડોદરા | ૨૫ કિલો ઘંઉ |
| અકબરભાઈ સુલ્તાનભાઈ–વડોદરા | ૨૫ કિલો ઘંઉ |
| ભદારીગામના મુસ્લિમભાઈઓ–ભદારી | ૫૦ કિલો ઘંઉ |
| એક મુસ્લિમભાઈ–આમોદ | ૧૮૦ કિલો ઘંઉ |
| ઝુલ્ફિકાર ઈસ્માઈલ પટેલ–પીપલીયા | ૭૦૦ કિલો ઘંઉ |

**રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં ગૌષ પાક رضی اللہ عنہના વસીલાથી સૌની નેકીઓ કૂબૂલ કરે અને તેમને તેમની ઔલાદને બંને જહાનમાં આબાદ રાખે, તેમનાં મર્હૂમોની મગફેરત ફર્માવે. (આમીન)**

*–(પ્રમુખ) : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** તથા (નાઝિમે આ'લા) : **હાફેઝ અબ્દુર્રહીમ ભોલાવવાલા***

## હિસ્સાવાળી કુર્બાનીમાં ભાગ લેશો !

**એક હિસ્સાના**

**રૂા. ૧૮૦૦ અથવા રૂા. ૨૦૦૦**

**:: સંપર્ક કરો ::**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન દયાદરા**

મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧,
૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**:: વાંકાનેર ખાતે સંપર્ક કરશો ::**

**ક઼ારી શાહિદ રઝા અકબરી કોઠીવાળા**

**મો. ૯૯૨૫૬ ૫૫૨૬૬**

**:: ભરૂચ ખાતે સંપર્ક કરશો ::**

| | |
|---|---|
| **તારીક઼ભાઈ શેખ–ભરૂચ** | **મો. ૯૪૦૮૭૩૬૯૬૫** |
| **મુઈનભાઈ શેખ–ભરૂચ** | **મો. ૯૮૭૯૭૫૩૨૧૬** |
| **હાફેઝ અબ્દુર્રહીમ સાહબ** | **મો. ૯૪૨૬૮૪૦૨૭૭** |
| **યૂસુફભાઈ શેઠ–દયાદરા** | **મો. ૯૪૨૭૪૩૭૫૯૦** |
| **શફીભાઈ ખંભાતવાલા** | **મો. ૯૯૦૪૫૯૬૬૮૨** |

**આ સંમતિ સાથે નામ નોંધાવશો :** ''મેં મારા કુર્બાનીના જાનવરની ખરીદીથી લઈને ઝબહ સુધી તથા પછીના ખર્ચાઓ જેવા કે ભાડુ, ઘાસચારો, કસાઈની મજૂરી વગેરે તથા તેનો ગોશ્ત, ચામડુ વગેરે જેને ચાહે આપવાનો તથા જો રકમ બચી જાય તો તેને કોઈ પણ જાઈઝ કામમાં ખર્ચ કરવાનો દરેક પ્રકારનો અધિકાર સંચાલકોને આપ્યો.'' *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક) દયાદરા*

**જશ્ને ઈફ્તેતાહ**

**નંદુરબાર** : (મહારાષ્ટ્ર) ખાતે ''દારુલ ઉલૂમ ખદીજતુલ કુબરા''નો જશ્ને ઈફ્તેતાહ તા. ૨૬–૮–૨૦૧૩ સોમવારના રોજ યોજાયો જેમાં આલે રસૂલ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ પોતાના અનોખા અંદાઝમાં વલવલાઅંગેઝ બેહતરીન બયાન કર્યું હતું. *(રજૂકર્તા : હાફિઝ અબ્દુર્રહીમ–ભોલાવ)*

## કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**આયોજિત જમવા રહેવા સાથે**

**૩ × ૨ લકઝરી બસ દ્વારા**

**બસ ઉપડવાની તારીખ : ૨૭/૧૦/૨૦૧૩, રાત્રે : ૧૦.૦૦ વાગ્યે.**

**સ્પે. શિમલા કુલુ–મનાલી પ્રવાસ**

**પ્રવાસના સ્થળો : ઉદેપૂર (મસ્તાનબાવા), કપાસણ, ફતેપુર–સીક્રી, આગ્રા, સીમલા, કુલ્લુ, મનાલી, કલીયર શરીફ, હરિદ્વાર, મસૂરી, દિલ્હી, અજમેર, મીરાદાતર અને પરત ધોળકા**

**આખી ટીકીટ** રૂા. ૮,૦૦૧/–

**અડધી ટીકીટ** રૂા. ૪,૭૦૧/–

**પ્રવાસ દિવસ** ૧૫

**બસ ઉપડવાનું સ્થળ** : તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, બેગા ટેકરી, **ધોળકા**

**આયોજક : શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૪૬૫૯૮૫૩, ૯૮૯૮૭૯૮૮૬૨**

**નોંધ :** **૧.** રૂા. ૧૫૦/– ગાઈડખર્ચ તથા યાત્રીવેરો વગેરે યાત્રીકોએ અલગથી આપવાનો રહેશે. **૨.** હરિદ્વારથી મસૂરી સ્વખર્ચે જવાનું રહેશે. **૩.** મસુરી પ્રવાસ દરમ્યાન એક ટાઈમ સ્વખર્ચે જમવાનું રહેશે. **૪.** તા. ૧૧/૧૧/૨૦૧૩ના રોજ સવારની ચા તેમજ જમવાનું સ્વખર્ચે રહેશે. **૫.** રૂા. ૨,૫૦૧ ડિપોઝીટ ભરી આપની મનપસંદ શિટ બુક કરાવો. **૬.** મનાલીથી રોહતાંગ સ્વખર્ચે જવાનું રહેશે. રોહતાંગ પ્રવાસ દરમ્યાન એક ટાઈમ સ્વખર્ચે જમવાનું રહેશે. **૭.** બેંક, એલ. આઈ.સી. અને જી.આઈ.સી. ના કર્મચારીશ્રીઓને એલ.ટી.સી. મળશે. **૮.** એલ.ટી. સી. મે વનારે એક આખી ટીકીટે રૂા. ૭૫૦/– વધુ ચૂકવવાના રહેશે.

## અલ્લાહ જઝાએ ખૈર આપે !

✪ **ઉસ્તાઝુલ હુફ્ફાઝ જનાબ હાફિઝ આદમ કંબોલવી સાહબ (લેસ્ટર, યુ.કે.) ''દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ''**ને પ્રારંભથી જ સહકાર કરતા રહ્યા છે તથા સુન્નિયતના કામે અમને પ્રોત્સાહિત કરતા રહ્યા છે. આપના તરફથી ચાલુ સાલે એક મુદર્રિસનો ૧૨ માસનો પગાર તેમજ અનાજ, તેલ... વગેરેની સહાય કરવામાં આવી છે. તેમજ **''હેરા ઇંગ્લિશ સ્કૂલ''** જેમાં દીની દુનિયવી તા'લીમ આવતા વરસથી શરૂ થશે, ઈન્શાઅલ્લાહ ! જેનું બાંધકામ ચાલુ હોઈ તેમાં પણ ભરપુર સહકારનો આપ હઝરતે વાયદો કર્યો છે. રબ્બે કરીમ હાફિઝ સાહબ તથા તેમના ભાઈઓની નેકીઓને ક઼બૂલ ફર્માવે, તેમનાં મર્હૂમોની મગફેરત ફર્માવે, તેમની ઔલાદને દીનદાર બનાવે, અને બંને જહાનની નેઅમતોથી સૌને માલામાલ ફર્માવે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

✪ **અમારા મુહિબ્બે ગિરામી જનાબ ઝાકિરભાઈ ડભાડ–ચીખલીવાળા સાહબ (હાલ : લેસ્ટર)** ''બરકાતે ખ્વાજા (મંથલી) તથા ''અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા'' તથા ''ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા'' તેમજ ''દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ''ના ચાહક તથા સહાયક રહ્યા છે. વર્ષોથી ''બરકાતે ખ્વાજા'' (માસિક)નું લેસ્ટરમાં જાતે ડોર ટુ ડોર વિતરણ કરી રહ્યા છે તેમજ મઝકૂર સર્વ સંસ્થાઓને સહાય કરતા રહ્યા છે. રબ્બે કરીમ તેમની આ નેકીઓને ક઼બૂલ ફર્માવે અને બંને જહાનની નેઅમતોથી તેમને તથા તેમની ઔલાદને, કુટુંબીજનોને નવાઝે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


✪ **મોહતરમ જનાબ હાફેઝ રોશન દયાદરાવાળા (બોલ્ટન, યુ.કે.)**ના પણ અમો ખૂબ જ આભારી છીએ કે ''દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ'' તથા ''ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા''ને આપનો ભરપુર સહકાર રહ્યો છે. રબ તઆલા તેમને બંને જહાનની નેઅમતોથી નવાઝે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## આલે રસૂલની તંદુરસ્તી માટે દુઆની અપીલ

આલે રસૂલ ઔલાદે દરિયાઈ દુલ્હા પીર હઝરત સૈયદ સફીયુલ્લાહબાવા બીરપુરી સાહબ (સજ્જાદાનશીન દરગાહ દરિયાઈ દુલ્હા–બીરપુર શરીફ)ને અચાનક લકવાનો હુમ્લો થતાં આપની તબીઅત લથડી હતી. તાત્કાલિક સારવાર મળી જતાં અલ્હમ્દુ લિલ્લાહ તબીયતમાં સુધાર આવી ગયો હતો. હઝરતની ઝર્રાનવાઝી કે તેમણે મુઝ હકીરને પોતે ફોન કરીને આ સમાચાર આપ્યા હતા. દુઆ કરશો કે રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં હઝરતને નેક તંદુરસ્તી અતા કરે અને બીમારીને સદંતર દૂર ફર્માવે જેથી સુન્નિયતની આપ ભરપુર ખિદમત તાદેર કરતા રહે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**જૂનાગઢ** : ખાનક઼ાહે રઝવિય્યહ્ નૂરિય્યહ્ તરફથી તા. ૧–૯–૨૦૧૩, રવિવારે સૌરાષ્ટ્રના મશ્હૂર બુઝુર્ગ અમીરે અહલે સુન્નત ખલીફએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા પીર નૂર મુહમ્મદ બાપુ મારફાની સાહબ رحمة الله عليهના ૧૫મા વાર્ષિક ઉર્સ શરીફના શાનદાર આયોજનમાં મગરિબની નમાઝ બાદ મસ્જિદે રઝાથી એક શાનદાર જુલૂસ શેહઝાદએ હુઝૂર અમીરે અહલે સુન્નત પીરે તરીક઼ત હઝરત મૌલાના ગુલઝાર અહમદ સાહબ નૂરી તથા અન્ય ઉલમાએ કિરામ અને સાદાતે કિરામની રહબરીમાં નીકળી હઝરત પીર સાહબના આસ્તાના ઉપર સંદલ શરીફ તથા ચાદરપોશી, શજરા શરીફ, સલાતો સલામ બાદ હઝરત ગુલઝાર બાપુ નૂરીએ દુઆ કરી હતી. રાત્રે ઈશાની નમાઝ બાદ મસ્જિદે રઝામાં શાનદાર તકરીરનું આયોજન કરવામાં આવેલ જેમાં હઝરત મૌલાના મુફતી હસીબુર્રહમાન સાહબ તથા શૈખુલ હદીષ હઝરત મૌલાના કારી અકબરઅલી સાહબ મિસ્બાહી, હઝરત મૌલાના મુફતી મુનવ્વર રઝા સાહબ–ધોરાજી વગેરે આલિમોએ તથા મુફતી મોહસિન રઝા (ધ્રોલ)એ હુઝૂર પીર સાહબની ઈલ્મી શખ્સિયત તથા આપનાં કારનામાઓ ઉપર શાનદાર તક઼રીર ફર્માવી હતી.



# હજ્જમાં શરૂથી અંત સુધીનાં કામો

★ કાર્યાલય ★

**૧**

**એહરામ** : પોતાના દેશના એરપોર્ટથી જ એહરામ બાંધી લેવો જોઈએ. વગર સીવેલી બે ચાદર (રા–રા મિટરની) એક લૂંગી તરીકે બીજી મોઢા માથા સિવાય ઓઢવાની. સ્ત્રીઓ માટે તેમનાં સાદાં કપડાં જ એહરામ ગણાશે પણ મોઢાને કપડુ સ્પર્શે એ રીતે મોઢું ન ઢાંકવું. પગમાં દરેકે સ્લીપર પહેરવા જેથી હાડકી ખુલ્લી દેખાય, વાળ, નખ, મેલ તથા જૂ દૂર ન કરવી, સંભોગ ન કરવો, ન ખૂશ્બુ લગાડવી, ગાળ ગલોચ, ઝઘડો ન કરવો. લુંગીને ગાંઠ કે દોરી ન બાંધવી. બેલ્ટ બાંધી શકાય. જિદ્દાથી મક્કા પહોંચી પ્રથમ ઉમરો કરી લો.

**૨**

**૮ મી ઝીલ હજ્જ : હજ્જ શરૂ** : સવારમાં ગુસ્લ કરી એહરામ બાંધી હરમ શરીફમાં જઈ બે રકાત નફ્લ પઢી નિયત કરવી. પછી તલબિયા (ત્રણવાર પઢી દુઆ કરવી). તવાફે ઝિયારત વખતે સઈ ન કરવી પડે માટે ચાહો તો નફ્લ તવાફ સાથે સઈ કરી લો જેથી હજ્જ પછી ફક્ત તવાફે ઝિયારત જ બાકી રહેશે. હવે મિના જવા નીકળો. ત્યાં ઝહોરથી બીજા દિવસની ફજર સુધી નમાઝો પઢવી.

**૩**

**૯ મી ઝીલ હજ્જ : બીજો દિવસ** : હવે અરફાત જવા નીકળો. મસ્જિદે નમરહમાં પઢો તો ઝોહર તથા અસ્ર એક સાથે પઢવી. નહીં તો અલગ પઢનારે કે તંબુમાં અલગ જમાઅતો કરનારે ઝોહર તથા અસ્ર દરેકના સમયે જ અલગ અલગ પઢવી. મગરિબના સમયે મગરિબની નમાઝ પઢયા વિના મુઝદલ્ફા જવા રવાના થવું. ઈશાના સમયે ત્યાં મગરિબ તથા ઈશા બંને નમાઝો સાથે પઢી લેવી. શૈતાનને મારવા ૭૦–૭૫ કાંકરીઓ ત્યાંથી વીણી લેવી.

**૪**

**૧૦ મી ઝીલ હજ્જ : ત્રીજો દિવસ** : મુઝદલ્ફાથી ફજર પઢી મિના જવા રવાના થવું. ઝવાલથી પહેલાં મોટા શૈતાનને સાત કંકારીઓ મારવી, પછી કુર્બાની કરી માથુ મુંડાવવું પછી મક્કા જઈ તવાફે ઝિયારત કરી મિના પાછા ફરવું. રાત મિનામાં રોકાવું.

**૫**

**૧૧ મી ઝીલ હજ્જ : ચોથો દિવસ** : મિનામાં રમી કરવી ઝવાલથી મગરિબ સુધી (કમજોરો, ઔરતો, બીમારો, મગરિબ બાદ પણ મારી શકશે) ત્રણેય શૈતાનને, પ્રથમ નાના ને પછી વચલાને પછી મોટા શૈતાનને ૭–૭ કાંકરીઓ મારવી. પ્રથમ બેને માર્યા બાદ દુઆ કરવી છેલ્લાને માર્યા બાદ દુઆ કર્યા વિના ચાલતા રહેવું. રાત્રે મિનામાં રોકાવું.

**૬**

**૧૨ મી ઝીલ હજ્જ : પાંચમો દિવસ** : ઝવાલથી મગરિબ સુધીમાં ૧૧ મી જેમ રમી કરો. અગર કુર્બાની કે તવાફે ઝિયારત બાકી હોય તો આજે કરી લો. અસર મિનામાં પઢી મગરિબ પહેલાં મક્કા ચાલ્યા જાવ. નહીં તો ૧૩ મી એ પણ કાંકરી મારવી વાજિબ થશે.

**ચેતવણી** : વહાબી પાછળ દુનિયાના કોઈ ખૂણામાં નમાઝ થતી નથી ભલે ને હરમમાં હોય ! તો તમારી નમાઝો તેમની પાછળ પઢીને બર્બાદ ન કરશો. તેઓ મહાન ગુસ્તાખે રસૂલ છે તેમની પાછળ નમાઝ થશે નહીં, જેથી હરમ શરીફમાં રહીને એક નમાઝ તેમની પાછળ પઢી તો નમાઝ થશે નહીં જેથી એક લાખ નમાઝ છોડવાનો ગુનોહ તેમજ વહાબી ઈમામને મુસલમાન સમજીને જો પઢશે તો હજ્જના સવાબને બદલે કુફ્રમાં સપડાશે ! એ પ્રમાણે મદીનામાં વહાબી પાછળ નમાઝ ન પઢે. સુન્ની ઈમામનો બંદોબસ્ત થઈ શકે તો ઠીક, નહીં તો એકલા જ પઢવી. મિનામાં કે અરફાતમાં દરેક જગાએ તમારી સાથે સુન્ની ઈમામ હોય તો ઠીક નહીં તો એકલા પઢો. કેટલાક વહાબી દેવબંદીઓના સાથે ગ્રૃપમાં આવેલા હોવાથી, વહાબી સગાનો સંગાથ (કે જે હરામ છે) હોવાથી દેવબંદી ઈમામ પાછળ નમાઝ પઢી લે છે, તો તેની પણ નમાઝ થશે નહીં. જુમ્આના દહાડે ઝોહર પઢે પણ વહાબી પાછળ નમાઝ કદી ન પઢે. *–તંત્રી :*